Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણની ગૌ

Library
Kangri

નારાયણ દ. ભગત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

j Foundation C
Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *
पुस्तक की संख्या.................. १५ग
8
पुस्तकालय-पञ्जिका-संख्या.......... 15032
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी
पुस्तकालय को भेंट
देव शर्मा
६-६-२४

CHECKED 1973
Initial

२५ ग...

४

Gurukula Kangri Library

प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

15832
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
१५३१
8

ओ३म् ॥

સ્વાધ્યાયમંજરી

બ્રાહ્મણની ગૌ

(અથર્વ૦ ૫-૧૮)

મૂળ લેખક:
શ્રી. પં. દેવશર્મા "અભય", વિદ્યાલંકાર,
વેદાધ્યાપક, ગુરૂકુલ, કાંગડી.

અનુવાદક,
નારાયણ દલપતરામ ભગત.

મૂલ્ય—વેદપ્રેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
નારાયણ દલપતરામ ભગત,
ખાડીઆ, ઘોળેશ્વર મહાદેવ;
અમદાવાદ.

પ્રથમ સંસ્કરણ
પ્રત ૧૦૦૦
સંવત ૧૯૯૦
સને ૧૯૩૪

મુદ્રણસ્થાન :
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ રોડ : અમદાવાદ
મુદ્રક :
ગજાનન વિશ્વનાથ પાઠક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદ્ગત શ્રીમન્ત નામદાર મહારાજા સાહેબ

શ્રી ફતેસિંહજી

મહારાજા સાહેબ - છોટાઉદેપુર

અવસાન - તા. ૨૯-૮-૨૩

કુમાર પ્રિન્ટરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-અર્પણ પત્રિકા-

જેઓશ્રી દરેક જાતના પ્રજાહિતકારી ભારે સુધારા
કરવા લાગ્યા હતા, જેઓશ્રી વિદ્યા અને ધર્મના
પ્રેમી હતા, જેઓશ્રી સાધુ-સંત-સજ્જન-સંગ
ના ઘણા અનુરાગી હતા, જેઓશ્રી દયા
દાનમાં અગ્રેસર હતા, જેઓશ્રી સદા
ગુણગ્રહણને માટે ઉત્કંઠિત હતા, એવા
કૈલાસવાસી નિખાલસ, સુશીલ,
સહૃદય, આર્યશાસક, સંસ્થાન
છોટાઉદેપુરના શ્રીમન્ત નામદાર
મહારાજા શ્રીફતેહસિંહજી
મહારાજા બહાદુરનાં
પવિત્ર કર-કમલોમાં
વેદ સંબંધી આ
લઘુ અનુવાદ
સપ્રેમ અર્પિત
છે.

Gurukula Kangri ...ary

નારાયણ દલપતરામ ભગત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭ (પ્રસ્તાવનામાં)	૧૯	service	servive
૧૩૮	૪	કરી	કરી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમન્ત નામદાર મહારાજા સાહેબ
શ્રી નટવરસિંહજી
મહારાજા સાહેબ • છોટાઉદેપુર
તખ્તનશીન • તા. ૨૦-૬-૨૮

કુમાર પ્રિન્ટરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેફ્ટેનન્ટ મહારાજા સાહેબ

શ્રી નહારસિંહજી

મહારાજા સાહેબના નાના બંધુ

કુમાર પ્રિન્ટરી CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદકના બે બોલઃ-

વેદ એ ઇશ્વરીય વાણી છે, એમાં સર્વ પ્રકારની વિદ્યાનાં બીજ છે, એમ પૂર્વેના મહાન આચાર્યોએ કહેલું હોવાથી, તે માટે મને પૂજ્ય બુદ્ધિ પેદા થવાને લીધે, વેદ સંબંધી લખેલાં અનેક પુસ્તકો યથાશકિત ખરીદી વાંચવાનો શોખ હોવાથી, જ્યારે આ પુસ્તક પ્રથમ મારા વાંચવામાં આવ્યું, ત્યારે તેમાં મને ઘણો રસ પડવાથી, મેં એનું અનેકવાર પારાયણ કર્યું અને યથામતિ મનન કર્યું. એ મનનને અંતે એવો વિચાર આવ્યો કે, આમાં દર્શાવેલા ઉત્સાહ-ઉલ્લાસ ભરેલા વિચારો હાલને સમયે સર્વેને ખાસ જાણવા યોગ્ય છે, તેથી તેનો યથામતિ ગુજરાતીમાં અનુવાદ તૈયાર કર્યો. પછીથી છોટા ઉદેપુર સંસ્થાનના શ્રીમન્ત નેક નામદાર **શ્રી નટવરસિંહજી** મહારાજા સાહેબને અને તેઓશ્રીના નાના બંધુ લેફ્ટેનન્ટ મહારાજ **શ્રી નાહારસિંહજી** સાહેબને (જેઓશ્રીના ફોટા અહીં મૂકયા છે) વિનંતી કરી કે, આ અનુવાદ આપ શ્રીમન્તના કૈલાસવાસી પિતાશ્રીના પુણ્ય સ્મરણાર્થે છપાવી, પોતાની રૈયતમાં, અમલદાર વર્ગમાં તથા પરિચિત મિત્રમંડળમાં ભેટ તરીકે વહેંચાય, તો ઘણું સારૂં, કારણ કે પરમ પવિત્ર, સનાતન, પૂજ્ય વેદવિદ્યાના ઉદાર, ઉદાત્ત, સત્ય અટલ થોડાક વિચારો પણ હજારો લોકોમાં પ્રસરે, એમાં મહાન, મહાન પુણ્ય રહેલું છે. આ વાત સાંભળીને, તેઓશ્રીએ ખુશી થઇ આ પુસ્તક છપાવવાની તુરત રજા આપી, તે માટે તેઓશ્રીનો આપણે સર્વે જેટલો ઉપકાર માનીએ, તેટલો ઓછો છે. વળી શ્રી જગતપિતા પરમાત્માને પ્રાર્થના કરીએ કે, તેઓશ્રીને તથા અન્ય લક્ષ્મીના લાડીલાઓને હાલમાં ચાલતી નુકશાનકારક દાન-પ્રથાને દેશવટો દેઇને અને હાલના જમાનાને અનુકૂલ, સમાજમાંથી જડતા, બાયલાપણું, વહેમ, ઢોંગ, પાખંડ, પરાધીનતા આદિ અજ્ઞાનની રાક્ષસ સંતતિને દૂર કરનારી કલ્યાણકારી દાન-પ્રથા સ્વીકારીને, આવાં અન્ય વિદ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધી, તેમાં ખાસ કરીને વેદ સંબંધી, પુસ્તકો છપાવીને તેનો પ્રચાર કરવાની અને તે દ્વારા સાચું, રોકડું, સીધું પુણ્ય કમાવાની અને વળી શ્રી પ્રભુએ આપેલો પૈસો, શ્રી પ્રભુનાં જ બાળકોનાં હિતમાં, શ્રી પ્રભુ પ્રીત્યર્થે વાપરીને, આ તુચ્છ ધનને તથા આ ક્ષણભંગુર જીવનને ધન્ય, સફળ બનાવવાની, સન્મતિ આપજે.

આ પુસ્તકનો વિષય કંઇક નવો હોવાથી, સામાન્ય લોકો કે જેમને તકલેદી પુસ્તક વાંચવાની આદત હશે, તેમને એકદમ રોચક નહીં લાગે, કારણ કે આ કંઇ નોવેલ વાર્તા નથી, પણ આ તો પોતાની જાતને, સમાજને અને દેશને ઉન્નત કરે, એવા સાર્વભૌમ સિદ્ધાન્તો દર્શાવનારૂં પુસ્તક છે, તેથી પાઠક જરા ધીરજ રાખીને એક કરતાં વધારે વાર વાંચવાની અને વિચારવાની તસ્દી લેશે, તો તેથી તેને ઘણો ઘણો લાભ થયા વિના રહેશે નહીં, એ નિશ્ચિત છે. કસરતથી જેમ શરીર દૃઢ નીરોગ બને છે, તેમ વાંચનનો ઉચિત વિચાર કરવાનો શ્રમ લેવાથી જ મન અને બુદ્ધિ કસાય છે, ખીલે છે, તેથી જે વાંચનમાં વિચાર કરવાનો યોગ્ય શ્રમ પડે નહીં, તે વાંચનથી મન અને બુદ્ધિ કંઈ પણ ખીલતી નથી અને ખરો પૂરો સાર પણ સમજાતો નથી, એટલું યાદ રાખવું ઘટે છે.

આ અનુવાદમાં જે કંઇ દોષો જણાય, તે દરગુજર કરવા પાઠકોને વિનંતી છે. મૂળ લેખક મહાશયે આ અનુવાદ કરવાની મને રજા આપી છે અને કેટલીક ઉપયોગી સૂચનાઓ પણ આપી છે, તે માટે તેમનો ઘણો આભારી છું.

શિવરાત્રિ,
તા. ૧૨-૨-૩૪.
ખાડીઆ, ઘોળેશ્વર મહાદેવ,
અમદાવાદ.

નારાયણ દલપતરામ ભગત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મરણ કરવા લાયક–

(1) " You would do the greatest service to the State, if you raise not the roofs of houses but the souls of the citizens, for it is better that high souls should dwell in lowly houses than mean slaves lurk in great houses. "

(2) " You must distinguish not the useful from the useless, but the more useful from the less useful. To feed the poor is a good and noble and useful work, yet to feed the soul is nobler and more useful than to feed their bodies. Any rich man can feed the body but only those who know can feed the soul. "

(3) " A book is a living voice. It is a spirit walking on the face of the earth. It continues to be the living thought of a person separated from us by space and time. What is Plato ? He has long been resolved into dust, but his thoughts and actions still service. "

(4) " Good deeds ring clear through heaven like a bell. "

(5) " What I saved, I lost,
What I spent, I had,
What I gave, I have. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(6) " If men only understood
That heart that sins *must* sorrow,
That the hateful mind to-morrow
Reaps its barren harvest, weeping,
Starving, resting not, nor sleeping,
Tenderness would fill their being;
They would see with Pity's seeing–
If they only understood. "

(7) " Thoughts, like pollens of flowers,
leave one brain and fasten on to another."

(8) " They who refuse to trim their lamps of reason will never perceive the Light of Truth, "

" જગતનાં વ્યાવહારિક દુઃખો ઉપર આપણા વર્તમાન સમયના પરોપકારી પુરૂષોનું બહુ ધ્યાન રહે છે, અને તે રહેવું જ જોઇએ, પણ એનાં પારમાર્થિક દુઃખો એ કરતાં પણ અધિક ત્રાસદાયક છે, એ ભૂલવું જોઈતું નથી. માત્ર સૂક્ષ્મ હોવાથી સ્થૂલ દૃષ્ટિને સહજ પ્રતીત થતાં નથી, પણ તેટલા માટેજ તે વધારે ભયંકર છે. " (પ્રોફે. શ્રી. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, આચાર્ય, હિંદુ યુનિવર્સીટિ, બનારસ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—ભેટ—

(શ્રદ્ધાનંદ સ્મારક નિધિના સદસ્યોની સેવામાં)

પ્રિય મહોદય,

ગયે વરસે આપની સેવામાં અમે—શ્રદ્ધાનંદ ડાયરી—એ પુસ્તકની ભેટ અર્પણ કરી હતી. આ વરસથી અમારો સંકલ્પ છે કે, દરેક વરસ ગુરૂકુલોત્સવના શુભ અવસર પર **स्वाध्यायमंजरी** નામે એક વેદવિષયક સ્વાધ્યાયનું પુસ્તક આપને ભેટ તરીકે આપીએ. તેથી આ વરસની ભેટ આ પુસ્તકના રૂપમાં આ **ब्रह्मगवी** સૂક્ત આપના હાથોમાં હાજર કરીએ છીએ.

આપ એ જાણીને પ્રસન્ન થશો કે, શાહપુરા રાજ્યના મહારાજ કુમાર **श्रीउम्मेदसिंहजीए** વૈદિક સાહિત્ય સંબંધી એક ગ્રંથમાળા પ્રકટ કરવા માટે કેટલાક રૂપિયા દાન તરીકે આપ્યા છે. એ ગ્રંથ-માળામાં **स्वाध्यायमंजरी** પણ દર વરસે પ્રકટ થતી રહેશે. તેથી અમે આ સ્વાધ્યાય મંજરી આ વખતે એમના દ્વારા આપને ભેટ કરીએ છીએ.

આ પુસ્તકની છપાઈ આદિ ઉતાવળને કારણ અમે ઇચ્છા મુજબ ઉત્તમ નથી કરાવી શકયા, એ માટે અમને ખેદ થાય છે.

આમાં જે સ્વાધ્યાયનો વિષય છે, તે તો આપ જરૂર હૃદયથી સ્વીકારશો, એટલે આમાં કહેલો વેદનો સંદેશ જીવનમાં ઉતારશો, તો અમે આ ભેટ સફળ સમજીશું.

આપનો બંધુ,
रामदेव,
મુખ્ય અધિષ્ઠાતા,
ગુરૂકુળ—કાંગડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[મૂળ હિન્દી લેખકની]

— પ્રસ્તાવના —

આપ સ્વાધ્યાય પ્રેમી સજ્જનોની સેવામાં આ વરસે અથર્વવેદનું આ બ્રહ્મ-ગવી સૂક્ત (પાંચમા કાંડનું અઢારમું સૂક્ત) સ્વાધ્યાયને માટે અર્પણ કરેલું છે. આ સૂક્તમાં એક મહાબલી પ્રજાદ્રોહી રાજાની સામે માથું ઊંચકનાર બિચારા બ્રાહ્મણની ગરીબ વાણી દેખાડી છે. એમાં અંતે આ બ્રાહ્મણ-વાણીનો જ અનાયાસે (થોડે શ્રમે) વિજય થાય છે. ઇશ્વર-શાસિત આ સંસારમાં આ ઘટના કંઇ નવી નથી. એવું સદાએ બનેજ છે. આ સનાતન સત્ય છે, પણ આપણે આ દેખતાં છતાં પણ દેખતા નથી.

આ સત્યનું દર્શન આપણને કોણ કરાવે ? જે ભારત વર્ષમાં વૈદિક સભ્યતા દીર્ઘકાળ સુધી એક વેળા પૂર્ણ યૌવનમાં વિકસિત રહી હતી, તે ભારત વર્ષની રજકણમાંથી ઉત્પન્ન થયેલા આપણ સંતાનોમાં, જો વેદનું આ સુંદર ઓજસ્વી સૂક્ત-ગીત એ સત્ય સૂઝાડવામાં સહાયક થાય, તો એમાં કંઇ આશ્ચર્ય નથી.

આ વૈદિક સૂક્ત તો રાજા પ્રજા બેઉને માટે છે. આ સૂક્તનો સાર્વભૌમ, સાર્વદેશિક ઉપદેશ જો બેઉ (રાજા અને પ્રજા) સાંભળે, ગ્રહણ કરે, તો નિઃસંદેહ બેઉનું એથી કલ્યાણ થાય. પણ આપણ પ્રજાજનોએ તો આ સૂક્તમાંથી પોતાને માટે ઉપદેશ લેવો જ જોઇએ. એમાં સંદેહ નથી કે, જો આપણે આ સૂક્તમાં બતાવેલા સત્યનો સ્વીકાર કરી લેઇએ, તો મરવા પડેલા, દબાયલા રહેલા, છેક હતાશ થયેલા આપણ ભારતવાસીઓમાં નવા પ્રાણનો સંચાર થાય, નવું ચૈતન્ય આવે. આ સૂક્તમાં આપણે માટે આશાનો, આત્મ-વિશ્વાસનો સંદેશ છે. જો આપણે સાંભળી લેઇએ, તો અન્યા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યની ભયંકર ચતુરંગિણી ફોજથી ચારે તરફ ઘેરાયલા પણ બેશક આપણે હોઇએ, તો પણ–

अद्य जीवानि, मा श्वः—

"અન્યાય આજે બેશક જીવિત છે, પણ આવતી કાલે નહીં," આ અટળ શ્રધાને કારણ આવી હીન દીન દશામાં પણ નિર્ભય અને નચિન્ત થઇ પોતાને માર્ગે આગળ ને આગળ ચાલતા રહીએ. આ સૂક્તના આઠમા મંત્રમાં જે દિવ્ય અસ્ત્રનું વર્ણન છે અને જેને નવમા મંત્રમાં અમોધ (રામ બાણ) અસ્ત્ર કહેલું છે. તે અસ્ત્રને જો આપણે ખરેખર પૂરા દિલથી ગ્રહણ કરી લેઇએ, તો દુનિયામાં આપણને કોણ નીચા રાખી શકે એમ છે? આપણે ધનુષ બાણ (તોપ બંદુક) ને જ હથિયાર સમજીએ છીએ, અને એનો અભાવ જોઇ દુઃખી થઇએ છીએ, પણ ઉપર કહેલ અમોધ અને દિવ્ય અસ્ત્રનો ઉપયોગ કરવા માંડીએ, તો આપણને માલમ પડે કે, આપણું અસલી બળ, આપણું અસલી શસ્ત્ર સદા આપણી પાસે છે. એની આગળ તોપ બંદુક બિલકુલ નબળાં છે, તે નકામાં પડી રહે છે, તે કંઇ વિસાતમાં નથી.

ઇશ્વર કરે કે આ સૂક્તનો સ્વાધ્યાય આપણ અસહાયોમાં આપણા અસલી બળનો અનુભવ કરાવે, આપણા હાથોમાં આપણું સાચું અમોધ (રામબાણ, અચૂક) અસ્ત્ર પકડાવે.

–"अभय"–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણની ગૌ

(અથર્વ. ૫-૧૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukula Library Kangri

પ્રારંભિક વિવેચના

પાઠક આ બ્રહ્મગવી સૂક્તનો અર્થ વાંચવો શરૂ કરે, તે અગાઉ જરૂરનું છે કે, તેઓ પોતાના હૃદયમાં થોડી વાતો સારી પેઠે સમજી લે. શબ્દોના અર્થ, ભાવ અને અભિપ્રાય વખતો વખત બદલાતા રહે છે. વેદ કાળના એ અતિ પ્રાચીન યુગમાં એક શબ્દનો શો અર્થ હતો, એની સાથે શો શો ભાવ જોડાયલો હતો, તે બધું આજ આપણે બરાબર પૂરી રીતે સમજી શકીએ નહીં. જ્યારે કદી વૈદિક ભાષા બોલવામાં હતી, ત્યારે તે સમયના લોકો એનો પૂરો ભાવ એકદમ ગ્રહણ કરી શકતા હતા, પણ આજ સેંકડો લાખો વર્ષો વીતી ગયા બાદ એક પોતાની નવી ભાષા (લૌકિક સંસ્કૃત પણ વૈદિક સંસ્કૃતને મુકાબલે એક બિલકુલ નવી ભાષા છે) બોલનાર આપણે વૈદિક શબ્દોનો અર્થ સમજવાને માટે ખાસ પ્રયત્ન કરવાની જરૂર છે. વૈદિક ભાષાથી લૌકિક સંસ્કૃત ભાષા એટલી બધી ભિન્ન છે કે, વૈદિક શબ્દોના અર્થ લૌકિક સંસ્કૃતમાં બહુ બદલાઇ ગયા છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું જ નહીં પણ બિલકુલ ઉલટા થઈ ગયા છે. વ્રાત્ય, અસુર આદિ ઘણા એક શબ્દ ઉદાહરણ તરીકે રજુ કરી શકાય એમ છે. તાત્પર્ય એમ છે કે, આપણે આ બ્રહ્મગવી સૂક્તનો ઠીક ઠીક આશય સમજવાને માટે પણ આ સૂક્તના કેટલાક મુખ્ય શબ્દોનો (જે શબ્દ અહીં વારંવાર આવે છે) અર્થ સમજવા સારૂ થોડો વિશેષ પ્રયત્ન કરવાની જરૂર છે. એ મુખ્ય શબ્દ ચાર છે-(૧) ગૌ, (૨) अद् ધાતુનાં રૂપ (જેવાં કે अत्तवे, अद्यात्, अन्न વગેરે), (૩) બ્રાહ્મણ, (૪) વૈતહવ્ય.

બીજી વાતે આ સૂક્ત બહુ સ્પષ્ટ છે. એની વાક્યરચના ઘણી સરલ છે. જો આપણે આ ચાર શબ્દોને એમને એમ રહેવા દેઈએ, એમનું સ્પષ્ટીકરણ ન કરીએ, તો આ સૂક્તનો સારાંશ નીચે પ્રમાણે બોલી શકાય—

"હે રાજા, તું બ્રાહ્મણની ગૌનું અદન ન કર, નાશ ન કર. બ્રાહ્મણની હિંસા ન કર. એનું પરિણામ બહુ બુરૂં આવે છે. મારી જતી ब्राह्मणની ગૌ રાજ્યને મારી નાંખે છે. વૈતહવ્ય સેંકડો હજારો હતા, પણ ગૌનું અદન કરવાને કારણ તેઓ બધા માર્યા ગયા...."

આ સારાંશ વાંચતાં જણાશે કે, જો કેવળ આ ચાર શબ્દોના અર્થ આપણને સ્પષ્ટ જ થઈ જાય, તો પછી આ સૂક્તને સ્પષ્ટ થઈ જવામાં કંઇ વાર લાગશે નહીં. તેથી આ સૂક્તની વિવેચનાને માટે આરંભમાં જે ચાર વાતો જાણી લેવી આવશ્યક છે, તે આ છે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) આ સૂક્તમાં બ્રાહ્મણની ગૌ શું છે ?

(૨) अदन કરવાનો શો અભિપ્રાય છે ?

(૩) ब्राह्मण કોણ છે ?

(૪) वैतहव्य કોણ છે ?

જો કે गौ અને ब्राह्मण એ બે શબ્દોના અર્થ સંસ્કૃત ભાષામાં અને હિંદી ભાષામાં પણ અતિ પ્રસિદ્ધ છે, તોપણ એમના એ પ્રસિદ્ધ અને સુપરિચિત અર્થ વેદમાં સર્વત્ર એમના પ્રસિદ્ધ અર્થ નથી. તેમજ આ સૂક્તમાં પણ એમના વાસ્તવિક અર્થ નથી. એવીજ વાત अद् ધાતુના વિષયમાં છે. ઉપર કહી જ ગયા છીએ કે, વેદના અતિપ્રાચીન શબ્દોના અર્થ, ભાવ અને અભિપ્રાય આજ બહુ બહુ બદલી ગયેલા છે. તેથી જ્યાં આપણને અપરિચિત શબ્દ वैतहव्यનો અર્થ આપણે જાણવો પડશે, ત્યાં गौ, ब्राह्मण અને अदन, એ ત્રણે શબ્દનો આશય પણ આપણે પ્રયત્નપૂર્વક ખોળી કાઢી આપણા હૃદયમાં ઉતારવો પડશે. હવે એ ચારે વાતો પર ક્રમવાર વિચાર કરવામાં આવે છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) બ્રાહ્મણની ગૌ શું છે ?

આ મથાળા હેઠળ કેવલ ગૌનો જ વિચાર આપણે કરવાનો છે. ગૌનો સંબંધવાચક જે બ્રાહ્મણ શબ્દ છે, તેનો વિચાર ત્રીજા નંબરમાં કરવામાં આવશે.

આજકાલની પોતાની ભાષા બોલનાર આપણને તો ગૌ એ શબ્દ સાંભળીને ગાય તરીકે કહેવાતા, ચાર પગવાળા, પ્રસિદ્ધ પળાતા પશુ સિવાય બીજો કશો વિચાર નહીં આવે. આપણા મનમાં આ શબ્દની સાથે એ જ અર્થનો સંબંધ જોડાયલો છે. બોલતાં બોલતાં એ સંબંધ દૃઢ થઈ ગયો છે. તેથી જોકે વેદમાં તો આ અર્થની સાથે સાથે ગૌ શબ્દના એનાથી ભિન્ન પણ ઘણા અથ છે, તો પણ આપણામાંનો લૌકિક સંસ્કૃત ભણેલો હરેક જણ પણ, જ્યારે આ સૂક્તમાં ગૌ શબ્દ સાંભળશે, ત્યારે તે પોતાના એ દૃઢ સંસ્કારને કારણ ગાય પશુ એ અર્થ સિવાય બીજા કોઈ અર્થની કલ્પના ગૌ શબ્દથી નહીં કરી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપણે એ જાણવું જોઇએ કે, વેદના શબ્દકોષ નિઘંટુનો પ્રારંભ જ ગૌ, ગ્મા, જ્મા, ક્ષ્મા આવી રીતે ગૌ શબ્દથી થાય છે. અહીં એનો અર્થ પૃથિવી છે, પણ ગાય પશુ નથી, એટલે વેદમાં ગૌનો સર્વથી મુખ્ય અર્થ પૃથિવી જ કહી શકાય. વૈદિક સાહિત્યમાં ગૌ શબ્દના પ્રસિદ્ધ અર્થ ક્રમવાર "પૃથિવી, દ્યુલોક, વાણી અને ગાય" થાય છે, તે પછી લાક્ષણિક અર્થ-ધન, કિરણ, પ્રકાશ, ઈન્દ્રિય, જળ, સ્તોતા અને ગાય સાથે સંબંધ રાખનાર દૂધ, દહીં, ઘી, ચામડું, વગેરે છે. વેદમાં ગૌ શબ્દના આટલા અર્થ થાય છે, એટલા માટે આ સૂક્તનો અર્થ ઠીક જાણવા સારૂ આપણે જે પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ, તે એ છે કે, આપણે આપણા મનમાંથી એ સંસ્કાર દૂર કરવો કે, ગૌ શબ્દનો અર્થ કેવળ ગાય થાય છે. જો આપણે આટલું પણ ન કરીએ, તો આપણે વેદને મોટો અન્યાય કરીશું. આ એટલા માટે કહેવાની જરૂર પડી છે કે, ગ્રીફિથ આદિ પાશ્ચાત્ય ટીકાકારોએ આ સૂક્તમાં ગૌ શબ્દનો અર્થ "ગાય" જ કર્યો છે. આનું કારણ બીજું કંઇ નથી, પણ પહેલેથી પડેલો સંસ્કાર જ છે. જોકે ગાય એવો અર્થ કરવાથી આ સૂક્તનો અર્થ કોઈ પણ રીતે બંધબેસતો નથી, તો પણ એવો જ અર્થ કરવાથી પૂર્વ સંસ્કારની પ્રબલતા સિદ્ધ થાય છે. એટલા માટે વેદપ્રેમી પાઠકોને નિવેદન છે કે, તેઓ પોતાના મનમાં પ્રથમ ઠસાવે કે, વેદમાં ગૌ શબ્દના અર્થ પૃથિવી, દ્યૌ, વાણી આદિ ઘણા (કમમાં કમ ૧૧ કે ૧૨) અર્થ છે અને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા અર્થોમાં ગો શબ્દ વેદ મંત્રોમાં વારંવાર વપરાયેલો છે. જેઓએ વેદને જાતે થોડોએ સ્વાધ્યાય કર્યો હશે, તેઓ તો આ વાત જાણી ચૂકયા હશે કે, ગો શબ્દ વેદમાં આટલા બધા (૧૧, ૧૨) અર્થોમાં ઠેર ઠેર વપરાયો છે, પણ સાધારણ પાઠક પણ આ ખૂબ સારી રીતે સમજી લે કે, ગો શબ્દના આ ૧૧, ૧૨ અર્થોમાં પણ ગાય એ અર્થ ગો શબ્દનો મુખ્ય અર્થ નથી.

તો હવે આપણે એ વિચાર કરવાનો છે કે, પૃથિવી આદિ અનેક અર્થોમાંથી આ સૂક્તમાં ગો શબ્દનો કયો અર્થ છે. જો આપણે જરા ધ્યાનથી આ સૂક્તનું અધ્યયન કરીશું, તો જણાશે કે, અહીં ગો શબ્દનો અભિપ્રાય " વાણી " છે, પૃથિવી, દ્યૌ, ગાય નહીં. આ સૂક્તની વ્યાખ્યા જયારે પાઠક વાંચશે, ત્યારે એવા સંકેત તો ઠેર ઠેર એના જોવામાં આવશે, અને તેથી એના જાણવામાં આવશે કે, આ સૂક્તમાં ગૌ શબ્દનો અર્થ ગાય છે જ નહીં. અહીં તો ગૌનો અર્થ " વાણી " જ છે, એ વાતની સાબિતીને માટે, આ સૂક્તમાં વિદ્યમાન એક સાક્ષી આપવી અમે બસ સમજીએ છીએ. આ અત્યંત સ્પષ્ટ અંતઃ સાક્ષી જાણી લેવાથી આપણે કોઈ બીજા પ્રમાણની જરૂર નહીં રહે. આ સૂક્તનો આઠમો મંત્ર વાંચો, તે આ રહ્યો:—

जिह्वा ज्या भवति कुल्मलं वाङ्
नाडिका दन्ताः तपसाभिदग्धाः ।
तेभिर् ब्रह्मा विध्यति देवपीयून्
हृद्बलर् धनुभिर् देवजूतैः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મંત્રને આ સૂક્તમાં મુખ્ય સમજવો. આ મંત્રમાં રૂપક અલંકારદ્વારા એમ કહેલું છે કે, સતાવનાર રાજાને બ્રાહ્મણ પોતાના ગૌરૂપી ધનુષથી કેવી રીતે નાશ કરે છે, પણ ધનુષની સાથે આ જે ગૌની ઉપમા છે, તેમાં ધનુષનાં અંગોની વાણીનાં અંગોની સાથે તુલના કરી છે, પણ ગાય પશુનાં અંગો સાથે તુલના કરી નથી. એ રૂપક અલંકાર આમ છેઃ—

ધનુષ	વાણી
જ્યા (દોરી)	જીભ
બાણદંડ	ઉચ્ચારિત શબ્દ
બાણાગ્ર	નાડીઓ
(અગ્નિ)	તપ
ધનુર્દંડ	હૃદયબળ.

જો અહીં ગૌનો અર્થ ગાય હોત, તો ધનુષની ઉપમા જીભ, ઉચ્ચારિત શબ્દ આદિ વાણીના અવયવો સાથે નહીં દેતાં, શીંગડું, પૂંછડું આદિ ગાયના અવયવો સાથે આપી હોત. (પાઠકે આ વાત ખૂબ ધ્યાનમાં લેવી). આ સૂર્યના પ્રકાશ જેટલું સ્પષ્ટ છે, છતાં અહીં ગૌશબ્દનો અર્થ ગાય કરી નાંખનાર ટીકાકારોનું ધ્યાન આ પર કેમ ન ગયું, એ આશ્ચર્ય છે. હા, જો એમ માનવામાં આવે કે, વેદની વાતો અપ્રાસંગિક, અસંબદ્ધ, અયુક્તિયુક્ત હોય છે, તો તો એમનું આ આટલી સ્પષ્ટ વાત પર ધ્યાન ન જાય, એ સમજી શકાય. વાત એમ છે કે, પાશ્ચાત્ય વિદ્વાન તથા એમનું અનુકરણ કરનાર કેટલાક ભારતીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્વાન એવી શ્રદ્ધા તો નથી રાખતા કે, વેદના અર્થ કંઈ ગૌરવયુક્ત કે કમમાં કમ યુક્તિયુક્ત છે, તેથી કરીને વેદનો અર્થ કરવા માટે કંઇ સાવધાની રાખવાનો યત્ન કરતા નથી. તેથી સ્વભાવતઃ પોતાના પૂર્વ સંસ્કારો (લૌકિક સંસ્કૃતના સંસ્કારો) ને વશ થઈ તેઓ કંઇનો કંઇ (ઉંધો) અર્થ કરી નાખે છે.

આ સૂક્તમાં ગો શબ્દનો અભિપ્રાય તો નક્કી વાણી જ છે, પણ એની મતલબ એમ નથી કે, ગો શબ્દના અન્ય અર્થોનો આની સાથે કંઈ સંબંધ નથી. અસલમાં ગોશબ્દના જેટલા અર્થ છે, એ સર્વનો આપસમાં સંબંધ છે. આ સંબંધ અમે આગળ દેખાડશું. અહીં એટલું કહેવાનું છે કે, જો કે અહીં ગો શબ્દ વાણીને માટે વાપરેલો છે, તો પણ આ સૂક્તમાં આ અર્થ માટે વાણીના અન્ય વદિક પર્યાયવાચી શબ્દ (સરસ્વતી, ગિર આદિ) અથવા વાણી શબ્દ જ સ્પષ્ટ નહીં વાપરતાં, જે વાણીને માટે ગો શબ્દ વાપર્યો છે, તે એક વિશેષ પ્રયોજનને માટે છે. આ સૂક્તમાં જે ગો શબ્દનો અભિપ્રાય છે, તે જો આપણે આજકાલની આપણી ભાષામાં ઠીક ઠીક પ્રકટ કરવા ચાહીએ, તો "વાણીરૂપ ગાય" એમ વધારેમાં વધારે સારા રૂપમાં આપણે બોલી શકીએ. એ ભાવ આ સૂક્તમાં વાણી શબ્દ રાખી કદી પણ પ્રકટ કરી શકાતો ન હતો. ગો શબ્દમાં જ એ ભાવ ભરેલો છે. ગો શબ્દની સાથે એક નિર્દોષપણું, ભોળાપણું, રક્ષણીયતાનો ભાવ જોડાયલો છે. બીજી રીતે આપણે અહીં ગો શબ્દનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવ ગુજરાતી ભાષામાં "બિચારી વાણી" આમ બોલી શકીએ છીએ. જ્યારે આપણે કહીએ છીએ કે,–"બિચારો ગરીબ બ્રાહ્મણ માર્યો ગયો"–ત્યારે આ વાક્યમાં બિચારા શબ્દનો જે ભાવ છે, તે વૈદિક ભાષામાં ગો શબ્દની સાથે જોડાયલો છે. તાત્પર્ય એ છે કે, વૈદિક સાહિત્યમાં ગૌ તે વસ્તુ છે, કે જે સ્વયં નિર્દોષ છે, બીજાનું સદા ભલું કરનારી છે, બીજાદ્વારા સદા રક્ષણીય છે. તેથી ગૌનો વૈદિક પર્યાય શબ્દ अघ्न्या (કદી હનન કરવા લાયક નહીં) અને अदिति આદિ છે. વળી નિઘંટુમાં ગાયના નામ ગણાવતી વખતે આરંભમાં જ अघ्न्या શબ્દ લખેલો છે. તે હમેશાં પાલનીય છે, તેવી જ રીતે બ્રાહ્મણની વાણી પણ હમેશાં પાલનીય છે, આવો ભાવ બતાવવાને અહીં વાણી શબ્દ નહીં રાખતાં ગૌશબ્દ રાખ્યો છે. "હે રાજા, તું બ્રાહ્મણની વાણીનો નાશ કર મા", એને બદલે, "તું બ્રાહ્મણની ગૌનો નાશ કર મા" – આ વાક્યમાં બહુ બળ આવે છે. એવી મતલબ છે કે, બ્રાહ્મણની વાણી જે સદા બિચારી પાલનીય છે, ઉપકાર કરનારી છે, એનો નાશ કરવો બહુ બહુ બુરો છે. એથી ગોહત્યાનું પાપ લાગે છે.

ગૌ શબ્દ વૈદિક ભાષામાં જે જે વસ્તુઓનું નામ છે; એ સર્વમાં આ એક ભાવ સમાનરૂપે રહેલો છે, કે તે સર્વે ગૌ જો પાળવા પોસવામાં આવે, તો બહુ ભારે ઉપકાર કરે છે. જો એ બિચારીઓને અસહાય સમજી નષ્ટ કરવામાં આવે, તો તે નષ્ટ થઇ જાય છે (અથવા નષ્ટ થતી દેખાય છે), પણ આપણે પણ એમના અભાવમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
Gurukul Library Kangri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નષ્ટ થઈએ છીએ. ભૂમિ, વાણી, કિરણ, ગાય આદિ સર્વ ગૌ આ પ્રકારની છે. ભૂમિ ગૌની જો આપણે ખેતીદ્વારા સેવા કરીએ, તો તે આપણને એક દાણાના બદલામાં સેંકડો દાણા પેદા કરી આપે છે. ગાય ગૌને પાળીએ, પોસીએ, તો તે ઘાસ ખાઈને આપણને અમૃતસમાન દૂધ આપે છે. સૂર્ય કિરણ ગૌને જો આપણે મારીએ નહીં, રોકીએ નહીં, છૂટથી આવવા દેઇએ, તો તે આપણને અમૂલ્ય જીવનશક્તિ દેનારી વસ્તુ છે. એવી જ રીતે વાણી ગૌ પણ–ખાસ કરીને બ્રાહ્મણની વાણી ગૌ–રક્ષવામાં, પાળવામાં આવે, તો તે ઘણો મોટો ઉપકાર કરે છે. આવો ભાવ પ્રકટ કરવાને માટે આ સૂક્તમાં, વાણીવાચક બીજા ઘણા વૈદિક શબ્દો હોવા છતાં પણ, અહીં ગૌ શબ્દ જ રાખેલો છે. એ જ ભાવ જણાવવા માટે અમે પણ આ પુસ્તકમાં ગૌ પદનો અર્થ ઘણી વાર કેવળ વાણી ન લખતાં વાણીગૌ અથવા વાણીરૂપી ગૌ, એમ કરીશું, એવોજ વ્યવહાર કરીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) અદન કરવાનો શો અભિપ્રાય છે ?

આ ક્રમમાં એ પણ વિચાર કરી લેવાનો છે કે, આ સૂક્તમાં બ્રાહ્મણની વાણીને રોકવી, બંધ કરવી, એવા અર્થમાં हन् ધાતુ અને अद् ધાતુનો પ્રયોગ આવ્યો છે. જો એનો શબ્દાર્થ કરીએ, તો વાણીને "મારવી" અને વાણીને "ખાઈ જવી" એવો અર્થ બને છે. આપણા કાનોને એ અનુચિત, અસ્વાભાવિક લાગે છે, પણ આ દોષ એક ભાષામાંથી બીજી ભાષામાં શબ્દેશબ્દનો અનુવાદ કરવાનો છે. જો આપણે વેદની રૂઢિ સમજીએ, તો **ब्राह्मणस्य गां जग्ध्वा** આ વૈદિક વાકયમાં આપણુને બહુ સૌન્દર્ય લાગે, જોકે એનો ગુજરાતી શબ્દાનુવાદ "બ્રાહ્મણની વાણીને ખાઈ જઇને" આવો અટપટા જેવો થશે. પાશ્ચાત્ય ટીકાકારો તો મજેથી એનો અર્થ–બ્રાહ્મણની ગાયને ખાઈ જઈને–એવો કરી નાંખશે અને એવું પણ પરિણામ કાઢશે કે, વેદના જમાનામાં લોકો ગાય ખાતા હતા. પણ જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે પોતાના સંસ્કારવશ વેદનો અર્થ ન કરીએ, પરંતુ વેદનું વારંવાર મનન કરી વૈદિક ભાવોના સંસ્કારો પોતામાં દૃઢ કરીને (પોતાના પૂર્વ સંસ્કારોને દૂર કરીને) વેદ વિચારીએ, તો એવો અર્થ ન થાય, તેમ જ આપણા જાણવામાં આવે કે, વેદના કયા અર્થોમાં કેવી વાક્ય-રચના હોય છે. ગોશબ્દ દેખતાં વાર જ એનો અર્થ "ગાય"જ કરી નાંખવો અને **जग्ध्वा** નો અર્થ સીધો "ખાઇ જવું, ચાવી જવું" કરી નાંખવો, એ ભારે અત્યાચાર, અનર્થ કરવો છે.

જો કોઈ અંગ્રેજી Sweet girl એનો અર્થ "મીઠી છોડી" એવો કરી નાંખે, તો તે અણસમજુ ગણાશે. ગુરૂકુલમાં અમારા એક સિંધી ઉપાધ્યાયે (જેઓ શરૂ-આતમાં હિંદી જાણતા ન હતા) પહેલે જ દિવસે "સ્કૉટની માર્મિયન" નામની કવિતા ભણાવતી વખતે ખરેખર Sweet girl નો અર્થ "મીઠી છોડી" એવો જ કહી સંભળાવ્યો હતો. આ અર્થ સાંભળીને જો કોઇ અગાડી એવું અનુમાન પણ ચલાવે કે, સ્કોટના જમાનામાં ઇંગ્લાંડના લોક છોડીઓને ખાતા હતા, કારણ કે ખાધા વિના છોડીનો સ્વાદ કેવી રીતે જણાય કે, તે મીઠી છે કે કડવી, તો તે કેટલો અનર્થ થાય ? Young India માં જો M. D. એ ક્યાંક આવું વાક્ય લખ્યું હોય કે, Gandhiji was drinking in scenery of the Himalayas at Almora, અને અમારા જેવો કોઇ નવો અંગ્રેજીનો શોખવાળો એ વાક્યનો સીધો એવો અર્થ કરી દે કે, "ગાંધીજી આલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોડામાં હિમાલયના દૃશ્યમાં પી રહ્યા હતા "–તો એ અંગ્રેજી વાક્યની કેવી દુર્દશા થાય ? વળી જો કોઇ જરાક અધિક અંગ્રેજી જાણનાર (જે એમ જાણે છે કે, He drinks નો અર્થ–તે શરાબ પીએ છે–એવો છે) એ વાક્યનો અર્થ શુદ્ધ કરીને વધારે સારો અર્થ એમ બતાવે કે, આલમોડામાં ગાંધીજી હિમાલયના દૃશ્યમાં શરાબ પી રહ્યા હતા, તો તો અનર્થની હદ આવી જાય. એવો અનર્થ કરવો એ પાપ છે. પણ વેદનો એવી જ રીતે "ગાય ખાવી" એવો અર્થ કરવો,એ એથી પણ અધિક પાપ કરવું છે.

મૂળ વાત એમ છે કે, છોકરીને કેવળ "સારા સ્વભાવવાળી, મનને પ્રસન્ન કરનારી" એમ કહેવાની અપેક્ષા "મધુર' કહેવી વધારે કાવ્યમય અને સુંદર છે. "ગાંધીજી હિમાલયનું દૃશ્ય તન્મય થઇ જોઈ રહ્યા હતા, એનો આનંદ લેઈ રહ્યા હતા", એમ કહેવાની અપેક્ષા "તેઓ દૃશ્યનું પાન કરી રહ્યા હતા" એમ કહેવું ઘણું સુંદર છે. એવી જ રીતે "રાજા બ્રાહ્મણની વાણીને રોકે છે, બોલવા નથી દેતો" એમ કહેવાની અપેક્ષા "વાણીને ખાઈ જાય છે" એમ કહેવામાં એક જાતનું બહુ સૌન્દર્ય રહેલું છે. ખાઇ જવામાં જે ભાવ આવે છે, તે ભાવ રોકવામાં નથી આવતો. ખાઈ જવામાં એવો ભાવ છે કે, તે સહેલાઈથી, મજેથી, એનો નાશ કરી નાંખે છે, આનંદ લેતો લેતો એને ખતમ કરી નાંખે છે. આવો ભાવ લાવવા માટે અદ્ ધાતુનો પ્રયોગ છે. આપણે દૂર શા માટે જવું, આજ સૂક્તમાં આવે છે કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(१) यो ब्राह्मणं अन्नमेव मन्यते ॥ ४ ॥

(२) यो मत्वः ब्रह्मणां अन्नं
स्वादु अद्मि इति मन्यते ॥ ७ ॥

આનો ક્રમવાર શબ્દાર્થ આમ છે-(૧) જે, બ્રાહ્મણને અન્ન સમજે છે, (૨) જે ઘમંડી રાજા બ્રાહ્મણને સ્વાદુ અન્ન ખાઉં છું એમ સમજે છે. પાશ્ચાત્ય લોક પણ એટલું તો માને છે કે, અહીં બ્રાહ્મણને ખાઇ જવાની, મોંમાં ચાવી ગળે ઉતારવાની વાત નથી લખી. ગાયને ન ખાવાની વાતમાં એમને બેશક ભારે સંદેહ છે, પણ બ્રાહ્મણને ખાઇ જવાની અહીં મતલબ નથી, એ તો એમને પણ અસંદિગ્ધ છે. તો પછી આ વાકયમાં અન્નનો શો અર્થ છે? અન્ન તો ખાઇ જવાની ચીજને જ કહે છે. અહીં અન્નનો અર્થ આલંકારિક છે, એટલે બ્રાહ્મણને ખૂબ સતાવવો, પજવવો, એવો છે, બ્રાહ્મણ ઘણી સહેલાઇથી, મજા લેતાં લેતાં સતાવી કે મારી શકાય છે, એવો અભિપ્રાય છે, તો આ સૂક્તમાં (આ મંત્રોની આસપાસના મંત્રમાં જ) ગૌની સાથે પણ એવો અર્થ, અભિપ્રાય, કેમ નહીં લેવો? કેટલી સાફ વાત છે કે, જે અર્થમાં બ્રાહ્મણની સાથે આ બેઉ મંત્રોમાં **अद्** ધાતુનો પ્રયોગ છે, તે જ અર્થમાં **अद्** ધાતુનો પ્રયોગ ગૌની સાથે પણ બાકીના મંત્રોમાં છે. બ્રાહ્મણની સાથે **अदन**નો અર્થ જો સતાવવું અને નાશ કરવો, એવો છે (ત્યાં તો ગ્રીફિથ સાહેબે **हन्ति**નો અર્થ પણ Smites કર્યો છે, પણ Kills કર્યો નથી), તો પછી વાણીની સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નાશ કરવો, એવો અર્થ કેમ નહીં લેવો અને ત્યાં ખાઈ જવું અર્થ શા માટે લેવો?

તેથી અદનનો અભિપ્રાય એમ છે કે, રાજા જેવી રીતે અન્ય ઘણી એક ચીજોનો–બદીઓનો–પોતાની મોટી શક્તિ દ્વારા સહેલાઈથી નાશ કરી નાંખે છે, તેવી જ રીતે તે બિચારા બ્રાહ્મણની નિર્દોષ વાણી (ગૌ)નો પણ નાશ કરે છે, તેને બંધ કરે છે, એને તુચ્છ, મજેથી ખાવાની ચીજ સમજી લે છે. આ સૂક્ત જ્યારે પાઠક વાંચશે, ત્યારે આ ભાવ એક એક મંત્રમાં તેના જોવામાં આવશે.

વેદનો अद् ધાતુ જવા દો. હિંદી ભાષાનો "ખાવું" શબ્દ આલંકારિક અર્થોમાં કેવો વપરાયલો છે, તેનાં ઘણાં એક ઉદાહરણ આપી શકાય એમ છે. પંડિત સાતવલેકરજીએ પોતાના અથર્વ વેદના સુબોધ ભાષ્યમાં આ સ્થળે એક ઘણું સરસ ઉદાહરણ આપ્યું છે કે, જ્યારે આપણે કહીએ છીએ કે, ફલાણો સરકારી નોકર પૈસા ખાય છે, ત્યારે એનો અર્થ એમ નથી કે, તે અન્નની પેઠે રૂપિયા આના ખાય છે અથવા જ્યારે આપણે કહીએ છીએ કે, અનિયંત્રિત રાજા પ્રજાને ખાય છે, ત્યારે એની મતલબ એમ નથી કે, પ્રજાના લોકોને ચાવી પેટમાં ઉતારે છે. તેમ જ આ સૂક્તમાં अद् ધાતુનો પ્રયોગ છે. જો અહીં अद्‌નો પ્રયોગ નહીં કરતાં "સહેલાઇથી નાશ કરે છે", "મજા લેતો રોકી દે છે" એમ કહ્યું હોત, તો જે ભાવ ખાઇ જવામાં આવે છે, તે ભાવ તેમાં ન આવત. તેવી રીતે હિંદીમાં જ્યારે આપણે બોલીએ છીએ કે, તે લાંચ ખાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તે બાપદાદાની પુંજી હડપ કરી ગયો, આજે મને મચ્છરો ખાઇ ગયા, એણે પોતાની સંપત્તિ એવી રીતે જ સ્વાહા કરી નાંખી, ત્યારે જો આ વાક્યોમાં "ખાવું, હડપ કરવું, સ્વાહા કરવું" ઈત્યાદિ પદોનો શબ્દાર્થ જ લેઈએ તો વાક્યોનું બધું સૌન્દર્ય માર્યું જાય, એની મતલબ તો કંઈ નીકળે જ નહીં. તેમજ આ સૂક્તમાં આનંદથી સહેલાઇથી નાશ કરવો, એને બદલે અદનઃ કરવું (ખાવું) એ પ્રયોગમાં બહુ સૌન્દર્ય રહેલું છે અને સૌન્દર્યપૂર્વક ભાવ પૂરી રીતે અભિવ્યક્ત (સ્પષ્ટ) થાય છે.

પાઠકોને સમજાવવાને માટે એમ પણ બતાવી શકાય કે, વાણીની સાથે જે अद् ધાતુનો આ સૂક્તમાં પ્રયોગ છે, તે अद् भक्षणे નો નથી, પરંતુ अदि बन्धने નો વૈદિક પ્રયોગ છે. તેથી વાણીને અદન (અન્દન) કરવાનો અભિ-પ્રાય વાણીને રોકવાનો જ છે (આજકાલની ભાષામાં કહીએ, તો કલમ ૧૪૪ લગાડવાની છે). પણ આ તો એ લોકોને સમજાવવા માટે છે કે, જેમને अद भक्षणे એ ધાતુ પરથી બનેલો રૂઢિનો પ્રયોગ ઠીક, પસંદ પડતો ન હોય. ધાતુ તો પછીથી બનેલા છે. એમના પ્રયોગ પહેલા હતા. તેથી अद જેવાનો પ્રયોગ "ખાવામાં" અને "બાંધવામાં" એમ બેઉમાં જોવામાં આવ્યો, ત્યારે જ પાણિનિ મુનિએ अद भक्षणे અને अदि बन्धने એવા બે ધાતુઓ બનાવ્યા. તેથી "વાણીનું અદન કરવું" એમાં વાણીને ખાવી, એની સાથે સાથે વાણીને બંધ કરવી, એવો ભાવ પણ એની મેળે સમાયલો છે. ધાતુનું નામ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજાવવા માટે બોલવું પડે છે. તેથી **અદન** નો અર્થ "બંધ કરવું" સર્વથા ઠીક છે.

તેમજ જો શબ્દ-શાસ્ત્રના (વ્યાકરણના) શબ્દોમાં આ વાત સમજાવવી હોય, તો તો આ પ્રયોગ **અદ્ ભક્ષણે** ધાતુનું રૂઢિનું રૂપ છે, એમ એ સમજાવવું અમને વધારે સારૂં લાગે છે. એ તો કહેવાની જરૂર નથી કે, ખાસ કરીને જ્યારે આ સૂક્તમાં વાણીને માટે ગૌ શબ્દનો પ્રયોગ કરેલો છે, ત્યારે **અદન**માં ખાવાનો જ ભાવ રાખી એની વ્યાખ્યા કરવી, એ વધારે સુંદર લાગે છે. ભલે, વ્યાકરણના નિયમ વેદમાં બહુ શિથિલ હોય છે, પણ વ્યાકરણની દૃષ્ટિએ પણ **અદ ભક્ષણે**નો પ્રયોગ માનવો જ વધારે સરલ છે. ગમે તો **અદ્દિ** ધાતુનો અથવા **અદ** ધાતુનો પ્રયોગ કહો, પણ આપણે આપણા મનમાં એ સંસ્કાર દૃઢ કરી લેવા કે, આ સૂક્તમાં ગૌવાણીની સાથે આવેલા **અદન**નો અર્થ "રોકવું, બાંધવું" એવો છે, મોંમાં નાંખી ચાવી જવું એવો કદી નથી.

આશા છે કે, ગૌ અને અદન સંબંધી આ વિસ્તૃત વિવેચન કરી અમે જે આનો અર્થ "વાણીને રોકવી" એવો ઠરાવ્યો છે, તેને પાઠક ખેંચતાણ ન સમજે, પરંતુ આ ઠીક અર્થના સાચા સંસ્કારોને હૃદયમાં ઠસાવવાનો યત્ન કરે. જે લોકોએ પોતાના પહેલાના સંસ્કારવશ અર્થ કરવામાં અસાવધાનીથી અનર્થ કરી નાંખ્યો છે, છબરકો વાળી નાંખ્યો છે, તેઓએ વેદ ભગવાન પર અસહ્ય અત્યાચાર, જુલમો ગુજાર્યા છે, તેમને શિર કલંક લગાડયું છે, તેની પણ ખાતરી કરી લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) બ્રાહ્મણ કોણ છે?

બ્રાહ્મણ એ શબ્દ સાંભળીને આપણે પૂર્વ સંસ્કારને લીધે આજકાલ એકલા ભારત વર્ષમાં જ દેખવામાં આવતી, એક અનુદાર, જૂની રૂઢિઓની ઉપાસક વ્યક્તિ સમજીશું, પણ વેદનો કંઇ સ્વાધ્યાય કરનાર પણ જાણતો હશે કે, વેદના બ્રાહ્મણનું ચિત્ર કંઇ ઓરજ છે. વેદમાં બ્રાહ્મણને મુખસ્થાનીય માનેલો છે. મુખની પેઠે તે બિલકુલ નિઃસ્વાર્થ વ્યક્તિ છે. પોતે જાતે કંઈ ભોગ ન કરનાર, બીજાઓનો જ્ઞાનદ્વારા અને યજ્ઞદ્વારા નિરંતર ઉપકાર કરનાર વ્યક્તિ છે. આવું વૈદિક બ્રાહ્મણનું સામાન્ય સ્વરૂપ છે.

પણ આ સૂક્તમાં બ્રાહ્મણનું વર્ણન પ્રજાના સંબંધમાં આવેલું છે, તેથી આ સૂક્તનો બ્રાહ્મણ-" પ્રજાનો નિઃસ્વાર્થ સેવક "-એ રૂપે છે. આ માટે આ સૂક્તમાં ઠેરઠેર પ્રમાણ હાજર છે. જુઓ, બારમા મંત્રમાં પ્રજાને બ્રાહ્મણની પ્રજા કહી છે-प्रजां हिंसित्वा ब्राह्मणीं. તેમ જ આના આગલા (૫-૧૯) સૂકતના ૧૧) મા મંત્રમાં પણ પ્રજાને બ્રાહ્મણની (બ્રાહ્મણી) કહી છે. એના પહેલાના (૫-૧૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂક્તના ૯) માં મંત્રમાં બ્રાહ્મણને જ એક માત્ર પ્રજાનો કે લોક સભાનો પતિ કહેલો છે, જેમકે–

ब्राह्मण एव पतिः न राजन्यो न वैश्यः ।

આ બ્રહ્મગવી સૂક્તના છઠ્ઠા મંત્રમાં બ્રાહ્મણને પ્યારા શરીરનો અગ્નિ કહેલો છે. આ સર્વ વચનોથી પાઠક સમજી લે કે, આ સૂક્તનો બ્રાહ્મણ કેવી વ્યક્તિ છે. મતલબ એમ છે કે, બ્રાહ્મણ "પ્રજાનો એક નિઃસ્વાર્થ મોટો સેવક તેથી મોટો નેતા"–આ સૂક્તમાં સમજવામાં આવ્યો છે. આ સૂક્તના ૧૩) મા મંત્રમાં જે બ્રાહ્મણને દેવબંધુ કહ્યો છે અને પ્રજાદ્રોહી રાજાને દેવપીયુ કહ્યો છે, તે પરથી પણ જણાશે કે, અહીંનો બ્રાહ્મણ પ્રજાનો સાચો નેતા છે. ભારત વર્ષમાં ચાલુ યુગમાં મહાત્મા ગાંધીજીનું જે સ્થાન છે, તે જો પાઠક ધ્યાનમાં રાખે, તો એને આ સૂક્તના બ્રાહ્મણની કલ્પના સારી રીતે આવશે. અહીંનો બ્રાહ્મણ શબ્દ બરાબર એવા જ સાચા પ્રજા નેતાને માટે આવેલો છે. આજકાલ પ્રચારમાં આવેલા **सत्याग्रही** શબ્દમાં જે ભાવ છે, તેવો જ ભાવ પ્રાચીન બ્રાહ્મણ શબ્દમાં રહેલો છે. બ્રહ્મ શબ્દનો અર્થ સત્યજ્ઞાન અથવા અનુભવ જ્ઞાન થાય છે. વેદ સત્ય જ્ઞાનરૂપ છે, તેથી તે બ્રહ્મ કહેવાય છે. વળી તે અર્થ ઉપરાંત બ્રહ્મ શબ્દનો અર્થ કર્મ પણ થાય છે. યાસ્ક મુનિ એ અર્થ આપે છે. તેથી સત્ય જ્ઞાનને કર્મમાં ઉતારનાર એવો ભાવ બ્રાહ્મણ શબ્દમાં સમાયલો છે. તેથી જો અમે કહીં કહીં અભિપ્રાય સ્પષ્ટ કરવા માટે બ્રાહ્મણ અથવા બ્રહ્માનો અર્થ સત્યાગ્રહી એવો કરીશું, તો તે યોગ્ય જ થશે. બ્રાહ્મણ એક સત્યાગ્રહી પ્રજાનેતા છે.

હવે પાઠક એ પણ સમજી જશે કે, એવા બ્રાહ્મણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણી કેવી મોટી વસ્તુ છે. બ્રાહ્મણ પાસે વાણી જ મુખ્ય ચીજ છે. ब्राह्मणोऽस्य मुखमासीत्–પુરૂષ સૂક્તનું આ વાક્ય પ્રસિદ્ધ છે. રાષ્ટ્ર–શરીરનું મુખ બ્રાહ્મણ છે, બ્રાહ્મણદ્વારાજ રાષ્ટ્ર બોલે છે. મનુષ્ય–શરીરમાં જે મુખ છે, તેની ઉપમા વડે વિચાર કરીએ, તો જણાશે કે, મુખમાં પાંચે જ્ઞાનેન્દ્રિય છે અને એકજ કર્મેન્દ્રિય છે, તે વાણી છે, એટલે બ્રાહ્મણે સર્વ પ્રકારનું જ્ઞાન મેળવીને જે કંઇ કર્મ કરવાનું છે, તે કામ વાણીનું જ છે–જ્ઞાનનો વાણીદ્વારા પ્રચાર કરવાનો છે. એણે રાજ્યની સેવા શારીરિક બળ અથવા ધનબળ વધારી નથી કરવાની, પણ એ બળનો ત્યાગ કરી એણે જ્ઞાન (સર્વોચ્ચ બળ) પ્રાપ્ત કરીને વાણીદ્વારા એનો ફેલાવો કરવાનો છે. આવી સર્વોચ્ચ પ્રકારની સેવા કરવાને કારણે જ તે સમાજમાં સર્વોચ્ચ (શિર) બને છે. એ સ્પષ્ટ છે કે સમાજમાં જ્ઞાન ફેલાવવાનું, ઉપદેશ આપવાનું કર્તવ્ય અને અધિકાર પણ એવા બ્રાહ્મણનો જ છે. તો એ પણ સ્પષ્ટ છે કે, કોઈ પણ ઉપાય લેઇને એવા બ્રાહ્મણને સત્ય ઉપદેશ દેતાં રોકવો, એની વાણીને બંધ કરવી, એ બહુ ભારે પાપ છે. તેથી આ સૂક્તમાં બ્રાહ્મણ–વાણીને રોકવાની નિન્દા ઘણા કઠોર શબ્દમાં કરી છે.

એટલા માટે આ સૂક્તનો સ્વાધ્યાય કરવા માટે જે ત્રીજું કાર્ય કરવાનું છે, તે એ કે હાલ બ્રાહ્મણ તરીકે ઓળખાતી વ્યક્તિને જોઇને આપણા મનમાં જે સંસ્કાર બ્રાહ્મણ શબ્દની સાથે બેસી ગયો છે, તે આપણે ભૂલી જવો, કાઢી નાંખવો અને સમજી લેવું કે, આ સૂક્તમાં બ્રાહ્મણ ઉપર કહ્યા પ્રકારનો "સાચો, નિઃસ્વાર્થ, પ્રજા–બંધુ, પ્રજાનો નેતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) વૈતહવ્ય કોણ છે ?

આ શબ્દનો અર્થ શોધી કાઢવો કંઈ કઠણ નથી, કારણ કે એ અપ્રસિદ્ધ શબ્દ છે, તેથી એને માટે આપણા મનમાં કોઈ અશુદ્ધ પૂર્વ સંસ્કાર બેઠેલો નથી કે, જેને દૂર કરવો પડે. તેથી એનો ઠીક અર્થ સમજવા માટે ધાતુના અર્થ પરથી તેનો અર્થ જાણી લેવાની જ જરૂર છે. **वीत-हव्य** પરથી **वैत-हव्य** રૂપ બનેલું છે. વીતહવ્યમાં બે પદ છે–વીત અને હવ્ય (હવિઃ). વીતનો અર્થ છે-ખાઇ લીધું, પૂરૂં કર્યું, વ્યય કર્યો. **वी खादने** અથવા **वि** પૂર્વક **इण** ધાતુ પરથી **वीत** શબ્દ બનેલો છે. તેથી વીતહવ્યનો અર્થ એવો થયો કે, **वीतं खादितं हविः हव्यं वा येन,** જે હવ્ય એટલે હવિ ખાઇ ગયો છે. દેવોનો હિસ્સો હવ્ય કહેવાય છે. યજ્ઞમાં દેવોને માટે અર્પણ કરવામાં આવતો પદાર્થ હવ્ય કહેવાય છે. યજ્ઞના આ પદાર્થને ખાઇ જવાને મોટું પાપ ગણ્યું છે, એ અસુરોનું જ કામ મનાય છે. તેથી **वीतहव्य** તે પાપી પુરૂષ હોય છે કે, જે યજ્ઞનો હવનીય પદાર્થ (દેવોનો ભાગ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવોને પહોંચાડયા સિવાય પોતે જ ખાઈ જાય છે, પોતાના જ સ્વાર્થમાં ખરચી નાંખે છે.

પરન્તુ રાષ્ટ્રના પ્રસંગમાં વીતહવ્યનો અભિપ્રાય સમજવાને, પ્રથમ રાષ્ટ્ર-યજ્ઞમાં હવિ શી વસ્તુ હોય છે એનો જરા આપણે વિચાર કરવો જરૂરનો છે. રાષ્ટ્રયજ્ઞમાં હવિનો અર્થ "પ્રજા કનેથી લીધેલો કર" એવો થાય છે. સાધારણ હવનમાં અગ્નિમાં નાંખવાની ઘી આદિ સામગ્રી હવિ કહેવાય છે. હવિ શબ્દ हु-दानादानयोः ધાતુ પરથી બનેલો છે, એનો અર્થ છે દાન અને આદાન, એટલે આપવું અને લેવું. યજ્ઞમાં જે હવિ નાંખવામાં આવે છે, તેમાં "દેવું અને લેવું" એ બેઉ છે. યજ્ઞમાં આપણે જે કંઇ નાંખીએ છીએ (દાન કરીએ છીએ), તે હજાર ગણું થઇ પાછું આપણને મળે છે (આદાન થાય છે). એ જ હવનનું મહત્ત્વ છે. આવી રીતે રાષ્ટ્ર-યજ્ઞ પ્રજાના કરરૂપી હવિથી ચાલે છે. પ્રજા રાજાને કર આપે છે (આ દાન થયું) અને રાજા (સરકાર) પેલા લીધેલા કરનો એવી સરસ રીતે સદુપયોગ કરે છે કે, જેથી પ્રજાને પોતે આપેલા કરના બદલામાં એથી સો ગણો વધારે લાભ (આદાન) મળે છે. કર (Tax) નો આ સિદ્ધાન્ત છે. કવિ કાલિદાસે રઘુ રાજાની કર-પ્રણાલીને સૂર્યની ઉપમા આપીને આ સિદ્ધાન્ત પર વર્ણન કર્યું છે, જેમકે—

> प्रजानामेव भूत्यर्थं
> स ताभ्यो बलिमग्रहीत् ।
> सहस्रगुणमुत्स्रष्टुं
> आदत्ते हि रसं रविः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પ્રજાની સમૃદ્ધિ કરવા માટેજ તે રઘુ રાજા તેની કનેથી કર લેતો હતો, જેમ સૂર્ય ઉનાળામાં પાણીને ઉપર ખેંચી લે છે અને પછી સહસ્રગણો વરસાદ આપે છે, જેથી ઘણું અન્ન થાય છે, તે ખાઇને લોક પુષ્ટ થાય છે." તાત્પર્ય એ છે કે, રાજ્યરૂપી યજ્ઞમાં હવિનો અર્થ કર છે. વેદમાં કરના અર્થમાં હવિ શબ્દનો કહીં કહીં પ્રયોગ પણ મળે છે. કરવાચક જે બલિ શબ્દ છે, તેનો અને હવિનો અર્થ સમાન છે, એ તો સ્પષ્ટ જ છે. તેથી જે રાજા (સરકાર) પ્રજા પાસેથી ઉઘરાવેલો કર ખાઇ જાય છે, હોઈઆં કરી જાય છે, પોતાના સ્વાર્થમાં ખરચી નાંખે છે, તે સરકાર વીતહવ્ય કહેવાય છે. વીતહવ્ય પરથી વૈતહવ્ય બને છે. વીતહવ્યના જે અનુયાયી હોય, તે વૈતહવ્યાઃ કહેવાય છે (वीतहव्यस्य इमे इति वतहव्याः), એટલે આધુનિક રૂપમાં બોલવું હોય, તો વીતહવ્ય (શોષણ કરનાર) સરકારના સર્વ નાના મોટા નોકરો, મદદ કરનારાઓ વૈતહવ્યાઃ કહેવાય.

અહીં પણ પ્રસિદ્ધ શબ્દ કર અથવા બલિ નહીં વાપરતાં હવ્ય શબ્દનો પ્રયોગ કર્યો છે, તેમાં કંઇ વિશેષ અર્થ રહેલો છે. ધર્મશાસ્ત્રમાં હવ્ય ખાઈ જવામાં મોટું પાપ ગણેલું છે, કારણકે યજ્ઞ બહુ પવિત્ર અને દિવ્ય વસ્તુ છે, તેથી કોઈ રાજાને "કરનો દુરૂપયોગ કરનાર" એમ કહેવાને બદલે, "રાજ્ય-યજ્ઞની હવિ ખાઇ જનાર" એમ કહેવામાં બહુ બળ આવે છે, (રાજાની નીચમાં નીચ દુષ્ટતા જણાય છે). તેથી વીતબલિ નહીં કહેતાં વીતહવ્ય કહેલો છે. રાજ્ય ચલાવવાને પણ પવિત્ર યજ્ઞ સમજવો, એ વેદની, વૈદિક સભ્યતાની એક મોટી વિશેષતા છે. આશા છે કે, પાઠકો વૈતહવ્યનો અર્થ પણ બરાબર સમજી ગયા હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) આ સૂક્તનો વિષય.

આ ચાર મુખ્ય શબ્દોની વિવેચના પૂરી થયા પછી પાઠક એક વાર આ સૂક્તનો સાર પણ જોઈ લે. આ સૂક્તનો પ્રતિપાદ્ય વિષય સંક્ષેપમાં આ પ્રકારે છે:—

માની લો કે, એક ભોગી વિલાસી (મંત્ર ૨) રાજા છે. તેથી એને ધનની જરૂર પડે છે, તે "ધનકામ" થાય છે (મંત્ર ૫). એના મનમાં પાપ આવે છે, તેથી તે વીતહવ્ય થઇ જાય છે, રૈયત કનેથી મળેલા કરના પૈસા સ્વયં ખાઇ જવા લાગે છે (મંત્ર ૧૦). તેથી પ્રજા દુઃખી થાય છે, રૈયત પર જુલમ થવા માંડે છે (મંત્ર ૧૨). એવે સમયે પ્રજાની રક્ષા કરવાને, સેવા કરવાને પ્રજાનો નેતા (બ્રાહ્મણ) મોખરે આવે છે. એની પાસે વાણી સિવાય બીજુ કંઈ નથી. તે પ્રજાને તથા રાજાને સાચો ઉપદેશ આપે છે, પરંતુ એવો રાજા એમ સમજે છે કે, આ તુચ્છ, નિઃશસ્ત્ર બ્રાહ્મણ અને એની બિચારી વાણીને તો હું ખાઈ જઈશ, મજેથી નાશ કરી દેઇશ, તે મારૂં શું બગાડવાનો છે. તેથી તે તે બ્રાહ્મણને બોલતાં રોકે છે. આમ એની વાણીરૂપી ગૌની હત્યા કરે છે અથવા કરવા પ્રપંચ રચે છે. આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવસ્થામાં વેદનો જે ઉપદેશ છે, તે આ સૂક્તમાં વર્ણવેલો છે.

એવી અવસ્થા કોઇ વાર કોઇક દેશમાં કોઇ સમયે હતી, એનું વર્ણન અહીં છે, એમ વાત નથી. દુનિયામાં એવી અવસ્થા આવે, એ સ્વાભાવિક છે. રાજા (સરકાર) વીતહવ્ય હમેશાં થઇ જાય છે. આ એક નિત્ય ઇતિહાસ છે. એવે અવસરે રાજાએ અને પ્રજાએ શું કરવું, એ બતલાવવા માટે વેદે આ સૂક્તદ્વારા (અથવા આ અનુવાક દ્વારા) ઉપદેશ આપ્યો છે.

આ સૂક્તમાં વારંવાર જુદી જુદી રીતે કહ્યું છે કે, રાજાએ બ્રાહ્મણવાણીને તુચ્છ ચીજ નહીં જ સમજવી, એનો નાશ નહીં કરવો. તે ઘણી ભયંકર વસ્તુ બને છે. રાજાને વારંવાર સાવધાન કર્યો છે. એની જરૂર છે, કારણ કે બ્રાહ્મણની પાસે હીન (હલકા) દરજ્જાનું બળ,-તોપ, બંદુક, મશીનગનનું બળ નથી હોતું, તેથી કરીને હમેશા ડબકો રહે છે કે, કોઇ મૂરખ શાસક સ્વાર્થાન્ધ થઇ બ્રાહ્મણના સાચા અવાજને પોતાને માટે હાનિકારક સમજી એને પોતાના ક્ષાત્ર બળનો દુરૂપયોગ કરી ડરાવવા, દબાવવા, સતાવવા યત્ન કરે. તેંથી ઘણા ઘોર શબ્દોમાં એની નિન્દા કરી છે અને બતાવ્યું છે કે, બ્રાહ્મણનું આ વાણીરૂપી હથિયાર કેટલું જબ્બરદસ્ત છે, તે તમામ રાજશક્તિને હચમચાવી દે છે, ખોખરી કરે છે, હરાવી દે છે, જડમાંથી ઉખેડી નાંખે છે.

હવે પાઠક આ કથા વેદના હૃદયગ્રાહી સુંદર શબ્દોમાં વાંચે. બીજું કેવળ એટલું કહેવાનું છે કે, આ વૈદિક સૂક્ત વાંચી ગયા પછી પણ જો પાઠક આ પ્રારંભિક વિવેચના એક વાર ફરીને વાંચી જશે, તો આમાં કહેલી વાતની સત્યતા એને વધારે સ્પષ્ટ સમજાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

ब्रह्मगवी सूक्त

(અથર્વ. ૫-૧૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) બ્રાહ્મણની વાણી રોકવા લાયક નથી

नैतां ते देवा अददुः
तुभ्यं नृपते अत्तवे ।
मा ब्राह्मणस्य राजन्य
गां जिघत्सो अनाद्याम् ॥

અર્થઃ-(नृपते) હે રાજા, (ते देवाः) તે પ્રસિદ્ધ દેવતાઓએ (एतां) બ્રાહ્મણની આ વાણી ગૌને (तुभ्यं) તને (अत्तवे) ખાઈ જવાને (न अददुः) નથી આપી. તેથી (राजन्य) હે ક્ષત્રશક્તિયુક્ત રાજા, તું, (ब्राह्मणस्य) બ્રાહ્મણની (अनाद्यां गां) કદી પણ નહીં ખાવાલાયક અથવા કદી પણ નહીં ખાઇ શકાય એવી આ વાણીની (मा जिघत्सः) હિંસા કરવાની ઇચ્છા નહીં કર.

આ મંત્રમાં કહ્યું છે કે, બ્રાહ્મણની વાણી રાજાને તે પ્રસિદ્ધ દેવતાઓએ આપી છે, પણ એને ખાઈ જવાને માટે તેઓએ નથી આપી. તે પ્રસિદ્ધ દેવતાઓ કોણ છે, જેનું નામ પણ લેવાની જરૂર જણાઇ નથી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદના દેવતા—અગ્નિ, રૂદ્ર, વરૂણ, સોમ આદિ પ્રસિદ્ધ છે, દેવાધિદેવ પરમાત્મા છે. આ જગત ઉપર એ પરમ દેવનો અટલ અને પૂર્ણ અમલ છે. તે એક દેવ પોતાની જે જુદી જુદી શકિતઓદ્વારા જગત પર અમલ કરી રહ્યો છે, તે જ શકિતઓ વેદના અનેક દેવતાઓ છે. અગ્નિ, ઇન્દ્ર, વરૂણ આદિ પરમાત્માની જ જુદી જુદી શકિતઓ છે. મનુષ્ય રાજા પણ પોતાના નાનકડા રાજ્ય પર પોતાની અલ્પ શકિત પ્રમાણે અપૂર્ણ અમલ કરે છે. મનુષ્ય રાજાના અમલ કરવાના કામમાં પણ સહાય કરનારા ઘણાક માણસ હોય છે. રાજાનો પોતાના રાજ્યના જુદા જુદા વિભાગો સાથે એવો જ સંબંધ હોય છે કે જેવો પરમાત્માનો અગ્નિ, વાયુ આદિ દેવતાઓ સાથે હોય છે. આવા જ અર્થમાં રાજાને સર્વ દેવમય કહેલો છે. મનુસ્મૃતિના સાતમા અધ્યાયના ત્રીજા શ્લોકથી અગ્યારમા શ્લોક સુધીના શ્લોકો આ સંબંધમાં જોવા લાયક છે. એમાંના બે શ્લોક નીચે આપ્યા છેઃ—

इन्द्रानिलयमार्काणामग्नेश्च वरुणस्य च ।
चंद्रवित्तेशयोश्चैव मात्रा निर्हृत्य शाश्वतीः ॥ ३ ॥
सोऽग्निर्भवति वायुश्च सोऽर्कः सोमः स धर्मराट् ।
स कुबेरः स वरुणः स महेन्द्रः प्रभावतः ॥ ७ ॥

આમાં કહ્યું છે કે, ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરૂણ, સોમ, કુબેર-આ આઠ દેવતાના અંશ લેઇને રાજા બને છે. રાજાના આઠે વિભાગોમાં શકિત આ આઠ દેવતાઓ પાસેથી આવી છે. શુક્ર નીતિસારના પહેલા અધ્યાયના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૧ થી ૮૧ સુધીના શ્લોકોમાં આની વ્યાખ્યા છે. જે પ્રસિદ્ધ દેવતાઓએ મનુષ્ય રાજાને સર્વ વસ્તુઓ–સર્વ શક્તિઓ–આપી છે, તે આ જ દેવતા છે. આ ઇન્દ્રઆદિ દ્વારા જ્યાં રાજાને બીજી ઘણીક વસ્તુઓ રાજ્ય કરવાને મળી છે, ત્યાં બ્રાહ્મણની વાણી (એટલે બ્રાહ્મણદ્વારા પ્રજાને ઉપદેશ મળે, શિક્ષા મળે, પ્રજાને સન્માર્ગ બતાવવામાં આવે એ) પણ એક મોટી ભારે વસ્તુ મળી છે. બ્રાહ્મણની વાણી તો શું, બ્રાહ્મણ જ મળ્યો છે. બ્રાહ્મણનું બ્રાહ્મણપણું જ એની વાણીમાં છે, વાણીદ્વારા તે રાજ્યની સેવામાં આવે છે. આ બ્રાહ્મણની વાણી એ એક મોટી મહત્વની વસ્તુ દેવતાઓએ (એટલે પરમાત્માએ) રાજાને આપેલી છે×, પણ તે ખાઇ જવા માટે નથી આપી.

પ્રથમ તો અહીં રાજાને વેદે એ સ્મરણ કરાવ્યું છે કે, આ બ્રાહ્મણ–વાણી જેવી પવિત્ર વસ્તુ દેવતાઓએ (પરમાત્માએ) આપેલી છે. પછી એમ સ્મરણ કરાવ્યું છે કે, કયા કામને માટે આપેલી છે. તે ખાઇ જવાને માટે કદાપિ નથી આપેલી. તે તો સ્વાધીનતાપૂર્વક રાજ્યમાં જ્ઞાન ફેલાવે, સન્માર્ગ દેખાડી રાજ્યનું કલ્યાણ કરે એટલા માટે આપેલી છે. એનું પાલનપોષણ કરવું જોઇએ, એની વૃદ્ધિ કરવી જોઇએ.

રાજાને ઘણીએક વસ્તુઓ ખાઇ જવા માટે પણ આપેલી છે. રાજામાં યમ દેવતાનો અંશ ખાસ કરીને એ માટે છે. જેમ રાજાનું કામ રાજ્યહિતની વસ્તુઓને ઉત્પન્ન કરવાનું, વધારવાનું અને ફેલાવવાનું છે, તેમ રાજ્યને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી અનર્થકારી વસ્તુઓનો નાશ કરવાનું પણ છે, અપરાધોનો, અશાંતિનો, અવ્યવસ્થાનો, બળવાનદ્વારા નિર્બળની થતી સતામણીનો, સર્વ અન્યાયનો, દુર્ગુણોનો એણે નાશ કરવાનો છે. આ સર્વ ચીજોને એણે યમ બનીને ખાઈ જવી જોઇએ, એટલે એણે તે તમામનો નાશ કરવો જોઈએ, પણ બ્રાહ્મણની વાણી એવી ચીજ નથી કે, જેનો નાશ કરવો. આ દેવોએ આપેલી ચીજ પાલન-પોષણ કરવા માટે આપેલી છે. પાલનપોષણ કરેલી એ વાણી ગૌ પોતાના પાલન પોષણના બદલામાં એથી હજારગણું ફળ આપી રાજ્યને નિહાલ કરી દે છે.

આ વાણી ગૌ અનાદ્યા છે-કદી પણ નાશ કરવા જોગ નથી. આ અનાદ્યા શબ્દ જ આ મંત્રનો મુખ્ય શબ્દ છે. એનો અર્થ अत्तुं अशक्या એટલે જેનો નાશ કરી શકાતો નથી, એવો કરવો પણ ઠીક છે. આ અર્થનું સ્પષ્ટીકરણ તો આગલા મંત્રોમાં આપોઆપ થઇ જશે. અહીં તો-તે ખાઇ જવાને, નષ્ટ કરવાને યોગ્ય નથી-આવો અર્થ સમજી લેવો બસ છે. જેમ ગૌ (ગાય) અઘ્ન્યા (ન હનન કરવા યોગ્ય) કહેવાય છે, તેમ જ અહીં એને અનાદ્યા શબ્દથી કહેલી છે. બ્રાહ્મણની વાણીને રોકવી, બાંધવી, નાશ કરવી એ મોટું જઘન્ય પાપ છે, કારણ કે આ પાળવા લાયક વસ્તુનો નાશ કરવો છે, એ મોટી ગો-હત્યા છે, એ દેવોની વસ્તુનો ઘોર દુરૂપયોગ કરવો છે. એવી રીતે તો વાણી માત્ર અનાદ્યા (અબંધનીયા) હોય છે. હરેક વ્યક્તિને વાણી-સ્વાતંત્ર્ય હોવું જોઇએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બ્રાહ્મણની તો વાણી જ મુખ્ય ચીજ છે, એ ઉપર કહી ગયા છીએ. બીજાઓની વાણી તો અજ્ઞાનને કારણ અથવા સ્વાર્થવશ હાનિ પણ કરી શકે છે, પણ જ્ઞાની, નિઃસ્વાર્થ બ્રાહ્મણની વાણીમાં તો સદા કલ્યાણ જ ભરેલું છે. આ વાણીની રક્ષામાં જ સમાજની રક્ષા છે. તેથી આ વાણીની રક્ષા કરવી તે ગાય પશુની રક્ષા કરવાને મુકાબલે ઘણું ઘણું જરૂરનું છે. બ્રાહ્મણ-વાણીના ઈશારાથી લાખો ગાયોની રક્ષા થઈ શકે છે. એટલા માટે આ સૂકતમાં બ્રાહ્મણ-વાણીને અનાદ્યા વિશેષણ લગાડેલું છે.

હવે બીજા મંત્ર દ્વારા વેદ એમ સ્પષ્ટ કરે છે કે, તે કેવો રાજા, કેવા પ્રકારનો રાજા હોય છે કે, જે આ અનાદ્યાનો નાશ કરવાનું ઘોર કૃત્ય કરવાને તૈયાર થાય છે.

નોટ - × = પાઠક અહીં જોતા જાય કે, જો અહીં ગૌનો અર્થ ગાય જ હોય, તો એનો કંઇએ અભિપ્રાય નીકળતો નથી. રાજાને કઇ કેવી જાતની ગાય અગ્નિ આદિ દેવોએ આપી છે, તે તો કહ્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) કેવો રાજા બ્રાહ્મણની વાણીને રોકે છે

अक्षद्रुग्धो राजन्यः
पाप आत्मपराजितः ।
स ब्राह्मणस्य गामद्यात्
अद्य जीवानि मा श्वः ॥

અર્થ:—(अक्षद्रुग्धः) ઇન્દ્રિયોથી દ્રોહને પ્રાપ્ત, એટલે અજિતેન્દ્રિય (पापः) તેથી પાપી (आत्मपराजितः) આત્માથી હારી ગયેલો, અથવા પોતાની મેળે પરાજિત થયેલો (राजन्यः) જે રાજા હોય છે, (सः) તે જ (ब्राह्मणस्य) સત્યાગ્રહી નેતાની (गां अद्यात्) વાણીને બંધ કરે છે. જોકે તે (अद्य जीवानि) આજે બેશક જીવતો છે, પણ (माश्वः) આવતી કાલે જીવતો રહેશે નહીં.

જ્યારે કદી એવી પતિત વ્યક્તિ જે ઇન્દ્રિયોનો દાસ હોય છે, તે રાજગાદી ઉપર આવે છે, ત્યારે તે જ આ પાળવા લાયક બ્રાહ્મણની વાણીનો નાશ કરવાનો મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરાવ કરે છે. એને સદા સત્ય કહેનારી બ્રાહ્મણની વાણી પોતાને માટે અહિતકર લાગે છે. આ યુગમાં મહાતેજસ્વી બ્રાહ્મણ ઋષિ દયાનંદ જ્યાં કહીં જતા હતા, ત્યાં પોતાની સત્યપરાયણ વાણી વડે સર્વના હિતનો ઉપદેશ કરતા હતા. પણ એમના સત્ય કથનથી જેમના ક્ષુદ્ર સ્વાર્થોમાં, છેવટે ઇન્દ્રિય-સુખોમાં, વાંધો પડતો હતો, તેઓ ઋષિને મારવા સુધી તૈયાર થઈ જતા, એમની વાણીને બંધ કરવા તો જરૂર ચાહતા. એક વાર એક અજિતેન્દ્રિય રાજાને વેશ્યાના સંબંધથી છૂટા કરવાની સદિચ્છાથી એમણે જે પોતાની ઓજસ્વિની વાણીનો ઉપયોગ કર્યો, તે કારણ એમની દેહલીલા સમાપ્ત થઈ કહેવાય છે. કોઈએ એમને કાચની ભુકી દૂધ સાથે ખવડાવવાનું પાપ કર્યું. મતલબ એમ છે કે, જ્યારે રાજા વિલાસી બને છે, ત્યારે તે સાચી બ્રાહ્મણની વાણી સહન કરી શકતો નથી અને એના મનમાં પાપનો ઉદય થાય છે.

જે અજિતેન્દ્રિય કામી હોય છે, તે જરૂર પાપ કર્યા વગર રહેતો નથી, એટલા માટે આ મંત્રમાં એવા રાજાને માટે **अक्षद्रुग्ध** શબ્દની પછી બીજું વિશેષણ **પાપ** શબ્દ મૂકેલો છે. ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં જ્યારે શ્રીકૃષ્ણને અર્જુને પૂછયું કે, માણસ શાથી પાપમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે એનો ઉત્તર એવો આપવામાં આવ્યો છે કે, **काम एषः क्रोध एषः रजोगुणसमुद्भवः।** કામની જોડે ક્રોધ જોડાયલો છે. માણસ કશામાં આસક્ત થઈ (કામદ્વારા) પછી એમાં આડે આવનાર વસ્તુને દૂર કરવાને (ક્રોધદ્વારા) પાપ કરવામાં પ્રવૃત્ત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ અને ક્રોધ જ પાપના જનક છે. કામ અને ક્રોધનું સૂક્ષ્મ આભ્યન્તર રૂપ જ રાગ અને દ્વેષ છે. છાંદોગ્ય અને બૃહદારણ્યકમાં એક સુંદર કથા કહેલી છે. એમાં કહેલું છે કે, એક વાર દેવો અને અસુરોનું યુદ્ધ થયું. દેવોએ પોતાનો ઉદ્‌ગાતા વારાફરતી સર્વ ઇન્દ્રિયોને બનાવી, પણ સર્વ ઈન્દ્રિયોને અસુરોએ પાપવાળી કરી દીધી. કેમ પાપવાળી કરી, એનું કારણ એ હતું કે, એ સર્વમાં રાગદ્વેષ રહે છે. કેવળ પ્રાણમાં રાગદ્વેષ નથી, તેથી પ્રાણને અસુરો પાપ-યુક્ત કરી શકયા નહિ, પણ ઉલટું એમની સાથે અથડાઈને અસુરો નાશ પામ્યા. મતલબ એમ છે કે, ઇન્દ્રિયોમાં જે રાગદ્વેષ છે (જેનું સ્થૂલ રૂપ કામ અને ક્રોધ છે), તે કારણથી જે કોઇ ઇન્દ્રિયોનો દાસ થશે, તે સ્વાભાવિક રીતે પાપમાં પ્રવૃત્ત થવાનો.

તેથી અજિતેન્દ્રિય રાજા પોતાની ઇન્દ્રિયોના વિષયમાં "કામને" કારણ અને એની વિરોધિની સત્ય બોલનારી બ્રાહ્મણની વાણીમાં "ક્રોધ"ને કારણ પાપમાં પડયા વગર કેમ રહે? એટલે એવો સ્વાર્થી વિલાસી રાજા બ્રાહ્મણની-સત્યાગ્રહી પ્રજાના નેતાની-વાણી ગૌના ઘાત કરવા સુધીનું પાપ કરે છે.

એનું ત્રીજું વિશેષણ **आत्मपराजित** છે, એટલે તે પોતે જાતે હારી ગયો છે. એની સાથે જ-તે આજે જીવતો છે, પણ આવતી કાલે નહીં હશે-આમ કહી એનો નક્કી વિનાશ બતાવ્યો છે. આ વિનાશ પર આપણે જરા ઊંડા ઉતરીને વિચાર કરવો જોઈએ, કારણ કે આ વિચારદ્વારા આ મંત્રનો એક ગૂઢ ભાવ સ્પષ્ટ જાણવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયમાં "વિનાશનો માર્ગ" ઘણી સુંદરતા અને સ્પષ્ટતાની સાથે વર્ણવેલો છે. તે અધ્યાયના ૬૨-૬૩ બે શ્લોક અહીં યાદ આવ્યા વિના રહેતા નથી—

ध्यायतो विषयान् पुंसः
संगः तेषूपजायते ।
संगात् संजायते कामः
कामात् क्रोधोऽभिजायते ॥
क्रोधाद् भवति संमोहः
संमोहात् स्मृति विभ्रमः ।
स्मृति भ्रंशाद् बुद्धिनाशो
बुद्धिनाशात् प्रणश्यति ॥

અહીં વિનાશનો ક્રમ આમ વર્ણવેલો છે-(૧) માણસ પ્રથમ વિષયોનું ચિંતન, ધ્યાન કરે છે, (૨) તેથી તેમાં એનો સંગ, આસક્તિ થાય છે, (૩) સંગને લીધે વિષયો માટે કામ પેદા થાય છે, (૪) તે પછી એ કામની પૂર્તિમાં પોતાને જે નડતર લાગે તેને માટે ક્રોધ પેદા થાય છે, (૫) ક્રોધી માણસમાં સંમોહ (કાર્યાકાર્યનો અવિવેક) આવે છે, (૬) સંમોહથી તે પોતાને ભૂલી જાય છે—સ્મૃતિવિભ્રમ થાય છે, (૭) તેથી બુદ્ધિ ઠેકાણે નથી રહેતી અને (૮) બુદ્ધિનાશની સાથે જ એ માણસનો વિનાશ થાય છે. અહીં વિનાશનો પ્રારંભ "વિષયોના ધ્યાનથી" થાય છે અને વિનાશની પૂર્તિ "બુદ્ધિનાશમાં" થાય છે. એવી રીતે આ મંત્રમાં એવા રાજાના વિનાશનો પ્રારંભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अक्षद्रोह (અજિતેન્દ્રિયતા) થી થાય છે અને એની સમાપ્તિ **आत्मपराजय**માં થાય છે. વચ્ચેના છ ક્રમ છે તે આ મંત્રમાં **पाप** શબ્દમાં કહેલા જાણવા.

હવે આ દૃષ્ટિએ આ વેદમંત્રમાં કહેલા વિનાશક્રમનો પણ થોડો વિચાર કરો. अक्षद्रुग्धનો શબ્દાર્થ ઇન્દ્રિયોદ્વારા દ્રોહને પ્રાપ્ત (अक्षैः इन्द्रियैः द्रुग्धः) એવો થાય છે. અજિતેન્દ્રિય પુરૂષમાં ઇન્દ્રિયો દ્રોહ કરી દે છે. એવો પુરૂષ ઇન્દ્રિયોની ગુલામી તો એટલા માટે સ્વીકારી લે છે કે, એથી પોતાને સુખ મળે, પરંતુ એ ઇન્દ્રિયો એને સુખી કરવાને બદલે એનામાં અનેક જાતની તૃષ્ણા પેદા કરે છે અને એવી રીતે એને પોતાનો વધારે ને વધારે ગુલામ બનાવતી રહે છે. આમ ધોખો દેઇ ઇન્દ્રિયો એને ઠગે છે. આ મનુષ્ય જીવનરૂપી રાજ્યનો અસલી રાજા તો આત્મા છે અને આ ઇન્દ્રિયો એ રાજ્યમાં સર્વથી નીચેની પાયરીના નોકર છે, પણ એ નોકર ધોખો દેઈ માણસને સુખ આપવાને બહાને જયારે ઠગે છે, ત્યારે આ આત્માના રાજ્યમાં ઇન્દ્રિયોનો દ્રોહ શરૂ થાય છે. એ રાજવિદ્રોહ વધતો વધતો જ્યારે પૂરો થાય છે, ત્યારે આત્માનો પરાજય થાય છે અને ઇન્દ્રિયો આત્માને રાજ્યાસન ઉપરથી ઉતારી પોતે રાજા બની બેસે છે. તે વખતે માણસ **आत्म पराजित** કહેવાય છે. ઇન્દ્રિયો આત્માની વિરૂદ્ધ રાજદ્રોહનો ઝંડો ઉભો કરી બહારના વિષયો સાથે સંગ કરે છે. બહારના શત્રુ કામ, ક્રોધ, સંમોહ જે એક એકથી ચઢીઆતા શત્રુ છે, તેમને સહાયતા માટે બોલાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે અને એ સહાયતાથી આત્મા રાજાના અધિકારી સૂક્ષ્મ પ્રાણ, ચિત્ત અને મનને પોતાને તાબે કરી લે છે, એટલે સ્મૃતિવિભ્રમની અવસ્થા આવે છે. છેવટે આત્માના સર્વથી અધિક વિશ્વાસપાત્ર મંત્રી બુદ્ધિનું પણ જ્યારે પતન થાય છે, ત્યારે તો આત્માનું રાજ્ય બિલકુલ સમાપ્ત થઈ જાય છે–बुद्धिनाशात् प्रणश्यति. આશા છે કે, પાઠક अक्षद्रुग्ध અને आत्मपराजित એ બે વિશેષણોનો ભાવ હવે સમજી ગયા હશે.

જેની અંદર આત્માનું રાજ્ય ખલાસ થઈ ચૂકયું છે, ઇન્દ્રિયોનો રાજદ્રોહ સફળ થઇ ચૂકયો છે, એવો માણસ રાજ્ય ઉપર શાસન કેવી રીતે કરી શકે? એનામાં રાજ્ય કરવાની શક્તિ રહેતી જ નથી. તેથી વેદમાં કહ્યું છે કે, એવા રાજાનો નિકટ ભવિષ્યમાં જ અંત નક્કી આવે છે. જોકે તે આજે ઉપરથી જીવતો જણાય છે, પણ ખરી રીતે અંદરથી મરી ચૂકયો હોય છે, તેથી તે આવતી કાલે નહીં રહે. આજે જીવતો એટલા માટે દેખાય છે કે, આપણે માણસો શરીરની દૃષ્ટિએ જોઇએ છીએ. આત્માને દેખી શકનારાઓને તે આજેજ મરેલો દેખાય છે, તેથી તેઓ એવા રાજાથી જરાએ ભયભીત થતા નથી, પણ શરીર (સ્થૂલ)ને જોનારા સાધારણ લોક એવા પાપી આત્મપરાજિત પણ રાજાની થોડા વખત માટેની ફોજ, તોપ અને સઘળો બહારનો ઠાઠ જોઇને એના તેજમાં, સેહમાં, ડરમાં રહે છે. જરા પણ આગળ નહીં દેખી શકનાર માણસોને કોણ ખાતરી કરાવી શકે કે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अद्य जीवानि माश्वः ।

"તે આજે જીવતો છે, આવતી કાલે નહીં," અને આવી ખાતરી થયા વગર એમનો ભય કેવી રીતે જાય, હિંમત કેવી રીતે આવે?

પ્રિય અર્જુનને તો શ્રીકૃષ્ણ ભગવાને પોતાના યોગૈશ્વર્ય દ્વારા મોં પહોળું કરી બતાવી દીધું હતું કે, તમામ કૌરવ–ભીષ્મ દ્રોણાદિ સેનાપતિઓ અને અગ્યાર અક્ષૌહિણી સેના સહિત સર્વ કૌરવ–આજેજ મરી ચૂકેલા છે, પણ આપણને કોણ એવી ખાતરી કરાવે? ક્ષુદ્ર વર્તમાનકાળમાં પોતાની અમુક હદમાં દૃષ્ટિ પરિમિત રાખી શકનારા આપણે જીવ તો એમને એમ જ ભયમાં રહીએ છીએ અને પોતાના કર્તવ્યથી ચ્યુત થઇ રહીએ છીએ, પરંતુ આપણામાં પણ જો શ્રદ્ધા હોય, તો વેદ ભગવાનનું ઉપલું વચન આપણે માટે શ્રીકૃષ્ણ ભગવાનનું કામ કરી શકે છે. **अद्य जीवानि माश्वः** આ વેદવચન ઉપર શ્રદ્ધા જામી જાય, તો આપણને સૂર્ય પ્રકાશની પેઠે દેખાય કે, બ્રાહ્મણની (સત્યાગ્રહી પ્રજાનેતાની) વાણી–ગૌનો ઘાત કરનાર રાજા આજેજ મરી ગયો છે–મડદું છે.

શ્રીકૃષ્ણે તે દૃશ્ય દેખાડીને અર્જુનને કહ્યું હતું કે, એ સર્વ મારાથી મરાયલા છે, તું તો હવે નિમિત્તમાત્ર થા. એવી રીતે જોકે અગાડી આઠમા, નવમા અને અગ્યારમા મંત્રમાં કહ્યું છે કે, તે બ્રાહ્મણની વાણી જ એવા રાજાને મારી નાંખે છે, પણ ખરી રીતે બ્રાહ્મણ–વાણી તો નિમિત્ત-માત્ર જ બને છે. સર્વનું ભલું ચાહનારી બ્રાહ્મણ–વાણી તો કોઇનોએ નાશ કરવા ચાહતી નથી અને નાશ કરતી નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એવો રાજા પોતે જ પોતાનો નાશ કરે છે, એમ કહેવું જોઈએ. आत्म पराजित શબ્દનો અર્થ એવો બને છે કે, જે પોતાની જાતે હારી ગયેલો છે. એવા રાજાને હરાવવાને કે નાશ કરવાને માટે બ્રાહ્મણને લશ્કરઆદિ એકઠું કરવાની ચિન્તા કરવી નથી પડતી. એનું પાપ જ એને મારી નાંખે છે. એણે પોતાની અંદર આત્માને મારી નાંખ્યો હોય છે, તેથી કરીને પહેલેથી જ હારી ચૂકેલો છે. એની હાર અને વિનાશનું આ કારણ સમજમાં આવતાં જ ભગવાન શ્રીકૃષ્ણનાં નીચેનાં વચનો કાનમાં ગુંજવા લાગે છે:—

आत्मैव आत्मनो बन्धुः
आत्मैव रिपुः आत्मनः ।
बन्धुः आत्मा+आत्मनः तस्य
येन आत्मैव आत्मना जितः।
अनात्मनस्तु शत्रुत्वे
वर्तेत आत्मैव शत्रुवत् ॥

ગીતા. ૬-૫, ૬.

એટલે આત્મા જ આત્માનો બંધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. તેનો જ આત્મા બંધુ છે જેણે પોતાને બળે મનને જીત્યું છે. જેણે આત્મા જીત્યો નથી તે પોતાની પ્રત્યે જ શત્રુની જેમ વર્તે છે.

Gurukula Library
Kangri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) રોકવામાં આવેલી બ્રાહ્મણની વાણી ઘણી ભયંકર વસ્તુ છે.

आविष्टिता अघविषा
पृदाकूरिव चर्मणा ।
सा ब्राह्मणस्य राजन्य
तृष्टा एषा गौरनाद्या ॥

અર્થ:—(एषा ब्राह्मणस्य अनाद्या गौः) બ્રાહ્મણની આ અનાશનીયા વાણી, (तृष्टा) જ્યારે તરસી થાય છે, એટલે બોલવાની તીવ્ર ઇચ્છાવાળી થાય છે પણ બોલવાનું મળતું નથી, રોકી રાખવામાં આવે છે, ત્યારે (सा) તે વાણી (चर्मणा आविष्टिता×) ચામડાથી ઢંકાયલી (पृदाकुः इव) સાપણની પેઠે (अघविषा) ભયંકર વિષવાળી થઇ જાય છે.

જોકે બ્રાહ્મણની વાણી ઘણી સરલ, દયાલુ અને પરોપકારી હોય છે, કોઇને હાનિ નહીં પહોંચાડવાને ચાહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, પણ તેને રોકવામાં આવે છે (તરસી રાખવામાં આવે છે) ત્યારે રોકનાર રાજાને માટે અથવા સરકારને માટે તે વાણી કેવી થઈ જાય છે, એ વાત આ મંત્રમાં કહી છે. ત્યારે તે વાણી ભયંકર વિષવાળી સાપણના જેવી થઈ જાય છે. ઉપરથી તો સાપણ સુંદર ચમકતી ચામડીથી ઢંકાયલી હોય છે, એક નિર્દોષ પ્રાણી દેખાય છે, પણ એના મોંમાં જીવલેણ વિષ ભરેલું હોય છે. જો એમાં ઝેર ન હોય તો સાપણ સર્વને ઘણી વહાલી અને મનોહર વસ્તુ લાગે. એવી જ રીતે એ રોકી રાખેલી બ્રાહ્મણની વાણી બહુ સીધી અને ભોળી વસ્તુ દેખાય છે, છતાં પણ એવા રોકનાર રાજા અને સરકારને માટે ઝેરવાળી થઈ જાય છે. કેવી રીતે ઝેરવાળી થઇ જાય છે, તે જરા સમઝવાલાયક વાત છે.

રોકવાથી વિષ પેદા જ થાય છે. નહીં રોકવા લાયક વસ્તુને રોકવાનું એવું જ પરિણામ આવે છે. પોતાની ઓરડીમાં આવતા વાયુને બિલકૂલ રોકો, બંધ કરો, વાયુ આપણને કંઈ નહીં કહે, પણ આપણી બંધ ઓરડી વિષ-વાળી થઇ જશે અને આપણા મોત સુધીનું કારણ થઇ જશે. શરીરમાં લોહીની ગતિ બંધ કરો, શરીર વિષવાળું થઈ જશે. કોલેરાની બીમારીમાં મરણ એટલા માટે થાય છે કે, પેશાબ બંધ થઈ જાય છે. પેશાબ અટકી જવાથી શરીરમાં વિષ જમા થાય છે. કોઇ મુરખો એમ કલ્પના કરે કે, પેશાબ એક જાતનું પાણી છે. જો એને શરીરમાં રોકી રાખવામાં આવે (બહાર નીકળવા દેવામાં ન આવે), તો તે પાણી આપણા શરીરને શું નુકશાન કરવાનું છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એને ખબર નથી કે, એમ કરવાથી શરીરમાં ઝેર એકઠું થઇ જશે. ખરી વાત એ છે કે, પવિત્ર કરનારી વસ્તુઓને સ્વતંત્રતાથી પોતપોતાનું કામ કરવા દેવી જોઈએ. તે કદી પણ રોકી રાખવા લાયક નથી, એને રોકવાથી પવિત્રતા થતી બંધ થઈ જશે, હમેશાં બનતું રહેનાર ઝેર બહાર નીકળી શકતું નથી. બ્રાહ્મણની વાણી પણ એવીજ પવિત્ર કરનારી (પાવમાના) વસ્તુ હોય છે. મૂર્ખ અથવા સ્વાર્થી રાજા એ વાણીને અહિતકર સમજીને રોકે છે, તે એમ સમજે છે કે, એ વાણી ચુપ થઈ જવાથી લાભ થશે, પરંતુ થાય છે એમ કે, રાષ્ટ્રમાં (રાજ્યમાં) પવિત્રતા થતી બંધ પડે છે, એટલે સારા પવિત્ર વિચારો ફેલાતા બંધ થાય છે. હવે પાઠક સમજ્યા હશે કે, રોકવાથી બ્રાહ્મણની વાણી કેવી રીતે વિષવાળી થઇ જાય છે અને એને સાપણની ઉપમા કેમ આપી છે.

મૂળે બ્રાહ્મણની વાણીમાં તો કદી પણ ઝેર નથી હોતું. તે તો અમૃતથી ભરેલી હોય છે, પણ સામાન્ય પ્રજામાં જે સ્વભાવથી બદલો લેવાની ઈચ્છા, ક્રોધ, હિંસા, દ્વેષ આદિ ઝેર રહેલાં છે, તે ઝેર સામાન્ય રીતે સ્વતંત્ર, સ્વાધીન બ્રાહ્મણની વાણીદ્વારા નીકળતાં રહે છે, તેથી રાજ્યમાં ઝેર જમા થતું નથી. પરંતુ જ્યારે કોઇ મૂર્ખ રાજા આ અનાઘા, પાવમાની સ્વાધીન બ્રાહ્મણની વાણીને અટકાવી રાખે છે, ત્યારે એનું પરિણામ એ આવે છે કે રૈયતમાં એવા રાજાની વિરૂદ્ધ દ્વેષ, ઘૃણા આદિ ઝેર એકઠાં જ થાય છે. આપણા દેશની વર્તમાન અવસ્થાનો દાખલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લો–સાધારણ રીતે સર્વેનો એવો અનુભવ છે કે, મહાત્મા ગાંધીની વાણી કેટલું બધું ઝેર દૂર કરવાનું કામ કરે છે. સરકારી કેટલાક સમજદાર મોટા અધિકારીઓ પણ આ વાત સમજે છે કે, મહાત્મા ગાંધીને બોલતા રોકવાને બદલે એમને બોલવા દેવું સારૂં છે. એ એટલા માટે કે, ખરી રીતે બ્રાહ્મણની વાણી પવિત્રતા–કારક વસ્તુ છે, એનું તો કામ જ સર્વ જાતનાં ઝેર દૂર કરવાનું છે. તે વાણી રાજા–પ્રજા સર્વમાંથી ઝેર દૂર કરવાની તીવ્ર ઇચ્છા-વાળી હોય છે.

આ મંત્રમાં **તૃષ્ટા** શબ્દ ખાસ ધ્યાન દેવા લાયક છે. એનો મૂળ અર્થ "તીવ્ર ઇચ્છાવાળી" એવો થાય છે. વાણીની ઇચ્છા તો બોલવાની જ હોય છે, તેથી એનો અર્થ અમે કર્યો છે.–"જે બોલવા ચાહે છે પણ બોલવું મળતું નથી." પણ તૃષ ધાતુ એક ખાસ ઇચ્છામાં--પીવાની ઇચ્છામાં રૂઢ થઇ ગયો છે. આ રૂઢિ અર્થમાં બોલવામાં આવે, તો એનો અર્થ "તરસી" એવો થાય છે. બ્રાહ્મણની વાણી રાજ્યમાં ઝેર દૂર કરવાને માટે તરસી રહે છે. જ્યારે આપણને તરસ લાગે છે ત્યારે એમ સમજવાનું છે કે, શરીરમાં કોઇ એવાં ઝેર જમા થઇ ગયાં છે કે, જેને શરીર પોતાના પ્રસિદ્ધ પવિત્રતાકારક સાધન પાણી દ્વારા દૂર કરવા ચાહે છે, તેવી જ રીતે બ્રાહ્મણની વાણી રાજ્યમાંથી એટલે રાજા–પ્રજા સર્વમાંથી જ્યારે ઝેર દૂર કરવાની તીવ્ર ઈચ્છાવાળી થાય છે, ત્યારે જ તે બોલવા ચાહે છે, તરસી થાય છે.×× પરંતુ જ્યારે રાજ્યનો મૂર્ખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા કડવી વાત સાંભળવી નહીં ચાહતો હોવાથી એ વાણીને બોલવા નથી દેતો, તરસી રાખે છે, ત્યારે તેથી રાજ્યરૂપી શરીરમાં ઘોર ઝેર જમા ન થાય, તો બીજું શું થાય?

જો કોઈ આદમી હવાની સાથે આવનાર ગરમી કે સરદીના ડરથી હવાને બિલકુલ જ બંધ કરવાની ગોઠવણ કરવા લાગે, તો જેમ એનો કોઇ હિતૈષી એને સમજાવે કે, "આ તો તું આત્મ-ઘાત કરવા લાગ્યો છે, જો હવા બિલકુલ બંધ થશે, તો તું થોડી મિનિટમાં જ મરી જઈશ, સરદી અથવા ગરમીના ડરથી હવા આવતી બંધ કરવી એ તો વીંછી આગળથી દોડી જઈ સાપના મોંમાં પડવા જેવું છે, ગરમી અથવા સરદી યથાશક્તિ સહન કર, પણ હવાને આવતી તદ્દન બંધ નહીં કર....", તેવી જ રીતે અહીં વેદે રાજાને પોતાના હિત માટે એ બ્રાહ્મણની વાણીને બંધ કરવાનું ભયંકર પરિણામ બતાવીને સમજણ પાડી છે.

નોટ — × **चर्मणा** + **अचिष्टिता** આવા પાઠનો અર્થ એવો પણ થઇ શકે છે કે, કાંચળીથી અલગ થયેલી છે. કહેવાય છે કે, જ્યારે સાપણ કાંચળી ઉતારે છે, ત્યારે તે વધારે વિષવાળી થાય છે.

×× આ મંત્રમાં જો ગૌનો અર્થ ગાય પશુ હોય, તો એના વિશેષણ તરીકે વપરાયલા **तृष्टा** શબ્દનો ખાસ, બંધબેસતો અભિપ્રાય શો હોઈ શકે? એ પાઠક જ જાતે વિચારી જુએ. ગ્રિફીથ સાહેબે અહીં **तृष्टा**નો અર્થ ખરાબ સ્વાદવાળી કર્યો છે, તે કેવી રીતે, શા આધારે કર્યો છે, તે માલમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) એ વાણી સર્વમાં આગ લગાડે છે.

निर्वै क्षत्रं नयति हन्ति वर्चो
अग्नि रिवारब्धो विदुनोति सर्वम् ।
यो ब्राह्मणं मन्यते अन्नमेव
स विषस्य पिबति तैमातस्य ॥

અર્થ–રોકવામાં આવેલી બ્રાહ્મણની વાણી (वैक्षत्रं निः नयति) રાજ્યમાંથી ક્ષત્રને (અધિકારને) કાઢી મૂકે છે, (वर्चः हन्ति) તેજનો નાશ કરે છે અને (आरब्धः अग्निः इव) સળગાવેલી આગની પેઠે (सर्व विदुनोति) સર્વ કંઇ બાળી નાંખે છે. આમ (यः ब्राह्मणं अन्नं एव मन्यते) જે રાજા બ્રાહ્મણને ખાઈ જવાની ચીજ સમજે છે, (सः तैमातस्य विषस्य पिबति) તે પાણી સાથે ઘોળેલું વિષ પીએ છે.

ઘણા ખરા વૈદ્યો અને રોગી માણસો શરીરમાંથી બહાર નીકળવા ચાહતા વાત, પિત્ત આદિ દોષોના અંશોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા વિજાતીય દ્રવ્યોને ઔષધના સેવનદ્વારા અથવા બીજા અપ્રાકૃતિક ઉપચારો દ્વારા દબાવી દેવાનો યત્ન કરે છે, પણ એવી રીતે દબાવી દેવાનું પરિણામ એ આવે છે કે, તે દોષો પોતાના રૂપમાં નીકળી શકતા નથી, તો બીજા કોઈ રૂપમાં ફૂટી નીકળે છે. એવું જ પરિણામ બ્રાહ્મણની વાણીને દબાવી દેવાથી આવે છે. રાજા જો બ્રાહ્મણની વાણીને બોલવા દેતો નથી, દબાવી દે છે, તો તો તે વાણી પણ બીજા રૂપમાં ફૂટી નીકળી છે. વાણીને (અંદરના ભાવને પ્રકટ થવાને) સંપૂર્ણ રીતે રોકી શકાતી નથી, તે વાણી अनाद्या છે, अबन्धनीया છે. વાણીના અવાજને રોકવાથી અથવા લેખન આદિ દ્વારા વાણીનો પ્રકાશ થાય છે તેને રોકવાથી તે રોકાઈ શકતી નથી, પણ જેમ વાત, પિત્ત, કફ કુપિત થઇ જાય છે, રોગનાં લક્ષણોનાં રૂપમાં પ્રકટ થાય છે, તેવી જ રીતે બ્રાહ્મણની વાણી પણ વિકૃત કુપિત થાય છે, વિકૃત રૂપમાં ફાટી નીકળે છે.

હવે પછી છઠ્ઠા મંત્રમાં આપણે જોઈશું કે બ્રાહ્મણની વાણી અગ્નિરૂપ છે. એજ અગ્નિરૂપ વાણી જ્યારે રોકી રાખવાને કારણે વિકૃત થાય છે, ત્યારે વિકૃત અગ્નિનું રૂપ ધારણ કરે છે. શરીરનું જ ઉદાહરણ લેઈએ, તો આપણે જાણીએ છીએ કે, શરીરમાં શુદ્ધ અવિકૃત અગ્નિ સદા રહે છે, જેથી આપણું શરીર કાયમ નીરોગી રહે છે. ભોજનની બરાબર પચન આદિ ક્રિયાઓ દ્વારા એ અગ્નિ સદા ઉત્પન્ન થતો રહે છે અને જુદી જુદી રીતે અન્નને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચાવવા આદિ શરીર સંબંધી કાર્યોમાં તેનો વ્યય થતો રહે છે અને તે શરીરને સ્વસ્થ પુષ્ટ રાખે છે, પણ જ્યારે તે અગ્નિ જ વિકૃત થાય છે, ત્યારે શરીરમાં તાવ પેદા કરે છે. એ વખતે આખા શરીરમાં બળતરા લાગે છે, શરીરની અંદરનાં બધાં કામ બગડે છે, શરીર નબળું પડે છે, સહન-શક્તિ જતી રહે છે, ચિત્તમાં ઉત્સાહ રહેતો નથી, મન મુંઝાઈ જાય છે, ભૂખ લાગતી નથી અથવા તરસ વધારે લાગે છે. એવા અનેક ઉપદ્રવો પેદા થાય છે. જ્યારે રાજ્યરૂપી શરીરમાં અગ્નિ (બ્રાહ્મણવાણી) રોકવાને કારણ વિકૃત રૂપમાં પ્રકટ થાય છે, ત્યારે રાજ્યમાં એવા હાલ થાય છે. તે વખતે રાજ્ય ઉપતપ્ત થાય છે (दु-उपतापे આ ધાતુ ઉપરથી दुनोति શબ્દ બનેલો છે), જાણે એને તાવ ચઢી જાય છે, આખા રાજ્યમાં આગ લાગી જાય છે. જેમ એક ચિનગારીથી સર્વમાં આગ ફેલાઇ જાય, તેમજ રોકવામાં આવેલી વાણીને લીધે રોકાયલા અને તેથી અધૂરા નીકળેલા, એ રાજાની કે રાજ પ્રણાલીની વિરૂદ્ધ વિચારો વિકૃત રૂપમાં રાજ્યભરમાં ફેલાઇ જાય છે, એનાં કામો સામે ઉશ્કેરણી કે રોષ ફેલાય છે. રાજ્યમાં વિચારોની એક અનિયંત્રિત (અંકુશ વિનાની) ક્રાન્તિ (ઉથલપાથલ) થઇ જાય છે, સર્વ કંઇ બળવા લાગે છે. બુરી વાતોની સાથે સાથે ઘણી એક સારી વાતો પણ નષ્ટ થઇ જાય છે. अग्निः इव आरब्धो विदुनोति सर्वं.

બ્રાહ્મણની વાણીને રોકવાનું પરિણામ કેવળ એટલું જ નથી હોતું, પરંતુ તાવ ચઢવાથી જેમ શરીરની શક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતી રહે છે, શરીર નબળું પડી જાય છે, તેમજ રાજ્ય-રૂપી શરીરમાં પણ જ્યારે આ બ્રાહ્મણ-વાણી કુપિત થઇ જવાથી રાજ્યની વિરૂદ્ધ ઉશ્કેરણીની આગ લાગે છે, ત્યારે ક્ષત્ર (સત્તા, અમલ), ક્ષાત્ર બળ જતું રહે છે. તે રાજા અથવા સરકારની સામે પ્રજાનો વિરોધ જેટલો તીવ્ર થાય છે, તેટલા પ્રમાણમાં તેનું ક્ષત્ર નષ્ટ થતું જાય છે. ક્ષત્રિયોનો મોટો ભાગ તે સરકારની સેવા કરવી મૂકી દે છે અને જે થોડા ક્ષત્રિયો સેવા કરે છે, તેમના કાબુમાં પ્રજા રહેતી નથી, એટલે અરાજકતા (અંધેર) આવે છે. ક્ષત્રની વિરૂદ્ધ પ્રજા એટલી હદ સુધી સામે પડે છે કે, રાજાને ગાદી પરથી ઉઠાડી દે છે અથવા સરકારને બદલી દે છે—જેમ પ્રાચીન કાળમાં વેણુ રાજાને ગાદી પરથી ઉઠાડી મૂકયો હતો, જેમ ઇંગ્લાંડમાં પહેલા ચાર્લ્સને અને ફ્રાંસમાં સોળમા લુઇને શૂળીએ ચઢાવી દીધાં હતા અને જેમ હાલના સમયમાં રશિયાની પ્રજાએ પોતાના રાજા ઝારની બુરી વલે કરી છે.

આરંભમાં આ ક્ષત્રનો (અમલનો, સત્તાનો) થતો જતો નાશ સ્પષ્ટ રીતે દેખવામાં આવતો નથી. ખાટલા પર જ પડી રહે ત્યાં સુધી ઘણી વાર તાવવાળા માંદા માણસને પણ પોતાની શક્તિના હ્રાસની ઘણા વખત સુધી ખબર પડતી નથી, પણ જ્યારે તે બેસવા ઉઠવાને અને ચાલવાને યત્ન કરે અને પડી જાય, ત્યારે ખબર પડે છે કે પોતે કેટલો નબળો પડી ગયો છે. એવી રીતે એવા અશાંત રાજ્ય પર જ્યારે કોઇ પર રાજ્ય ચઢાઈ કરે અથવા એવી કોઈ બીજી ઘટના બને, ત્યારે તે રાજ્ય ટકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતું નથી, કારણ કે તે વખતે રાજાને પડખે પ્રજાની સહાનુભૂતિ (લાગણી) નહીં હોવાથી દેશવાસી (પ્રજા) સરકારને મદદ કરતા નથી. ત્યારે રાજાને ખબર પડે છે કે, પોતે કેટલો નિર્ક્ષત્ર (સત્તા-અધિકાર-વિનાનો) થઈ ગયો છે અને રાજ્યને એવી અશાંત અવસ્થામાં ત્યાંસુધી રહેવું પડે છે કે, જ્યાંસુધી ત્યાં નવો અમલ સ્થપાતો નથી. બ્રાહ્મણની વાણીને રોકવાનું આવું ખરાબ પરિણામ આવે છે.

વળી જેવી રીતે તાવની ખોટી ગરમી ચઢવાથી માણસનું સ્વાભાવિક તેજ ક્ષીણ થાય છે, તેવી જ રીતે તે અવાંછિત (અપ્રિય) રાજ્યની વિરૂદ્ધ આંદોલનના (ઉશ્કેરણીના) અગ્નિના ભડકા નીકળવાથી એ રાજ્યની પ્રતિષ્ઠા (માન આબરૂ) જતી રહે છે, એનું તેજ, એની સહે, જતી રહે છે. કેટલીક વાર જેમ માણસના મોંની ફીકાશ તાવ ઉતરી ગયા પછી સ્પષ્ટ દેખાય છે, તાવના સમયમાં નહીં, તેમ એવા અમલનો તેજો નાશ પણ સંસારમાં કોઇ કોઈ વાર કેટલોક સમય વીત્યા બાદ પ્રકટ થાય છે.

અમલની (અધિકાર, સત્તાની) સાથે જ અમલનું તેજ રહે છે, અમલના નાશની સાથે તેજ પણ નષ્ટ થાય છે, એ સ્વાભાવિક છે. એવે સમયે બહારનાં રાજ્યો એના ઉપર વિશ્વાસ રાખતાં નથી, એની મૈત્રી ચાહતાં નથી, પરંતુ એને દબાવવાને યત્ન કરે છે, તેમજ એની અંદર પણ જેમ જેમ એ ક્ષત્ર (સત્તા) અને તેજ (સહે) વધારે ને વધારે નષ્ટ થતું જાય છે, તેમ તેમ એ વિરોધનો અગ્નિ વધારે પ્રચંડ થતો જાય છે. જે સામાન્ય લોકો પ્રથમ રાજ્યના ભારબોજને (પ્રતિષ્ઠા, આબરૂને) કારણ ડરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતા હતા, તેઓ પણ હવે રાજ્ય-શક્તિના હ્રાસને કારણ ઉઘાડે છોગે, ખુલ્લે ખુલ્લા વિરોધમાં સામેલ થવા લાગે છે. આવી રીતે એ અગ્નિ પ્રચંડ રૂપ ધારણ કરતો જાય છે અને પ્રજા વિરોધી અમલને બિલકુલ સ્વાહા[1] કરે છે, ત્યારે તે શાન્ત પડે છે.

રાજ્ય પર આ બધી આપત્તિ બ્રાહ્મણ-વાણીને રોકવાથી આવે છે. જો એને રોકવામાં ન આવે, પણ એને ધ્યાનમાં લેવામાં આવે, તો રાજા અને પ્રજા બેઉને લાભ થાય. રાજા એ વાણી સાંભળીને શુદ્ધ થાય અથવા તો શાસન છોડી દે, જેથી પ્રજાને પણ એટલું કષ્ટ ન પડે. સાચા બ્રાહ્મણની વાણીમાં સદા તેજ હોય છે, સ્વાભાવિક અગ્નિ હોય છે, કારણકે તે બ્રાહ્મણ સાવ નિઃસ્વાર્થ તપસ્વી હોય છે. જોકે સાધારણ લોક તો બ્રાહ્મણ-વાણીની શક્તિનો ત્યારે જ અનુભવ કરે છે કે, જ્યારે એ દ્વારા કોઈ વિકૃત આગને દેશભરમાં સળગેલી જુએ છે (જેમ આપણે દેહના અગ્નિને તાવ ચઢે ત્યારે જ સ્પષ્ટ જોઇએ છીએ), પણ બ્રાહ્મણની વાણીરૂપી અગ્નિ તો, જો તેને રોકવામાં ન આવે તો, નિરન્તર જ ચુપકીથી ઘણું ભારે કામ કરતો રહે છે. એ વાણીના તેજથી જે રાજ્યમાં શાન્ત ક્રાન્તિ (ઉથલપાથલ) થઇ જાય છે, તેમાં રાજા અને પ્રજા બેઉનું કલ્યાણ થાય છે. તેથી બ્રાહ્મણ-વાણી કદી રોકવી જોઇએ નહીં. જો રોકવામાં આવે, તો તે બીજે રૂપે ફાટી નીકળવાની.

આ પછી આ મંત્રના બીજા ભાગમાં જે કંઇ કહ્યું છે, તે સ્પષ્ટ જ છે. જે રાજા બ્રાહ્મણને[2] અન્ન (ખાઇ જવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીજ) સમજે છે, તે ઘોળેલું વિષ પીએ છે. ઘોળેલું વિષ જલદી અસર કરે છે. અન્ય સાધારણ લોકની વાણી રોકવી એ પણ વિષપાન છે, પણ બ્રાહ્મણની વાણીને રોકવી એ ઘોળેલું (तैमात)[3] વિષ પીવું છે. બ્રાહ્મણ-વાણીનો પ્રભાવ પણ સર્વ પર અને એકદમ પડે છે.

એમ કહેવું જોઇએ કે, જેમ કોઈ અજ્ઞાની વિષ ખાતો એમ સમજે કે, હું ભોજ્ય અન્ન ખાઇ રહ્યો છું, એથી મારી પુષ્ટિ થશે, તેવું જ મૂર્ખતાનું કામ તે રાજા કરી રહ્યો હોય છે કે જે બ્રાહ્મણને (પ્રજાના સાચા નેતાને) દબાવવામાં, પજવવામાં, મારવામાં, નાશ કરવામાં પોતાની પુષ્ટિ-પોતાના શાસનની પુષ્ટિ-સમજે છે.

નોટ-(૧) પાઠક આ સર્વ મંત્રોમાં જોતા જાય, કે જો અહીં ગાયનું જ વર્ણન ખરી રીતે હોય, તો એ અર્થ કેવી રીતે બંધ બેસે છે. (૨) અહીં બીજી વખત કહેવાની જરૂર નથી કે, આ મંત્રમાં તથા આગલા મંત્રમાં બ્રાહ્મણને ખાઇ જવાની જે વાત લખી છે, તેને કોઇ પણ રૂઢિ અર્થમાં સમજીને "ચાવી ખાવું" એમ માનશે નહીં. તેવી જ રીતે જ્યાં બીજા મંત્રોમાં બ્રાહ્મણને બદલે બ્રાહ્મણ-વાણીને ખાઈ જવાની વાત આવી છે, ત્યાં પણ એનો અર્થ મોંમાં ચાવી પેટમાં ઉતારવું એવો નથી, પણ બ્રાહ્મણને સતાવવો, બોલતો બંધ કરવો અને એની વાણીને પણ રોકવી, વાણીનો પ્રચાર થવા દેવો નહીં-એવો અર્થ ખરો છે. તેથી ખાઇ જવું એ શબ્દ આવવાથી જ ગાનો અર્થ પણ ગાય સમજી લેવાનો નથી, તેનો ખરો અર્થ આ સૂક્તમાં વાણી એવો સમજવાનો છે. (૩) **तिम-क्लेदने** એ ધાતુ પરથી તૈમાત શબ્દ બનેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) એવા રાજાને અંદર કે બહાર ક્યાંએ પણ શાન્તિ મળતી નથી.

य एनं हन्ति मृदुं मन्यमानो
देवपीयु र्धनकामो न चित्तात् ।
सं तस्येन्द्रो हृदये अग्निमिन्धे
उभे एनं द्विष्टो नमसी चरन्तम् ॥

અર્થઃ—જે (देवपीयुः) દેવભાવનો નાશક, (धनकामः) ધનલોભી રાજા, (न चित्तात्) અણુસમજને, અજ્ઞાનને, કારણ, (मृदुं मन्यमानः एनं हन्ति) આ બ્રાહ્મણને કોમળ, દુર્બળ ગણી હનન કરે છે, (तस्य हृदये) તે રાજાના હૃદયમાં, (इन्द्रः) ઇન્દ્ર, (अग्नि समिन्धे) આગ સળગાવે છે, અને (एनं चरन्तं) જ્યારે એ ચાલતો હોય છે કે કામ કરતો હોય છે ત્યારે, (उभेनभसी) દ્યો અને પૃથિવી બેઉ–એટલે એ લોકોમાં રહેલા સર્વ દેવતા, (द्विष्टः) એનો દ્વેષ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછલા મંત્રમાં કહ્યું છે કે, એવો રાજા મૂર્ખતાને કારણ, અણુસમજને કારણ વિષને અન્ન સમજે છે–બ્રાહ્મણુને પીડા દેવી એ પોતાને ઘાતક (નુકશાનકારક) છે એમ સમજવાને બદલે, પોતાને પોષક (લાભકારક) છે એમ સમજે છે. પણ એ અણુસમજ (न चितात्) એનામાં ક્યાંથી આવે છે? એનું કારણ છે ધનલોભ. એને ધનની ઇચ્છા હોય છે. એને ધનની ઈચ્છા કેમ હોય છે? એનું કારણ એ છે કે તે દેવપીયુ છે. એ શબ્દનો અર્થ પ્રથમ સમજી લો. આ શબ્દ હવે પછીના મંત્રોમાં પણ આવશે અને ૧૩મા મંત્રમાં તો તે મુખ્ય શબ્દ હશે. દેવપીયુનો અર્થ છે દેવોનો હિંસક. દેવપીયુ તે રાજા કહેવાય છે કે, જે પોતાના રાજ્યમાં, પોતાના શાસનમાં (અમલમાં) દૈવભાવોનો નાશ કરે છે. જેમ અગાઉ કહ્યું છે કે, આ જગત પર દેવાધિદેવ પરમાત્મા પોતાના અગ્નિઆદિ દેવો દ્વારા અટલ અને પૂર્ણ શાસન કરી રહ્યા છે. જેમ એ ભગવાનના રાજ્યના પદાધિકારી દેવતાલોક સાવ નિ:સ્વાર્થ રહી પૂર્ણતાપૂર્વક અટલ નિયમો પ્રમાણે શાસન કરે છે, તેવી જ રીતે જે મનુષ્ય–રાજાનું શાસન હોય છે, એટલે એવા નિયમોનું યથાશક્તિ અનુકરણ જ્યાં હોય છે, તે શાસન દૈવશાસન કહી શકાય છે, પણ જે રાજા પોતાના શાસનમાં પોતાનું કર્તવ્ય ભૂલી જઇ સ્વાર્થરત થઇ જાય છે, એવા રાજ્યમાં દૈવભાવ માર્યા જાય છે અને આસુર ભાવ જીવિત રહે છે. એવા રાજાને વેદમાં **દેવપીયુ** કહ્યો છે. સંક્ષેપમાં, પોતાના કર્તવ્યનું પાલન નહીં કરનાર, પ્રજા–પીડક, સ્વાર્થી રાજાનું નામ **દેવપીયુ** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા સ્વાર્થી, પ્રજા તરફ પોતાનું કંઇ કર્તવ્ય ન સમજનાર, પ્રજાનું કંઇ ધ્યાન ન રાખનાર રાજા અક્ષદ્રુગ્ધ બને છે, વિલાસી, વિષયી બને છે. પોતાના એ વિષયોનું જ સદા ધ્યાન કરતાં કરતાં એનામાં એ વિષયોની પૂર્તિમાં સાધનભૂત જણાતા ધન માટે काम પેદા થાય છે, એને ધનની તીવ્ર ઇચ્છા થાય છે. એ ઇચ્છા એટલી અંધ થાય છે કે, એ ઇચ્છાની આગળ એને બીજું કંઈ સૂઝતું નથી. કોઇ પણ રીતે ધન મળે, કેવળ એજ વાત એને સૂઝે છે, બીજી કોઇ તરફ એનું ધ્યાન જતું નથી. જ્યારે "ધનકામ"ને કારણ તે એટલો અંધ થઈ જાય છે–ગીતાના શબ્દોમાં કહીએ તો "કામને" કારણ સંમુગ્ધ અને સ્મૃતિભ્રષ્ટ થઇ જાય છે, ત્યારે તે રાજા બ્રાહ્મણને મૃદુ-દુર્બળ સમજે છે, એને ખાઇ જવાને ઘણું સહેલું અને નિર્દોષ સમજે છે.

એવા રાજાની આંતરિક અવસ્થા કેવી હોય છે, એ વાતનું વર્ણન આ મંત્રમાં છે. એમાં કહ્યું છે કે, ઇન્દ્ર એના હૃદયમાં આગ સળગાવે છે અને બેઉ લોક–આકાશ અને પૃથિવી–એનો ચાલતી વખતે દ્વેષ કરે છે. જ્યારે તે બેઠેલો હોય છે, એકલો હોય છે, ત્યારે તો એની અંદર ઇન્દ્રે સળગાવેલી આગ એને બાળે છે, તપાવે છે અને જ્યારે તે ચાલતો હોય છે, એટલે લોકોના સંબંધમાં આવી કામમાં લાગે છે, ત્યારે ઉપર નીચે સર્વ સંસાર એને ધિક્કારતો લાગે છે–એટલે એકલા હોવામાં કે કામમાં લાગ્યા છતાં એને કદી પણ શાંતિ મળતી નથી. એકલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, ત્યારે ચિન્તાનો અગ્નિ અથવા પશ્ચાત્તાપનો અગ્નિ એને બાળવા લાગે છે—અંતઃકરણ એને ડંખે છે—(અંતઃકરણનો નિવાસી એનો આત્મા ઈન્દ્ર એને બાળે છે), તો તેથી બચવાને માટે જો તે બહારનાં કામોમાં ગુંથાય છે અને લોકોમાં ભળે છે, તો ત્યાં પણ એને પોતાની નિન્દા થતી સાંભળવામાં આવે છે અથવા પોતા તરફ તિરસ્કારનો ભાવ જોવામાં આવે છે. લોકોમાં એને માટે તિરસ્કારની લાગણી પેદા થઈ ચુકેલી હોય છે અને તેવી લાગણી કોઈ ન કોઈ રીતે પ્રકટ થયા વગર રહેતી નથી. આમ અંદર અને બહાર કહીં પણ એને ચેન માલમ પડતું નથી, શાંતિ મળતી નથી.

ખરેખરી રીતે બહાર જે કંઇ છે, તે બધું અંદરની જ છાયા છે. હરેક વ્યક્તિની દૃષ્ટિએ સંસારમાં બેજ ચીજો છે—(अ) આત્મ=સ્વ=અંદર અને (ब) અનાત્મ=પર—બહાર. સર્વ અનાત્મ (બહારની) ચીજ હરેક વ્યક્તિને માટે એના આત્મની (અંદરની જ) પ્રતિકૃતિ છે. હરેક વ્યક્તિમાં આત્મનું (અંદરનું) કેન્દ્ર સ્થાન હૃદય છે. તેમાં સર્વ સંસાર હાજર છે. એજ ઇન્દ્રનું (આત્મા અને પરમાત્માનું) સ્થાન છે. તેથી આ આત્મનું (અંદરનું) વર્ણન આ મંત્રમાં “ હૃદયમાં ઈન્દ્ર આગ લગાડે છે ” એવી રીતે કર્યું છે અને બાકીના સર્વ જગતનું (અનાત્મનું) આ મંત્રમાં ઉભે નભસી શબ્દથી વર્ણન કર્યું છે. આવા દેવપીયુ રાજાએ પોતાની અંદરમાં (આત્મમાં) દેવોનો નાશ કર્યો હોય છે, તેથી કરીને તે બહારના (સર્વ સંસારના) સર્વ દેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો દ્વેષ કરે છે, પ્રતિકૂળ થાય છે. તેથી હવે એ રાજાનો સુધારો અંદરથી જ થઈ શકે છે, એટલા માટે ઇન્દ્ર (એનો આત્મ અથવા પરમાત્મા) એની અંદરના કેન્દ્રસ્થાન હૃદયમાં પશ્ચાત્તાપ કે દુઃખની આગ સળગાવે છે, જેથી પીડિત થઇ તે પોતાના પહેલાના–અંદરના આત્મ–રાજ્યનો મહિમા સમજે, પોતામાં દેવોનું રાજ્ય ફરીથી સ્થાપે. બહારનું આખું જગત એનો દ્વેષ કરે છે, તે દેખીને પણ તેણે એવી શિક્ષા ગ્રહણ કરવી જોઇએ કે, તે દેવપીયુને બદલે દેવ-બંધુ બને, પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ છોડી દેઈ પ્રજા–પાલનના કર્તવ્યમાં પોતાનો સ્વાર્થ સમજે.

પાઠક અહીં એ જુએ કે, અહીં એવા રાજાને **પ્રજા-પીયુ** કહેવાને બદલે **દેવપીયુ** કહ્યો છે અને "સર્વ પ્રજા એનો દ્વેષ કરે છે" એમ કહેવાને બદલે "બેઉ લોક એટલે સર્વ દેવતા એનો દ્વેષ કરે છે" એમ કહ્યું છે. સર્વ જગતને દેવમય જોવાની વેદની શૈલી છે. વૈદિક વાયુમંડ-લમાં રહેનારની સર્વત્ર દેવ–ભાવના થઇ જાય છે. પ્રજાના જેટલા મનુષ્યો છે, તે સર્વે દેવ છે, એમ રાજાએ સમજવું. વેદમાં **પંચજન** નામથી આ પ્રજા દેવતાની સ્તુતિ કરેલી છે. તેથી **પ્રજાદ્રોહ** એ **દેવદ્રોહ** છે, એનું કારણ એ કે, જે રાજા રાજા થઈ પ્રજાને પીડે છે, તે રાજા કેવળ પ્રજારૂપી દેવતાઓ તરફ પાપ કરે છે, એટલું જ નહીં, પણ તે દેવોના દેવ પરમાત્મા તરફ પાપ કરે છે. વેદમાં આ આવા ઉચ્ચ આશયથી એને "પ્રજાપીયુ" ને બદલે "દેવપીયુ" કહ્યો છે. આમ પ્રજારૂપ દેવતા એની વિરુદ્ધ થઇ જાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું જ નહીં પણ જગતના સર્વ લોકોના દેવતા એની વિરૂદ્ધ થઇ જાય છે, કારણ કે તે પ્રજાને પીડા દેઇ જગતના (પરમાત્માના) નિયમોનો ભંગ કરે છે. જેમ બ્રાહ્મણની વાણી દેવોએ રાજાને આપી છે, તેમજ પ્રજા પણ પાલન પોષણ કરવા માટે દેવોએ (પરમ દેવ પરમાત્માએ) તેને આપી છે. તેથી એ કેવળ પ્રજા–દેવતાઓ તરફ પાપ નથી કરતો, પરંતુ પરમાત્મા તરફ પણ પાપ કરે છે. પાઠકો આ વાત સારી રીતે હવે સમજ્યા હશે.

એથી ઉલટું જે ઉપર કહ્યા પ્રકારનો બ્રાહ્મણ છે, તેને અનુકૂલ પ્રજા હોય છે, એટલું જ ન કહેતાં વેદ પોતાના આગલા મંત્રમાં એમ કહેશે કે, સર્વ દેવતા એને અનુકૂલ હોય છે અને એ દેવતાઓની અનુકૂળતાને કારણ બ્રાહ્મણ અસહાય, દુર્બળ, મૃદુ નથી હોતો, કે જેમ દેવપીયુ રાજા એને સમજે છે, પરંતુ તે તો સર્વ દેવતાઓની મહતી શક્તિ વડે સુરક્ષિત છે, તેથી તે મહાબલી છે. આ વાત હવે પાઠકોના આગલા મંત્રમાં વાંચવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) બ્રાહ્મણ સ્વયં અગ્નિરૂપ છે અને એના સહાયક સર્વ દેવતા છે.

न ब्राह्मणो हिंसितव्यः
अग्निः प्रियतनो रिव ।
सोमो ह्यस्य दायादः
इन्द्रो अस्याभिशस्तिपाः ॥

અર્થ = (प्रियतनोः अग्निः इव) પ્રિય શરીરના અગ્નિની પેઠે, (ब्राह्मणः न हिंसतव्यः) બ્રાહ્મણ હોય છે, તેથી તેની હિંસા નહીં કરવી જોઇએ. (अस्य) આ બ્રાહ્મણનો, (सोमः हि) સોમરૂપ જગદીશ્વર જ (दायादः) સંબંધી છે અને (इन्द्रः) ઇન્દ્રરૂપ પરમેશ્વર (अभिशस्तिपाः) હિંસામાંથી બચાવનાર છે.

બ્રાહ્મણની હિંસા એટલા માટે નહીં કરવી જોઇએ કે, એવું કરવું એ આત્મઘાત કરવો છે. સર્વને પોતાનું શરીર વહાલું હોય છે. એમાં જે ગરમી છે, પ્રાણ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવ છે, તેથી શરીર વહાલું લાગે છે. ગરમી નિકળી જાય છે, તો શરીર મડદું થઇ જાય છે. જેમ શરીરમાં એ અગ્નિને ઠંડો કરવો એ આત્મઘાત છે, તેમજ બ્રાહ્મણને મારવો એ આત્મઘાત કરવો છે, કારણ કે બ્રાહ્મણ વહાલા રાજ્યરૂપ શરીરનો અગ્નિ છે.

આ મંત્રમાં પ્રથમ વાત એ કહી છે કે, બ્રાહ્મણ અગ્નિ છે. વૈદિક સાહિત્યમાં બ્રાહ્મણનો અગ્નિ સાથેનો સંબંધ સુપ્રસિદ્ધ છે. જ્યાં વિરાટ પુરૂષના મુખમાંથી આધિભૌતિક ક્ષેત્રમાં બ્રાહ્મણ પેદા થાય છે (ब्राह्मणोऽस्य मुखमासीत्), ત્યાં આધિદૈવિક ક્ષેત્રમાં એ પુરૂષના મુખમાંથી અગ્નિ પેદા થયો છે (मुखाद् इन्द्रश्च अग्निश्च) અને આધ્યાત્મિક ક્ષેત્રમાં એજ અગ્નિ વાણી થયો છે, (अग्निः वाक् भूत्वा मुखं प्राविशत्). દેવતાઓનો જ્યાં વર્ણ-વિભાગ કહ્યો છે, ત્યાં પણ અગ્નિદેવતા બ્રાહ્મણ છે. આવી રીતે અગ્નિ, બ્રાહ્મણ અને વાણીનો પરસ્પર સંબંધ-(એમની એકતા) વૈદિક સાહિત્યમાં માનેલો છે. એનાં ઘણાં પ્રમાણ આપી શકાય એમ છે. અહીં તાત્પર્ય એટલું છે કે, શરીરના અગ્નિના નાશની જેમ બ્રાહ્મણનો નાશ કરવો પણ આત્મઘાત છે.

આ મંત્રના ઉત્તરાર્ધમાં બીજી વાત એ કહી છે કે, સોમ બ્રાહ્મણનો દાયાદ છે અને ઇન્દ્ર એનો હિંસામાંથી રક્ષક છે. એથી કરીને એને અસહાય, દુર્બળ નહીં સમજવો. એના સાથી બે મોટા દેવતા છે. સાધારણ લોકોએ આટલું જાણવું બસ છે કે, સોમ અને ઇન્દ્ર એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે પરમાત્માનાં જ નામ છે, એ બે નામ જુદી જુદી શક્તિઓની દૃષ્ટિએ આપેલાં છે. અભિપ્રાય એમ છે કે, સર્વ જગતને એક માત્ર રાજા પરમાત્મા એ બ્રાહ્મણનો આ બે રૂપે રક્ષક છે. પરંતુ વિચારક સજ્જનોએ આ સૂક્ષ્મતામાં પણ જવું જોઇએ કે, सोम અને इन्द्र એ પરમાત્માની કઇ શક્તિઓનાં નામ છે અને અગ્નિની સાથે દાયાદ અને રક્ષક તરીકે તેઓનો સંબંધ કેવી રીતે છે?

આ આખા સૂક્તમાં અગ્નિ, સોમ અને ઇન્દ્ર એ ત્રણ જ દેવતાનું નામ બે ત્રણ જગ્યાએ આવેલું છે, જગદીશ્વરની આ જગતમાં કામ કરનારી ત્રણ મુખ્ય શક્તિઓની દૃષ્ટિએ આ ત્રણ નામો દ્વારા (ત્રણ દેવોનાં રૂપમાં) પરમાત્માને આ સૂક્તમાં ગણેલા છે. આ ત્રણમાં બાકીના સર્વ દેવતા સમાઈ જાય છે. આ ત્રિદેવત્વ (Trinity) સર્વ ધર્મોમાં પ્રસિદ્ધ છે.

પાઠકને નીચે આપેલું કોષ્ઠક જરા ધ્યાનથી વાંચવા વિનંતી છે:—

	ब्रह्म		क्षत्र
	અગ્નિ	સોમ	ઇન્દ્ર
૧	अग्रणीर्भवति	सुनोतेः	इन्दन् शत्रूणां दारयिता
૨	ઉન્નતિ (વૃદ્ધિ)	સ્થિરતા (પુષ્ટિ)	રક્ષા (શત્રુનાશન)
૩	બ્રહ્મા (ઉત્પત્તિ)	વિષ્ણુ (સ્થતિ	મહેશ (સંહાર)
૪	Progress	Permanence	Protection
૫	Legislature (વ્યવસ્થા)	Judicial (ન્યાય)	Executive (શાસન)
૬	પિંગલા	ઇડા	સુષુમ્ના
૭	પિત્ત	કફ	વાત
૮	નાભિ	શિર	હૃદય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કોષ્ટકની પહેલી ત્રણ સંખ્યા તે દેવોનો સામાન્ય સંબંધ દેખાડે છે, અને ચોથી તથા પાંચમી સંખ્યામાં એ ત્રણે દેવો આધિભૌતિક ક્ષેત્રમાં (સમાજ કે રાષ્ટ્રમાં) એક વિશેષ રૂપમાં પ્રકટ થયેલા દેખાય છે, તેમજ છ, સાત અને આઠમી સંખ્યા એ દેવોનાં રૂપને વૈયક્તિક (અલગ અલગ) શરીરમાં દેખાડે છે.

ચાલો, પ્રથમ આપણે અગ્નિ અને સોમના પરસ્પર સંબંધનો વિચાર કરીએ. **अग्नीषोमौ** એ અગ્નિ અને સોમનો દ્વન્દ્વ જગતમાં પ્રસિદ્ધ છે. અગ્નિ ઉન્નતિ, વૃદ્ધિ કરનાર છે, તો તે વૃદ્ધિને સ્થિર કરવી, પુષ્ટ કરવી, એ સોમનું કામ છે. અગ્નિ અગ્રણી એટલે આગળ લેઇ જનાર છે અને સોમ એમાં રસ ભરે છે. કેવળ અગ્નિ કે કેવળ સોમ અપર્યાપ્ત છે, એટલે બસ નથી. એ બેઉ મળીને જ જીવન ચલાવે છે, એક બીજાના પૂરક છે, સહાયક છે. ઉન્નતિ (વૃદ્ધિ) એ જોઇએ અને એ ઉન્નતિમાં સ્થિરતા એ આવવી જોઇએ. અગ્નિથી થયેલી વૃદ્ધિને સોમ પુષ્ટ કરે છે, તેથી સોમ અગ્નિનો દાયાદ છે-અગ્નિએ આપેલા (દાય)નું ગ્રહણ (આદાન) કરે છે (**दायं आदत्ते इति दायादः**). એ બેઉનો આ પરસ્પર દાયાદ સંબંધ હવે પાઠક સમજી ગયા હશે.

પશ્ચિમીય તત્ત્વવેત્તા મિલે શાસન (Government) નો ઉદ્દેશ Progress (ઉન્નતિ) અને Permanence (સ્થિરતા) એ બે શબ્દોમાં બતાવેલો છે. રાજ્યને ઉન્નત કરવું અને એની ઉન્નતિ સ્થિર અને પુષ્ટ કરવી, પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે વાતો આન્તરિક કલ્યાણ બતાવનારી છે. જો બહારનું જગત બિલકુલ ન હોય, તો આ બે વાતોમાં સર્વ ઉદ્દેશ આવી જાય, પણ એમ નથી. અંદરની ઉન્નતિમાં બહારથી વિઘ્નો આવી પડે છે. તેથી એ બેમાં મિલ સાહેબની કહેલી ત્રીજી ચીજ Protection (રક્ષણ) મળે છે. પહેલી બે મળીને એક વસ્તુ થાય છે (અગ્નીષોમૌ), આ એકની સાથે બીજી ઈન્દ્ર નામની ચીજ મળી એક બીજો દ્વંદ્વ થાય છે. રાજ્યમાં (આજ કાલના શબ્દોમાં) આ દ્વંદ્વને (જોડકાને) Civil (ન્યાય-વ્યવસ્થા) અને Military (લશ્કરી ખાતું) કહી શકાય. વેદમાં એ બે ખાતાં બ્રહ્મ અને ક્ષત્ર કહેવાય છે. બ્રહ્મમાં (Civil માં) Progress અને Permanence બેઉ આવી જાય છે-વ્યવસ્થા અને ન્યાય બેઉ આવે છે. ઇન્દ્રનો અર્થ इन्दन् शत्रूणां दारयिता એવો યાસ્ક મુનિએ આપ્યો છે, ઐશ્વર્ય આપતો રહી શત્રુનો નાશ કરનાર દેવતા इन्द्र છે. વ્યવસ્થા રાજ્યમાં ન્યાય થતો રહે તો સ્થિર રહી શકે છે, પરંતુ માણસોમાં એવું એક તત્ત્વ રહેલું છે કે, પોતાના બનાવેલા નિયમોના પાલનમાં-ન્યાય કરાવવામાં-સ્વયં પ્રવૃત્ત થતો નથી અને એનો વિરોધ કરવા સુધી તૈયાર રહે છે, એટલા માટે ન્યાયને અમલમાં મૂકવા સારૂ ઈન્દ્ર (ક્ષત્ર-Executive) ની જરૂર પડે છે.

જગતમાં આ ત્રણે દેવ પ્રસિદ્ધ પૌરાણિક ત્રિદેવ-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને નામે કહી શકાય.

આ મંત્રમાં **प्रियतनोरिव** કહીને એક શરીરની ઉપમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી છે, તેથી આપણે આધ્યાત્મિકમાં પણ આ ત્રણે દેવોનાં રૂપ જાણવાં જોઈએ. યોગવિજ્ઞાન પ્રમાણે આપણા શરીરમાં જમણી ગમ પિંગલા નામની નાડી છે, તે સૂર્ય કહેવાય છે અને તે ઉન્નતિ અને ગતિમાં મદદ કરે છે અને ડાબી ગમ ઇડા નામની નાડી છે, તે ચંદ્ર કહેવાય છે અને તે સ્થિરતા લાવે છે. એ બેની મધ્યે બેને જોડનાર સુષુમ્ના નાડી છે. એવી જ રીતે આયુર્વેદની દૃષ્ટિએ પિત્ત અને કફનો દ્વન્દ્વ છે અને એ બેનો સંચાલક વાત પ્રસિદ્ધ છે. મતલબ એ છે કે, શરીરમાં પણ એ અગ્નિ, સોમ અને ઇન્દ્ર ત્રણે દેવો કામ કરી રહ્યા છે. અગ્નિ શરીરમાં જીવન ઉત્પન્ન કરે છે, શરીરમાં ઉષ્ણતાના રૂપમાં પ્રાણ, જીવન લાવે છે, સોમ રસ પેદા કરતો રહી એ ઉષ્ણતાને પ્રતિતુલિત (માપસર) રાખી એ જીવનને શરીરમાં સ્થિર રાખે છે અને ઇન્દ્ર પેલા બેઉથી પ્રાપ્ત થયેલા જીવનની રક્ષા કરે છે. સ્વાભાવિક રીતે શરીરમાં શરીરના રોગો સાથે જે શક્તિ લડે છે, તે શક્તિ ઇન્દ્ર શક્તિ છે. તે શક્તિ જ રોગોને દૂર કરવાનો પ્રયત્ન આખર સુધી કરતી રહે છે. ભૌતિક શરીરમાં એ ત્રણે દેવોનું સ્થાન યોગ-વિજ્ઞાનને અનુસરી એમ છે કે, અગ્નિ નાભિમાં રહે છે, એની સામે ઉપર માથામાં અધોમુખ સોમ રહે છે, એ બેઉ અંદર અંદર ક્રિયા પ્રતિક્રિયા કરતાં રહે છે, પણ એ બેઉના મધ્યમાં–શરીરના મુખ્ય સ્થાન પર ઇન્દ્રદેવ રહે છે, ત્યાંથી આખા શરીરનાં કાર્ય શરૂ થાય છે. એટલા માટે પાછલા મંત્રમાં કહ્યું હતું કે, ઇન્દ્ર હૃદયમાં આગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સળગાવે છે. હૃદય ઇન્દ્રનું સ્થાન છે અને દંડ દેઇ સુધારવાનું કામ એનું છે.

હવે પાઠક પરમાત્માની અગ્નિ, સોમ અને ઇન્દ્ર એ ત્રણે શક્તિઓનું ચિત્ર પોતાની આંખ સામે લાવી શકશે કે, તે કેવી રીતે આખા જગતમાં સર્વ જગ્યાએ કામ કરી રહી છે. એમાંથી અગ્નિ (ઉન્નતિની દેવતા)નો પ્રતિનિધિ બ્રાહ્મણ છે અને તેથી તે દેવપીયુ નથી હોતો પણ દેવબંધુ હોય છે, અર્થાત્ એ દેવોના (જગતના) સત્ય નિયમોને અનુકૂળ જ વર્તતો રહી પરમાત્માની અગ્નિશક્તિનો સાચો પ્રતિનિધિ થવાને સદા યત્ન કરે છે, તેથી તે પરમાત્માની સોમશક્તિ એનો દાયાદ (સંબંધી) થાય છે, અગ્નિથી થયેલી હરેક ઉન્નતિને પુષ્ટ કરવાને, સ્થિર કરવાને તૈયાર રહે છે, તેમજ પરમાત્માની ઈન્દ્રશક્તિ એના કાર્યમાં આવનાર હરેક નડતરને દૂર કરવાને તૈયાર રહે છે. આમ પરમાત્માની અનન્ત શક્તિ આ ત્રણ રૂપોમાં સાચા બ્રાહ્મણને સહાયતા કરતી રહે છે. તાત્પર્ય એ કે, બ્રાહ્મણ પોતે પરમાત્માના અગ્નિરૂપનો સાચો ઉપાસક બને છે, તો પરમાત્માનું સોમરૂપ અને ઇન્દ્રરૂપ પણ એને સદા મદદ કરે છે. આમ પરમાત્માની અનંત શક્તિ એની પૃષ્ઠ-પોષક (પીઠબળ) બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭) ગળી તો જાય છે પણ હજમ કરી શકતો નથી.

शतापाष्ठां निगिरति
तां न शक्नोति निःखिदन् ।
अन्नं यो ब्रह्मणां मल्वः
स्वाद्व अद्मीति मन्यते ॥

અર્થ:—(यः मल्वः) જે પોતાની ધારણાશક્તિનું અભિમાન કરનાર રાજા (ब्रह्मणां अन्नं स्वाद्व अद्मि इति मन्यते) બ્રાહ્મણોને (સત્યાગ્રહી પ્રજાનેતાના સીપાઈઓને) સતાવતો રહી, હું સ્વાદુ અન્ન ખાઉં છું એમ સમજે છે, તે (शतापाष्ठां) સેંકડો આફતો લાવનારી વસ્તુને (निगिरति) ગળી તો જાય છે, પણ (निः खिदन् न शक्नोति) એને હજમ કરી શકતો નથી.

ધારણ કરવાનું અથવા સર્વ કંઇ હજમ કરી જવાનું અભિમાન કરનાર ઉપર કહેલા પ્રકારનો રાજા બ્રાહ્મણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતાવે છે અને આમ સતાવવામાં મજા માને છે. જ્યારે એની આજ્ઞાથી તે પ્રજાનેતા સત્યાગ્રહી બ્રાહ્મણને અને એના સાથીદાર અનુયાયીઓને× સતાવવામાં આવે છે, જેલમાં મોકલવામાં આવે છે, એમની માલ મિલકત જપ્ત કરવામાં આવે છે અને એમને મારવામાં આવે છે, તો એ બધું જોઇને એ પ્રસન્ન થાય છે. તે સમજે છે કે, હું આવી રીતે મજેથી, સુખેથી સત્યાગ્રહીઓનો ખોડો કાઢી નાંખી શકીશ, તેઓ મારા સરસ શિકાર થયા છે, મને સરસ ભોજન મળ્યું છે, પણ વેદ રાજાને બતાવવા ચાહે છે કે, આ બ્રાહ્મણોને ખાવા એ સ્વાદુ ભોજન નથી, પરંતુ સેંકડો આફતોનો સમૂહ છે. ગળી જવામાં ભલે તે સ્વાદુ લાગે, પણ પેટમાં જઇ હજમ નહીં થઈ શકે, તેથી કરીને પેટમાં પહોંચીને તો સેંકડો ઉપદ્રવ પેદા કરશે.

એવો રાજા પોતાને મોટો હજમ કરનાર (મલ્વઃ) સમજે છે, પણ બ્રાહ્મણને (સત્યાગ્રહી પ્રજાનેતાને) સતાવી તે એને હજમ કરી શકતો નથી. જેમ કોઇ માણસ જીભને સ્વાદ લાગનારી કોઇ અલાબલા અભક્ષ્ય ચીજ ખાઇ જાય તો તેથી પેટમાં શૂલ (ચૂંક) પેદા થાય, (એ શૂલના ઈલાજ માટે કંઈ તીવ્ર ઔષધ ખાવા છતાં) તેથી આખે શરીરે ગડગુમડ ફુટી નીકળે, ઉલટી થાય, તથા ઝાડો થાય અથવા હેડકી આવે અને તે ગાંડો પણ થાય, તેવીજ રીતે જ્યારે સત્યાગ્રહીઓને સતાવવામાં, પજવવામાં આવે છે, ત્યારે તેઓ બદલામાં રાજાને કંઇ સતાવતા તો નથી, પોતે સર્વ કંઇ સહન કરી લે છે, તેથી ત્યાંસુધી રાજા આ ઘટનાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાદ લે છે, પણ પછીથી એમનાં આવાં બલિદાનોથી જ્યારે દેશભરમાં ઉશ્કેરણી ફેલાઇ જાય છે, અનેક જાતના ઉપદ્રવો થવા માંડે છે, ત્યારે એને તે બધાંને સંભાળવું ભારે થઇ પડે છે. જે રોગીને એક તરફ ઝાડો થવા લાગે, પેટમાં અસહ્ય દરદ પણ થાય, ઉલટીઓ પણ થાય, માથામાં ચક્કર પણ આવતાં હોય, તે રોગીના જેવી તે રાજાની હાલત ઘણી બેચેનીની થઇ પડે છે, કારણકે એની વિરૂદ્ધ બહુ ઉશ્કેરાયલા લોકો સરકારી મકાનોનો નાશ કરવા અથવા અમલદારોની છુપી રીતે કે ઉઘાડી રીતે હત્યા કરવા સુધીનું ઘોરકૃત્ય કરવાને તૈયાર થાય છે. જો તે તેઓને કોઈ રીતે દબાવી શકે છે, તો બીજી તરફ સત્યાગ્રહીઓના પ્રભાવમાં આવી ક્યાંકની સેના આવી વિદ્રોહ કરે છે, અથવા કોઇક ઠેકાણેના નોકરો હડતાલ પાડે છે, અથવા કહીંથી ખબર આવે છે કે, આટલા નોકરોએ રાજીનામાં આપ્યાં છે અથવા કોઇ ઠેકાણે હજારો સત્યાગ્રહીઓ જેલોને એટલી ભરી દે છે કે, જેલોમાં જગ્યા જ રહેતી નથી, એમને ખવડાવવાને રૂપિયા મળતા નથી અથવા ક્યાંક ખેડુતો કર ભરવા ના પાડે છે, આવા આવા સેંકડો ઉપદ્રવ ઉભા થાય છે. આમ તે રાજા સત્યાગ્રહીઓને સતાવવાનું શરૂતો કરે છે, પણ તેને હજમ કરી શકતો નથી.

હજમ કરે કેવી રીતે ? હજમ કરનાર અગ્નિને તો તે દબાવી દે છે. પાછલા મંત્રમાં કહેલું જ છે કે, રાજ્યરૂપ શરીરની અગ્નિ બ્રાહ્મણ છે. જઠરાગ્નિ મારી જાય, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોજન કેવી રીતે પચે ? ખરી વાત એ છે કે, રાજા જે જે વાતોને હજમ કરે છે, તે બધું લોકમત પર કરે છે. સારો રાજા રાજ્યમાં મોટ મોટા ફેરફાર કરવામાં પણ ફાવે છે, કેમકે એને અનુકૂલ લોકમત હોય છે. લોકમત બતાવનાર બ્રાહ્મણની વાણી હોય છે. એજ અગ્નિ છે, કે જેથી પ્રજા-પાલક રાજા મોટ મોટાં કઠોર કામ કરીને પણ એને હજમ કરી લે છે, રાજ્યમાં કંઇ પણ આંદોલન (વિરૂદ્ધ ચર્ચા) થતું નથી, એટલું જ નહીં પણ પ્રજા તરફની પૂરી સહાનુભૂતિ (ટેકો) મળે છે. તે આવી રીતે કઠોર ભોજન પણ પચાવી લે છે અને પ્રજાને લાગલાગટ સખત શાસનમાં રાખીને રાજ્યને તેજીથી ઉન્નત કરે છે, પણ જેણે આ અગ્નિને દબાવી દીધો હોય, તે બિચારાની કેવી ગતિ થાય ?

નોટ – × બ્રાહ્મણ અને બ્રહ્મન્ એ બંનેનો અર્થ સમાન છે. અહીં સુધીના મંત્રોમાં બ્રાહ્મણ શબ્દ જ આવ્યો હતો, પણ આ મંત્રમાં બ્રહ્મન્ શબ્દ આવેલો છે અને એ શબ્દ પણ બહુ વચનમાં આવેલો છે. એક વચનમાં બ્રાહ્મણ અને બ્રહ્મા શબ્દનો આ સૂક્તમાં આશય “ સત્યાગ્રહી પ્રજાનેતા ” એવો છે. તો **ब्रह्माणः** (જેની છઠ્ઠી **ब्रह्मणां** છે) એ બહુ વચનવાળા શબ્દનો અર્થ સત્યાગ્રહી નેતાના “ સત્યાગ્રહી સિપાઇઓ, સાથીદારો, અનુયાયીઓ ” એમ સમજવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૮) બ્રાહ્મણ કયા ધનુષથી દેવપીયુનો નાશ કરે છે?

जिव्हा ज्या भवति कुल्मलं वाङ्
नाडिका दन्ताः तपसाभिदग्धाः ।
तेभि र्ब्रह्मा विध्यति देवपीयून्
हृद्बलैर् धनुभिर् देवजूतैः ॥

અર્થ=જે ધનુષમાં, (जिव्हा ज्या भवति) જીભ દોરી બને છે, (वाक् कुल्मलं) ઉચ્ચારિત શબ્દ બાણદંડ બને છે, (नाडिकाः दन्ताः) જ્ઞાનતંતુઓ બાણના દાંત (બાણની અણી) બને છે, જે અણી, (तपसा अभिदग्धाः) અગ્નિને બદલે તપથી તીક્ષ્ણ કરેલી છે, (तेभिः) એવાં તે (देवजूतैः) દેવોથી પ્રેરિત, (हृद्बलैः धनुभिः) હૃદય-બળરૂપી ધનુષવડે, (ब्रह्मा) બ્રાહ્મણ (પ્રજાનેતા સત્યાગ્રહી), (देवपीयून्) દેવદ્રોહી, પ્રજાપીડક, રાજ્યાધિકારીઓને, (विध्यति) વીંધે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠકોએ આ મંત્ર ઉપર ખાસ ધ્યાન આપવું, કારણ કે આ સૂક્તનો આ મુખ્ય મંત્ર છે. પીડિત પ્રજાની પાસે જે અસ્ત્ર છે. તેનું અહીં વર્ણન છે. આ ધનુષનું સ્વરૂપ આપણે સારી રીતે સમજી લેવું જોઇએ. એ બ્રાહ્મણની વાણીરૂપી ધનુષ છે.

એમાં જીભ દોરીનું કામ કરે છે. જીભથી બોલાતા શબ્દ બાણુ છે. બાણુની અણી પ્રાણનાડી છે અને જેમ સામાન્ય રીતે બાણની અણી વિષદગ્ધ (ઝેર પાયેલી) અથવા અગ્નિદગ્ધ (આગમાં તપાવી તેજ કરેલી) હોય છે, તેમ આ વાણીરૂપ ધનુષના બાણાગ્ર "તપ" (કષ્ટ સહન) થી તીક્ષ્ણ કરેલા હોય છે. ધનુષની દોરી તો બતાવી દીધી, બાકી જે ધનુષદંડ છે તે હૃદયનું બળ છે. આ ધનુષ બ્રાહ્મણના હૃદયમાં વસતા દેવોથી (દેવ પરમાત્માથી) પ્રેરિત, થાય છે, સંચાલિત થાય છે. આવા ધનુષવડે પ્રજા-નેતા બ્રાહ્મણ પ્રજાદ્રોહી (દેવપીયુ) અધિકારીઓને વીંધે છે, હરાવે છે.

ઉપર કહેલું રૂપક (ઉપમા) ઠીક સમજવાને માટે, એટલે એમ સમજવાને કે, વાણીદ્વારા આ શત્રુનો વેધ (પરાજય) કેવી રીતે થાય છે, તે માટે આપણે જરા વાણીનું સ્વરૂપ બરાબર જાણી લેવું જોઇએ. જો વાણીનાં સ્વરૂપ અને સામર્થ્ય વિષેના વિચાર બરાબર સમજી લેવામાં આવે, તો વેદનો આ રૂપક અલંકાર સમજવો સહેલો થઈ જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) વાણીનું સ્વરૂપ.

સાધારણ રીતે આપણે એમ સમજીએ છીએ કે, "જીભથી શબ્દ બોલવા" એ વાણીનું સ્વરૂપ છે અને વાણીનુ સામર્થ્ય એટલું સમજીએ છીએ કે, આપણે આપણું જ્ઞાન બીજાને પહોંચાડીએ છીએ. પરંતુ મૂળમાં વાણી એથી વધારે ઉંડી અને વિસ્તૃત વસ્તુ છે. વેદમાં **वाक्** દેવતા અને સંસ્કૃત સાહિત્યમાં **वाणी** શબ્દ ઉંડાઇમાં અને વિસ્તારમાં બેઉ પ્રકારે અધિક વ્યાપક અર્થ બતાવે છે.

હવે પ્રથમ ઉંડાઇની દૃષ્ટિએ વિચાર કરીએ. આપણી વાણીનો આરંભ જીભથી થતો નથી, પણ એનું મૂળ મૂલાધારમાં છે. જીભમાં તો વાણીનું સર્વથી મોટું, સર્વથી છેક પરિમિત રૂપ પ્રકટ થાય છે. જીભ સુધી પહોંચતાં સુધી તો અસલ મૂળ વાણી ચાર કદમ (પગલાં) ચાલીને પરિમિત (અટકી ગયેલી) થઇ ચૂકી હોય છે. વાણી નીચેનાં ચાર કદમો દ્વારા પોતાના સ્થૂલ રૂપમાં પહોંચે છે, તેથી તે **चतुष्पदा** કહેવાય છ. એના દરેક પદને ઋષિઓએ જુદું જુદું નામ આપેલું છે. મૂલાધારમાં રહેનારી વાણી **परा** કહેવાય છે. આ વાણીમાં જ્ઞાનનો કંઈ આકાર કે પ્રકાર નથી હોતો, તેથી અહીં સર્વ જ્ઞાન અપરિમિત અને સામાન્ય રૂપે (નિર્વિશેષ નિરાકાર રૂપે) રહે છે. એક કદમ આગળ ચાલીને વાણીમાં જ્ઞાનનો પ્રકાર તો આવે છે, સામાન્યની જગ્યાએ વિશેષ જ્ઞાન બની જાય છે, પણ એનો આકાર કંઇ નથી હોતો. આ વાણી **पश्यन्ती** કહેવાય છે. એનું સ્થાન નાભિ છે. ત્રીજું કદમ ચાલીને તે હૃદયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચે છે, ત્યાં એનું નામ **મધ્યમા** અથવા **માનસ** વાણી છે. અહીંઆ જ્ઞાન એક પ્રકારના આકારથી પણ પરિમિત થાય છે, એટલે જ્ઞાન ભાષાનું સૂક્ષ્મ શરીર ધારણ કરે છે. મનમાં જ્યારે આપણે વિચાર કરીએ છીએ, ત્યારે ભાષાનો પ્રયોગ થતો રહે છે. મનમાં ને મનમાં શબ્દ, પદ, વાક્ય બને છે. એ શબ્દ, પદ, વાક્ય ઉચ્ચ ધ્વનિમાં નથી થતાં, પણ મનમાં ને મનમાં ઘણી ઝડપથી બોલાય છે. અહીં આપણે શબ્દસંકેતનો ઉપયોગ શરૂ કરીએ છીએ. પહેલી બે વાણીઓ **परा** અને **पश्यन्ती** તો આકાર રહિત હોવાથી એમનું રૂપ આપણે બરાબર સમજી શકતા નથી, પરંતુ આ ત્રીજી વાણી (મધ્યમા) ને આપણે સમજી શકીએ છીએ. વેદમાં આ વાણી ઉપર બહુ વિચાર કરેલો જણાય છે. એ પછી ચોથી વાણી જે **वैखरी** કહેવાય છે, તે પ્રસિદ્ધ છે, એટલે જીભવડે ધ્વનિ (અવાજ) રૂપમાં બોલાય છે. વાણીનું મૂળ હૃદયમાં છે, એ વાત સહેલાઈથી સમજી શકાય છે, કારણ કે પ્રથમ વિચાર હૃદયમાં ઉઠે છે, પછી એ વિચાર આપણે જીભથી બોલી દેખાડીએ છીએ, પણ અસલ વાણીનું સ્થાન હૃદયમાં નથી, પણ એની વધારે નીચે મૂલાધારમાં છે. સર્વ વાણી અહીંથી જ નીકળે છે. ત્યાંજ વાણીની વિસ્તૃત અને દૃઢ જડ છે.

આ તો વાત ઉંડાઇની થઇ, વિસ્તારમાં પણ વાણી શબ્દોચ્ચાર માત્ર નથી. શબ્દ–સંકેતનો (ભાષાનો) ઉપયોગ આપણે કેવળ બોલવામાં જ નહીં પણ લખવામાં એ કરીએ છીએ. લિપિની શોધને લીધે અને હવે છાપખનાંના આવિષ્કારને લીધે વાણીનું ક્ષેત્ર બહુ વધી ગયું છે. બોલેલું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં, પણ સર્વ લખેલું પણ વાણી છે. સર્વ Press અને Platform વાણી છે. લખેલું પણ અક્ષરોમાં જ નહીં, પણ સર્વ આલેખન, ચિત્ર, વ્યંગ ચિત્ર, એ પણ વાણી છે. તેમજ બોલવામાં પણ કેવળ વર્ણોનું બોલવું નહીં, પરંતુ હસવું, રોવું, ગાવું, બજાવવું, સીટી વગાડવી, ઈત્યાદિ ધ્વનિઓ (અવાજો) પણ વાણી છે. સર્વ ઇશારા, ધ્વજાના સંકેતો, નાચવું, વ્યાખ્યાતાનો હાથ પછાડવો, પ્રદર્શન કરવું, એ સર્વ વાણી છે. ગમે તે રીતે આપણે પોતાનો અભિપ્રાય પ્રકટ કરીએ, તે વાણી છે. કેટલીકવાર મૌન (ચૂપ) થઈ જવું એ ઘણી જ મોટી વાણી છે, બહુ ભારે અભિપ્રાયનો પ્રકાશ કરનાર છે. મુખની જૂદી જૂદી આકૃતિઓ, આંખોનો રંગ બદલાવો, એ વાણીનું કામ સારે છે. ચુપચાપ કંઇ કામ કરવું એ પણ વાણી બને છે.

જૂના વખતના લોકો પાછલી વાણીઓનો સંગ્રહ કરવા માટે પોતાની અંદરની સ્મરણશક્તિનો ઉપયોગ કરતા હતા. વેદ વેદાંગ આવી રીતે રક્ષિત રાખેલાં છે. પણ આજ કાલ આપણે છાપખાના દ્વારા વાણીને સ્થાયી રાખવાનું કામ કરીએ છીએ. વળી ગ્રામોફોન દ્વારા ધ્વનિમય વાણીને સ્થિર કરવાની રીત શોધી કાઢવામાં આવી છે. તેમજ વાણીને ઘણી જલદીથી એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવાને પણ આજકાલ ટેલિફોન, તાર, બેતારની તાર આદિ શોધો દ્વારા આપણે વાણીનો ઉપયોગ ઘણો ઘણો વધારી દીધો છે. દિવસમાં કંઇવાર નીકળનારાં સમાચાર-પત્રો અને જાહેર ખબરો એક જાતની વાણીનું કામ સારનારાં બની ગયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) વાણીની શક્તિ.

વાણીનો જે આ આજકાલ વિસ્તાર થયો છે, તેથી વાણીનું સામર્થ્ય વધી ગયું છે, એમ માનવાનું નથી. સામર્થ્ય તો ઉલટું ઘટી ગયું છે, વાણીની શકિત કેટલી, કેવી છે, તે તો આપણે આજે લગભગ ભૂલી ગયા છીએ. આ વાણીની શક્તિ આપણે બરાબર રીતે સમજી લેવી જોઇએ, કારણકે ત્યારે જ આપણે વાણીને અસ્ત્ર તરીકે સમજી શકીએ. આજકાલ વાણીનું સામર્થ્ય વિસ્તારમાં (Propaganda) સમજાય છે. પોતાના શત્રુ વિરૂદ્ધ ખૂબ પ્રચાર કરવાને ભારે હથિયાર માનવામાં આવે છે, પણ અસલમાં વાણીની ગહનતામાં (ઉંડાઇમાં) જે મહાન શક્તિ છે, તેની આગળ આ વિસ્તારનું બળ કંઇ વિસાતમાં નથી. જેમ કાન સુધી ખેંચી છોડેલું તીર દૂર સુધી પ્રહાર કરે છે, તેમ એની વાણી જેટલી ઉંડાઇથી નીકળે છે, તેટલી જ વધારે પ્રભાવશાલિની (અસર કરનારી) થાય છે. આપણે જ્યારે કહીએ છીએ કે, “ તે સાચા દિલથી બોલે છે, એના અન્તસ્તલમાંથી (ઢુંટીમાંથી From the bottom of his heart) નીકળેલા એ શબ્દ છે,” ત્યારે આપણી કહેવાની મતલબ એ છે કે, સત્ય બોલવામાં, ઉંડાઇમાંથી નીકળેલી વાણીમાં બળ હોય છે. હૃદયની ઉંડાઇ બીજી કંઇ ચીજ નથી, તે સત્યતા છે. હૃદય જેટલું સત્યમય, ચોખ્ખું હશે, જેટલું શુદ્ધ હશે, તેટલું જ તે બળવાન હશે. હૃદયબળને આ મંત્રમાં ધનુષ કહેલું છે, તો એની મતલબ છે શુદ્ધ અને સાચું હૃદય. વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે આપણે બોલીએ છીએ કે, આ એના આત્મામાંથી નીકળેલો અવાજ છે, ત્યારે હૃદયની ઉંડાઈથી પણ નીચે કંઈ અન્ય ચીજ છે, એમ આપણે માનતા જણાઇએ છીએ. હૃદય સુધીની માનસિક વાણીનો તો આપણુને કંઇ અનુભવ થાય છે, પણ નાભિ અને મૂલાધારની **पश्यन्ती** અને **परा** નો અનુભવ સાધારણ લોકોને માટે કઠણ છે. તો પણ જો આપણે આપણા મનને એથી પણ વધારે શુદ્ધ અને સત્યમય બનાવીએ, તો આપણુને આ **पश्यन्ती** થી અને **परा** થી નીકળેલી વાણીનો અનુભવ થઈ શકે છે. એ જ આત્માનો સાચો અવાજ છે. આ મંત્રમાં એને **देवजूतैः** શબ્દથી કહેલો છે. જે વાણી દેવોથી પ્રેરિત થયેલી હોય, તે **पश्यन्ती** થી નીકળેલી છે અને જે પરમ દેવ (પરમાત્મા) થી પ્રેરિત થયેલી હોય, તે **परा** વાણી છે. દેવનો અર્થ દેવતા છે, પણ અંતે તો પરમાત્મા જ એક દેવ છે. આપણી વાણી પશ્યન્તીથી નીકળે કે પરાથી નીકળે, એનું એક માત્ર સાધન એ છે કે, આપણું હૃદય શુદ્ધ હોય એટલે સત્યમય હોય, એમાં અસત્યનો મેલ લવલેશ ન હોય.

सत्येन पन्था विततो देवयानः ॥

આ દેવયાન (દેવોને જવાનો) માર્ગ સત્યનો જ બનેલો છે, તેથી જો આપણે હૃદયમાં દેવોને વસાવવા ચાહતા હોઇએ–દેવયાનના પથિક હોઇએ–(જેથી આપણી વાણી પશ્યન્તી કે પરાની ઉંડાઈથી નીકળે)–તો આપણે સત્યનું સેવન કરવું જોઇએ, સત્ય, સત્ય, કેવળ સત્ય. વાણીની સર્વ શક્તિ સત્યમાં જ રહેલી છે. વાણીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસલી શક્તિને પતંજલિ મુનિ જાણતા હતા, જેઓએ કહ્યું છે કેઃ—

सत्य प्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ॥

અને વ્યાસ મુનિજી જાણતા હતા, જેઓએ આ યોગસૂત્રનો અર્થ કરતાં કહ્યું છે કે, જે માણસ પોતામાં સત્યને પ્રતિષ્ઠિત કરે છે, તેની વાણીમાં એવું સામર્થ્ય આવે છે કે, તે જે કંઈ કહે છે, તેવું બને છેઃ—

धार्मिको भूया इति भवति धार्मिकः । स्वर्गं प्राप्नुहि इति स्वर्गं प्राप्नोति । अमोघा अस्यवाग् भवति ॥

એટલે એવો માણસ જો કોઇને કહે કે, તું ધાર્મિક થઇ જા, તો તે ક્રિયા થઈ જાય છે, તે માણસ સાચેસાચ ધાર્મિક થઇ જાય છે, તે જો કોઇને કહે કે, તું સ્વર્ગને પ્રાપ્ત થઈ જા, તો એ ફળ એને મળે છે, તે સ્વર્ગને પ્રાપ્ત થઇ જાય છે. મતલબ એમ છે કે, **अमोघा अस्य वाग् भवति,** એની વાણી અમોઘ થઈ જાય છે, તે કંઇ કહે અને તે પૂરૂં ન થાય, એમ બની શકે નહીં. સત્યમય વાણીની આવી શક્તિ છે. જરા પાઠક આ વિચારે, એને હૃદયમાં ઉતારે.

આપણામાં અસત્ય એટલું બધું ઘુસી ગયું છે કે, આ પતંજલિ તથા વ્યાસ મુનિના કથન પર આપણો પૂરો વિશ્વાસ બેસવો કઠણ છે, પરન્તુ જો આપણે સત્ય પર વિશ્વાસ નહીં કરીએ, તો સત્યનું કંઈ બગડશે નહીં, આપણું જ બગડશે. સત્ય વાણીમાં તો એવી શક્તિ છે કે, એ વડે જે બોલવામાં આવે છે, તે તુરત પૂરૂં થઇ જાય છે. આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો સત્ય તરફ દેવયાન માર્ગે ચાલશું, તો આપણને એ સત્યની ખાતરી થતી જશે. આજકાલના મહાસત્યનિષ્ઠ ગાંધીજી જ્યારે એમ કહે છે કે—"ભારતવર્ષમાં આજે એક પણ પૂરો સાચો પુરૂષ હોય, તો તે ભારતવર્ષને આજે જ સ્વરાજ્ય અપાવી શકે છે, કારણ કે તે જે કંઇ કહેશે, તે વાત લોકોને એની વાણીના તેજને કારણે માનવી પડશે"— ત્યારે તેઓ પતંજલિ મુનિનો મત જ પોતાની ભાષામાં અને પોતાની પરિસ્થિતિને અનુસાર દર્શાવે છે, અર્થાત આ સત્યનો અનુભવ ગાંધીજી પણ કરે છે, કારણ કે તેઓ પોતે ઘણા સત્યનિષ્ઠ છે.

તેથી, હે વહાલા ભાઇઓ, વાણીની શક્તિ એની ઉંડાઇમાં છે, એના દેવપ્રેરિત હોવામાં છે, પ્રચાર (Propaganda) માં નથી, જૂઠા પ્રચારમાં તો બિલકુલ નથી. આ જગત પર અન્તિમ શાસન તો પરમ દેવનું છે, જે સત્યસ્વરૂપ છે. એના રાજ્યાધિકારી અગ્નિ આદિ દેવ (શક્તિઓ) સત્યમય અટલ નિયમોથી જગતનું શાસન કરી રહ્યા છે. વેદમાં એ નિયમો માટે **ऋत** શબ્દ આવેલો છે. ઋતનો અર્થ પણ સત્ય છે. વેદમાં ઠેર ઠેર દેવતાઓનું **ऋतावृधः** (સત્યનો ફેલાવો કરનાર), **ऋतावानः** (સત્યમય) આદિ વિશેષણોથી વર્ણન કરેલું છે. તેથી આ સંસાર પર તો સત્યનું જ રાજ્ય છે. જે લોક સત્યનો આશ્રય લે છે, તેઓને તો એ બ્રહ્માંડાધિપતિની અનન્ત શક્તિની મદદ મળી હોય છે, એઓનો વાળ કોઈ વાંકો કરી શકતું નથી. પરંતુ જેઓ સત્યનો આશ્રય છોડે છે, તેઓને જગત્પતિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રોહ કરવાથી–એના "ઋત" નિયમોને તોડવાથી–કેવી રીતે સફળતા મળી શકે ? એટલા માટે ઉઠો, અસત્યથી ક્ષણિક લાભ મળતો દેખી ભ્રમમાં પડો નહીં. અનુભવી ઋષિઓનાં વચનો પર વિશ્વાસ કરો. સર્વ સમયોના સન્તોએ સત્યના આ મહિમાનો અનુભવ કર્યો છે. સત્યમય વાણીનું સાચેસાચું આવું જ મહાન સામર્થ્ય છે. એની સામે કોઈ પ્રોપેગેંડા ટકી શકતો નથી.

વાણી તો આખા જગતને હલાવી નાંખનારી શક્તિ છે. આપણે એમ સમજીએ છીએ કે, વાણીનું કામ કેવળ બીજાઓ સુધી જ્ઞાન અને વિચાર પહોંચાડવાનું છે, પરંતુ અસલમાં "શક્તિરૂપ જ્ઞાન" પહોંચાડવાનું છે, એમ કહેવું જોઈએ, કારણ કે જ્ઞાન (વિચાર) સંસારને ચલાવનાર એક મહાશક્તિ છે અને આ મહાશક્તિને પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ લેઈ જનારી શક્તિ આ વાણી શક્તિ છે. તેથી વાણી જ સર્વ જગતને ચલાવનારી શક્તિ છે. એટલા માટે વેદમાં **વાગામ્ભૃણો** સૂક્તમાં (જેમાં વાણીનું ઘણું જ ઉદાત્ત પ્રભાવશાલી આત્મવર્ણન છે) પરમાત્માની પરા વાણીએ કહ્યું છે કેઃ—

"મારામાં જ સર્વ દેવતાઓનો વાસ છે. હું સર્વનું પાલન પોષણ કરૂં છું. હું જ સર્વ જગતને હલાવનારી છું. મારા આશ્રયથી જ સર્વ કંઈ ચાલી રહ્યું છે. સર્વ જ્ઞાનને, સર્વ કર્મને હું જ પ્રેરિત કરૂં છું....". (ઋ. ૧૦–૧૨૫).

આમ ભગવાનની પરા વાણી જ સર્વ કંઇ કરે છે. સર્વ ધર્મોવાળા જે શબ્દથી જગતની ઉત્પત્તિ તરફ ઈશારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે, તે આ વાત છે. ભગવાનના "શબ્દ" (વાણી) માં જે આવે જાય છે, તે થતું રહે છે. આમ જગત બન્યું છે અને ચાલે છે. અસલમાં આપણે એની વાણીને સમજી જ શકતા નથી. આપણે પોતાની વાણીમાં રચના-શક્તિ જોઈને એની વાણીની પણ કંઈ કલ્પના કરીએ છીએ. આપણો તો કદાચ આ પર પણ વિશ્વાસ ન બેસે કે, જગતમાં એવા "સત્ય-સંકલ્પ" મહાત્મા પણ છે કે, જેઓ જે સંકલ્પ કરે, તે પૂરો, સત્ય થઇ જાય છે. એમને બોલવા માટે જીભનો ઉપયોગ કરવાની જરૂર પડતી નથી. તેઓ મધ્યમા (માનસ) વાણીનો જ પ્રયોગ કરે છે. મનમાં સંકલ્પ ઉઠે છે અને તે પૂર્ણ થઈ જાય છે. એવા સત્ય-સંકલ્પ મહાત્માઓનું વર્ણન કરતાં ઉપનિષદમાં કહ્યું છે કેઃ—

> स यदि पितृलोक कामो भवति,
> संकल्पाद् एव अस्य पितरः समुत्तिष्ठन्ति ॥
>
> (છાંદોગ્ય. ૮-૨-૧)

"તે પિતૃલોકની ઇચ્છા કરે છે, તો સંકલ્પ માત્રથી એને પિતૃલોક પ્રાપ્ત થાય છે." વાણીની આવી અપાર શક્તિથી આપણે કેટલા કેટલા દૂર છીએ, એ જ કારણ છે કે, આપણને અસત્યમાં પણ કંઈ બળ જોવામાં આવે છે.

સત્યનું પૂરેપૂરૂં ગ્રહણ કરવું બેશક બહુ કઠણ છે, પણ જે જેટલું સત્યનું ગ્રહણ કરે છે, તે તેટલી જ ઉંડાઈમાં જઇ સત્યમય દેવની નજદીક પહોંચે છે, અને એની વાણીમાં એટલી જ અમોઘતા આવે છે. જે દુર્લભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યસંકલ્પ મહાત્માઓનો આત્મદેવ, તે સત્યમય દેવની સાથે સંબદ્ધ થયો હોય છે, તેઓની વાણી તો પરાની ઉંડાઇથી ઉઠે છે અને તેથી એનો પ્રભાવ પ્રકૃતિની બીજી બાજુ સુધી થાય છે, એટલે તેમની વાણીથી સીધું જડ પ્રકૃતિમાં પણ પરિવર્તન થાય છે. જે યોગીનો પર તત્ત્વ સાથે તો સંબંધ થયો નથી, છતાં પણ જે એટલો સત્યમય હોય છે કે, એની વાણીનો સંબંધ પશ્યન્તી સાથે થયો હોય છે, એની એ વાણી પણ સીધો પશુઓ સુધી (નીચે પ્રકારની ચેતના સુધી) પોતાનો પ્રભાવ દેખાડે છે. તે માણસ વાણી દ્વારા પશુઓમાં પણ પરિવર્તન કરી શકે છે. આ પછી નીચે ત્રીજી પાયરીના જે લોકો છે, તે એટલા જ સાચા હોય છે કે, પોતાના હૃદયમાં જે હોય છે, તેવું જ તેઓ બોલે છે. પૂરૂં સત્ય તેઓ મેળવી શકતા નથી કે સમજી શકતા નથી, તો પણ સત્યને જેટલું અને જેવું સમજે છે, પૂરેપૂરૂં તેવું જ બોલે છે. એમની વાણી હૃદયથી ઉઠે છે અને તેથી અધિક નહીં તો ચેતન મનુષ્યોનાં હૃદય સુધી તો પોતાની અસર જરૂર કરે છે. આ પછી આપણે સામાન્ય લોક નીચે ચોથી પાયરીએ છીએ, જે આટલું સ્થૂલ સત્યનું પણ પાલન નથી કરતા કે, આપણા હૃદયમાં જે હોય, તે જ બરાબર બોલીએ, પ્રકટ કરીએ. એવાની વાણી હૃદયમાંથી પણ નથી નીકળતી, પણ જીભથી જ નીકળે છે અને તેથી તે બીજા મનુષ્યોની અંદર (હૃદયમાં) પણ ઘુસતી નથી, કાન સુધી જ પહોંચે છે, એક કાનમાં પેસી બીજા કાન વાટે નીકળી જાય છે, તે વાણી બીજા ઉપર કંઇ અસર કરી શકતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર અને રોચક બોલનારા દુનિયામાં બહુ બહુ મળી આવશે, એમનું બોલવું તે વખતે આનંદ પણ આપે છે, પરંતુ એની કંઈ પણ ચિરસ્થાયી અસર હૃદય પર નથી પડતી. બીજી તરફ લોકમાન્ય તિલક છટાદાર ભાષણની દૃષ્ટિએ બહુ ખરાબ બોલનારા હતા, પણ એમના બોલ હૃદયમાં તીરની પેઠે ઘુસી જતા હતા અને સ્થિર અસર કરતા હતા.

તેમજ આજકાલ લોકો ઘણું વધારે બોલે છે અને એમાં વાણીની શક્તિ સમજે છે, પરંતુ બહુ માત્રામાં બોલવાની પણ અસર નથી થતી, ઉંડાઈથી બોલવાની જ અસર થાય છે. પ્રાચીન ઋષિલોક સૂત્રોમાં વાત કરતા હતા. નેપોલિયન "દોડો" બોલવાની પહેલાં પોતાના સૈનિકોને ઘણા થોડા શબ્દો કહેતો અને એ દ્વારા એમનામાં જાન ફૂંકી દેતો. મહાત્મા ગાંધીના થોડા શબ્દોમાં કેટલી શક્તિ છે. જેની વાણીમાં જેટલું તેજ વધતું જાય છે, એને એટલું જ ઓછું બોલવાની જરૂર પડે છે. તેથી જે સત્ય-સંકલ્પ હોય છે, તેઓ "વૈખરી" વાણી બોલતા જ નથી. અહીં પાઠક મનમાં કરેલી હાર્દિક પ્રાર્થનાની મહાશક્તિ પણ સમજી ગયા હશે. વેદોમાં જે આટલી બધી પ્રાર્થનાઓ ભરેલી છે, એમનું પ્રયોજન એ જ છે. મનુ સ્મૃતિમાં કહ્યું છે કે, વાચિક જપથી ઉપાંશુ (કેવળ હોઠ હાલે એવો) જપ અને ઉપાંશુ જપથી માનસ જપ હજારગણો વધારે પ્રભાવશાલી હોય છે.

એટલા માટે જો આપણે રોચક (પ્રિય) બોલવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બહુ બોલવાને બદલે હૃદયથી સાચું થોડું બોલીએ, તોજ આપણને વાણીની શક્તિનો કંઈ અનુભવ આવે. ઈટાલીના લોક કહેતા હતા કે–"મેઝિનીની કલમમાં જાદુ છે." લોક કહે છે કે, મહાત્મા ગાંધીજી વાતચિત કરી લોકો પર જાદુ કરે છે, પણ એમાં જાદુબાદુ કંઈ નથી, સત્ય બોલવું, જેવો અનુભવ હોય, તેવું જ બોલવું–બસ એજ જાદુ છે. મતલબ એમ છે કે, વાણીની શક્તિ ઉંડાઈમાં છે, બીજે કહીં નહીં.

તેથી આ વાણીરૂપી ધનુષને જેટલું પોતાની તરફ ખેંચીને "વાક્" તીર ફેંકવામાં આવે, તેટલું દૂર તે અસરકારક નીવડશે.

(૩) વેદોક્ત ધનુષ.

હવે પાઠક આ વાણીરૂપ ધનુષની રચના પણ સમજી લે. ધનુર્દંડ "હૃદયબળ" છે. જે સત્ય બોલે છે, એને કંઈ ભય હોતો નથી. સત્યની સાથે નિર્ભયતા જોડાયલી છે.

सत्यात् नास्ति भयं क्वचित् ।

જ્યારે હૃદયમાં સત્ય અને નિર્ભયતા હોય છે, ત્યારે ઘણું બળ આવે છે. હૃદયની "દૈવી સંપદ"ની ગણના **अभयं सत्त्वसंशुद्धिः** આમ શ્રીકૃષ્ણજીએ ગીતાના ૧૬)મા અધ્યાયમાં શરૂ કરી છે. એજ હૃદય–બળરૂપી ધનુર્દંડ છે કે, જેમાં જીભની દોરી બાંધેલી છે. એમાંથી શબ્દરૂપી બાણ છોડવામાં આવે છે. જેમ દોરીથી તીર છૂટે છે, તેમજ જીભથી શબ્દ નીકળે છે.×

જેમ ખાલી એકલી દોરીમાં તીરને દૂર સુધી ફેંકવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ નથી, તેથી દોરીને એક દંડ સાથે બાંધવામાં આવે છે, જે ધનુર્દંડ કહેવાય છે, તેવી જ રીતે જીભ એમને એમ બોલી શકતી નથી, પણ હૃદયમાં થયેલો વિચાર બોલી બતાવવાની જ્યારે ઇચ્છા પેદા થાય છે, ત્યારે જીભ હાલી શકે છે. જીભ હૃદયને આશ્રિત છે, તેથી હૃદયને ધનુર્દંડ કહેલો છે. પાઠક એ તો સમજી ગયા હશે કે, હૃદય પણ વાણીનું જ અંગ છે, વાણીનું મધ્યમસ્થાન છે. જેમ ધનુર્દંડ અને ધનુષની દોરી એ બેઉ બરાબર રીતે મળે છે, તો એમાંથી તીર છૂટે છે, તેમ જ હૃદય-બળ અને જીભ એ બેઉ દ્વારા શબ્દ નીકળે છે. શબ્દ-તીરમાં જે અર્થ છે, એને હૃદય પ્રેરિત કરે છે અને જે ધ્વનિ (અવાજ) છે, એને જીભ પ્રેરિત કરે છે. આવી રીતે શબ્દ તીર છૂટે છે.

આ શબ્દ-તીરના અગ્રભાગ શું છે કે, જે જઇને લક્ષ્યમાં (નિશાનમાં) પેસે છે? તે છે પ્રાણવહા નાડીઓ, જેને માટે આધુનિક શબ્દ " જ્ઞાનતંતુ " (Nerves) છે. આજકાલના વિજ્ઞાનને અનુસાર આપણે એ તો જાણીએ છીએ કે, શબ્દનું ગ્રહણ-સર્વ ઇન્દ્રિયોના વિષયોનું ગ્રહણ-જ્ઞાનતંતુઓ દ્વારા થાય છે: આપણા મોકલેલા શબ્દ બીજાના જ્ઞાનતંતુઓ પર અસર કરે છે, તો એને એમ લાગે છે કે, મને આ જ્ઞાન થાય છે. એમ જ વક્તાના જ્ઞાનતંતુઓનો પ્રભાવ શ્રોતાના જ્ઞાનતંતુઓ પર થાય છે. વક્તાએ જેટલી લાગણી સાથે શબ્દ ઉચ્ચાર્યાં હોય છે, તેટલી જ લાગણી તે શબ્દ શ્રોતાની અંદર પણ પેદા કરે છે. તેથી શબ્દરૂપી તીરના અગ્રભાગને પ્રાણનાડીઓ કહેલી છે. આપણા ઔપનિષદ વિજ્ઞાનને અનુસાર આ કથન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે સ્પષ્ટ છે. જેમ ઉપનિષદોમાં સર્વવ્યાપક મન માનેલું છે, તેમજ સર્વવ્યાપક પ્રાણ પણ છે. જ્યારે આપણે કોઈ લાગણી સાથે કંઈ બોલીએ છીએ, ત્યારે આપણા શરીરના પ્રાણની લહેરો આ સર્વવ્યાપક પ્રાણદ્વારા શ્રોતાના પ્રાણમાં પહોંચી એમાં એવી જ લહેરો પેદા કરે છે. આ પ્રકારે આપણા શબ્દોની સાથે મોકલેલી પ્રાણ-લહેરો શ્રોતાના પ્રાણમાં જઇને ઘુસે છે. આવી પ્રાણ-લહેરો આપણા બાણના અગ્રભાગ બને છે.

જો આપણે આ બાણના અગ્રભાગ સમજી લીધા હોય, તો હવે એ સમજવું સહેલું છે કે, એમાં તીક્ષ્ણતા કેવી રીતે આવે છે, આ શબ્દ બાણના અગ્રભાગને તેજ કેવી રીતે કરવામાં આવે છે, જેથી જોરથી વીંધે. બાણની લોઢાની અણી તો આગમાં તપાવીને અને વિષમાં ડુબાવીને તેજ બનાવવામાં આવે છે, કે જેથી તે શત્રુના શરીરની અંદર ઘુસી જાય અને એને પોતાના વિષદ્વારા મારી નાંખે, પણ આપણા ધનુષના બાણાગ્ર તો **तपसा अभि दग्धाः** એટલે તપથી તીક્ષ્ણ થાય છે. આપણે જાતે જેટલી તપસ્યા કરી હશે, એટલી જ તીવ્ર લાગણી આપણે કહેલા સત્યમાં પેદા થાય છે અને તે શ્રોતામાં જઈને ઘુસે છે. આપણા આ શસ્ત્રમાં તો બીજાને કષ્ટ આપવાને બદલે પોતે જાતે કષ્ટ સહન કરવાથી તીક્ષ્ણતા આવે છે. જે સત્યને આપણે બીજા સુધી પહોંચાડવા ચાહીએ છીએ-બીજાના હૃદયને બદલીને એની પાસે તે સત્યનો સ્વીકાર કરાવવા ચાહીએ છીએ-તે સત્યને માટે જો આપણે કષ્ટ સહન કર્યાં હશે, તો ત આપણા કહેલા સત્યમાં તેજ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચુકયું હશે. જેમ ઘસવાથી કોઈ ચીજમાં તીક્ષ્ણતા આવે છે, તેમ કષ્ટ સહન કરવાથી તે સત્યમાં તીક્ષ્ણતા આવે છે. તેથી આપણે દેખીએ છીએ કે, જેઓએ દેશને માટે કષ્ટ સહન કર્યાં હોય છે, તેઓની વાણી શ્રોતાઓને વધારે વીંધે છે, વધારે અસર કરે છે.

આ ધનુષને ચલાવનાર કોણ છે? એનામાં ગતિ કયાંથી આવે છે? એને માટે અહીં દેવજૂત શબ્દ આવેલો છે. બ્રાહ્મણના હૃદયમાં રહેનાર દેવ, (અભય, પવિત્રતા, સત્ય આદિ દેવભાવ) ધનુષમાં જવ કહેતાં ગતિ આપે છે. પાઠક જોશે કે, આ બાણ–ધનુષની મુખ્ય વસ્તુ **देवजूत हृद्यबल** છે, તેથી હૃદયબળને જ આ મંત્રમાં ધનુષ કહેલું છે, **हृद्बलैः धनुर्भिः**. આજકાલની ભાષામાં બોલીએ, તો હૃદ્બલનો અર્થ સંકલ્પ–બળ કે મનોબળ (Willpower) છે. હૃદય–બળ જ મુખ્યવાણી છે–અંદરની (માનસ આદિ) વાણી છે. એને આપણે હૃદય–વાણી પણ કહી શકીએ છીએ. આ હૃદય વાણી જ બ્રાહ્મણનું મુખ્ય ધનુષ છે, અને બાકીનાં જીભ, વાક્, નાડીઓ આદિ આ ધનુષનાં અંગ છે અને એને ગતિ આપનાર હૃદયવાસી દેવો છે કે દેવ છે. એજ દેવજૂત હૃદયવાણીરૂપી ધનુષ છે કે, જે વડે બ્રાહ્મણ દેવપીયુઓનો વિનાશ કરે છે, એમનાં હૃદયોમાં પલટો કરે છે.

(૪) આ ધનુષ પકડી લો.

સત્યાગ્રહીઓનું એજ હથિયાર છે. મનુએ બ્રાહ્મણનું હથિયાર **आथर्वण श्रुति** બતલાવી છે. એવી હાર્દિક વાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલનાર-આ હથિયારવડે શત્રુને હાર ખવડાવનાર-તપસ્વી પુરૂષ હમેશા સર્વ દેશોમાં સર્વ કાળોમાં રહે છે. આ તપસ્વી લોકોની અંદરથી નીકળેલી વાણીએએ દેશમાં ઉથલપાથલ કરી નાંખી છે. આ મહાપુરૂષોની વાણીના ઈશારા પર હજારો લાખો લોક આજ્ઞા પાળવાને માટે ઉઠી ખડા થાય છે. વાણીના આ હથિયાર સામે તોપ બંદૂક શી ચીજ છે? સરદાર વલ્લભભાઈની વાણીને બારડોલીના ખેડૂતોએ સાંભળી, કારણ કે એમની વાણીમાં એવું તેજ હતું કે, એ માન્યા વિના તેઓ રહી શકતા ન હતા, તેથી અંગ્રેજી વિશાલ સામ્રાજ્યની સર્વ તીર તોપો વા ખાતી રહી ગઈ. મહાત્મા ગાંધીજી પણ જો પોતાની વાણી સંપૂર્ણ ભારતને સંભળાવી શકે, તો ભારત જોતજોતામાં સ્વાધીન થઇ જાય. મહાત્મા ગાંધીજીની વાણીના બળથી સને ૧૯૨૧-૨૨ માં હજારો લોકોએ ખુશી ખુશીથી મોટ મોટાં દુઃખ સહન કર્યાં હતાં. આ એક પુરૂષની હૃદયવાણીરૂપી દેવજૂત ધનુષનો પ્રભાવ હતો, પણ જો આપણે સર્વે જણો પોતાની અંદર રહેલું આ હથિયાર ઉઠાવી લેઇએ, તો કેટલું મહાન કાર્ય બની જાય. જો આપણે સંસારને આ વેદોક્ત હથિયારનો સફળ પ્રયોગ કરી દેખાડીએ, તો દુનિયાને એક નવું હથિયાર હાથ લાગે કે, જેથી તોપો, મશીનગન અને ઝેરી ગેસોની ચિન્તામાં ડુબેલી અને ઈર્ષા, દ્વેષ, તિરસ્કારથી દુઃખી થયેલી દુનિયા કંઇ સુખી થાય. શું આપણે અસત્ય નહીં છોડી શકીએ? હૃદયને શુદ્ધ નહીં કરી શકીએ? બસ, આટલાથીજ એ દેવજૂત (દિવ્ય) ધનુષ બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને જ કેમ નથી પકડતા? આપણી પાસે બંદૂક પિસ્તોલ નથી, તો શું થઈ ગયું? ભગવાને આ દિવ્ય ધનુષ તો આપણ સર્વને આપેલું છે અને સ્વયં આપણાં હૃદયોમાં આ હથિયાર ચલાવરાવવા માટે તેઓ તૈયાર થઈ બેઠા છેઃ—

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ॥

આ હૃદયવાસી દેવ એ ધનુષને પ્રેરિત કરી શકે–એને ગતિમાં મૂકી શકે–એટલા માટે એક જ વાતની જરૂર છે કે, આપણે હૃદયને સંપૂર્ણ શુદ્ધ બનાવવું, એમાં અસત્ય લગીરે પણ ન રહે, દ્વેષ હિંસા ભય કાયરતાનો સ્પર્શ સરખો ન રહે. જેટલું આપણે હૃદયને આ મેલો વિનાનું રાખીશું, હૃદયના તેટલા જ અંશમાં એ સત્યસ્વરૂપ દેવ પોતાનો નિવાસ કરી આ ધનુષને દેવજૂત બનાવશે અને એટલે જ વધારે છેટે સુધી એ ધનુષ માર કરી શકશે. આ હથિયારનો સફલ પ્રયોગ કરવા માટે આ ધનુષને દેવજૂત બનાવ્યા પછી જે બીજી વસ્તુની જરૂર છે, તે પોતાના બાણને તેજ કરવાની છે. બાણ જોરથી છૂટે પણ ખરૂં, પણ જો તે તેજ ન હોય, તો એનો વેગ વૃથા છે. તેથી બીજું કામ એ કરવાનું છે કે, પોતાની વાણીને **तपसा अभि दग्धाः** બનાવવાની છે, આપણે તપ કરીએ. સ્વાધીનતાના પોતાના મહાન સત્યને માટે સર્વ કષ્ટ સહન કરવા સારૂ તૈયાર રહીએ. જેમ જેમ આપણું તપ વધશે, તેમ તેમ આપણું બાણ તીક્ષ્ણ થતું જશે અને એ દ્વારા આપણા દેશવાસીઓનાં હૃદયમાં સ્વાધીનતાનો પ્રકાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેલાવા લાગશે અને બીજી તરફ આપણા અંગ્રેજ ભાઈઓનાં હૃદયનો સ્વાર્થાન્ધકાર દૂર થવા માંડશે.

યાદ રાખો કે, આપણે આ હૃદયવાણીનાં ધનુષોનો પ્રહાર પ્રથમ આપણા જ દેશભાઈઓ પર કરવાનો છે. અંગ્રેજ ભાઈઓ પર અસર તો પછી થશે. આપણે પોતાના દેશવાસીઓનાં હૃદયોમાં સ્વાધીનતાનો સંદેશ પહોંચાડવો પડશે, એમનામાં પૂર્ણ સ્વાધીનતાની તરસ, ધગશ, વ્યાકુલતા પેદા કરવી પડશે. આવી રીતે આપણા અનેક ભાઈઓનાં અને પછી અંગ્રેજ ભાઈઓનાં હૃદયનું પરિવર્તન કરવું પડશે.

આ બધું હૃદયવાણીનું દિવ્ય ધનુષ કરી શકે છે. હૃદયથી નીકળેલી વાણી અવશ્ય હૃદય-પરિવર્તન કરી શકે છે. કેવળ આ ધનુષને ઉઠાવી લેનારા વીરોની જરૂર છે. આપણા સર્વની અંદર આ ધનુષ પડી રહ્યું છે-અનુપયોગને કારણ રદ્દી થઈ બગડેલું પડ્યું છે. એ ઉઠાવી લો અને એને સાફ કરી ગ્રહણ કરો. એને ઉપયોગમાં લાવવા માટે કેવળ બે ઉપર કહેલી વાતોની જરૂરીઆત છે. હૃદય, જીભ, શબ્દ, નાડી આદિ તો આપણ સર્વને પ્રાપ્ત છે, અર્થાત ધનુર્દંડ, જ્યા (દોરી), બાણ આદિ સર્વની પાસે વિદ્યમાન છે. જરૂર છે કેવળ, (૧) ધનુષને દેવજૂત બનાવવાની અને (૨) બાણોને તપથી તીક્ષ્ણ કરવાની. આ બે કામ બેશક કઠિન છે, પણ આ હથિયારની શક્તિ પણ અપરિમિત છે. વીરતાની પરીક્ષા પણ આ કઠિન કામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં જ છે. આ બે વાતો આપણે જરા વધારે અચ્છી રીતે સમજી લેઇએ.

(૧) પોતાના ધનુષને પૂરેપૂરૂં દેવજૂત (દેવપ્રેરિત) બનાવનાર તો એક જ મહાપુરૂષ બસ છે. જે મહાપરાક્રમી પરાવાણી સુધી આ ધનુષ ખેંચી શકતો હોય, તે તો કેવળ એક વારની પ્રાર્થનાથી ભારતને સ્વાધીન કરી શકે છે. "ભક્ત જનનકે સંકટ ક્ષણુમેં દૂર કરે," આ જે આપણે ગાઇએ છીએ, તે જૂઠ નથી. તે પ્રાર્થના જો પૂરી ઉંડાઈથી નીકળે, તો ભગવાન ખરેખર ક્ષણુભરમાં જ સંકટ દૂર કરે છે. પ્રાચીન બ્રાહ્મણોએ વેણુ રાજાને હુંકારથી જ નષ્ટ કરી દીધો હતો, આ કંઇ અસંભવ વાત નથી. પ્રાચીન ઋષિ લોક વેદવાણીથી પ્રાર્થના કરી પોતાના મનોરથ સિદ્ધ કરતા હતા. પરંતુ જો આપણા હૃદયમાં એટલું બળ નથી કે, આપણામાં દ્વેષ, અસત્ય આદિ મેલનું નામ સરખું ન રહે અને તેથી આપણામાંથી કોઇ આ ધનુષ કાન સુધી ખેંચી ન શકે, તો પણ કંઇ હરકત નથી. એવા પરા વાણી સુધી ખેંચનાર મહાત્મા વિરલા જ હોય છે, તે કોઈ કોઈ વાર જન્મે છે. તો પણ આપણે જ્યાં સુધી ખેંચી શકીએ, તેટલું તો ખેંચીએ અને એને વધારે ને વધારે દેવપ્રેરિત બનાવીએ, સત્ય અને પ્રેમથી હૃદયને ભરીએ. તો સ્વાધીનતાને માટે આપણાં હૃદયોની વ્યાકુલતા આપણા સર્વ દેશવાસીઓમાં ફેલી ગયેલી જોઇશું. આખો દેશ જાગી ખડો થઇ જશે.

(૨) જો ફેલાઇ જવામાં વિલંબ થાય, તો કારણુ એ હશે કે, આપણા બાણુમાં તપની તીક્ષ્ણુતા કમ હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ માટે આપણે બેસી તપ કરવું પડશે, આપણાં બાણોને તેજ કરવાં પડશે. તપની તીક્ષ્ણતા એવી તીક્ષ્ણતા છે કે, જે વજ્રને પણ કાપી શકે છે, તો પછી મનુષ્યોનાં હૃદયોને બદલવાં, એ એને માટે શું મુશ્કેલ છે. વીર પુરૂષ ધૈર્ય છોડતો નથી. આપણા હથિયારની અસર થવામાં કંઇ વિલંબ થશે, તો આ બે ખામીઓને લીધે હશે—કાંતો ધનુષ દેવજૂત હશે નહીં, અથવા તપની કમીને લીધે બાણમાં તીક્ષ્ણતા હશે નહીં. જો હૃદયમાંથી દેવનું આસન હાલી જાય, તો ફરી ફરીને એ બેસાડવું પડશે, અને તપની કમી જણાય તો ફરી ફરીને તપ કરવું પડશે. માથે જે કંઇ કષ્ટ આવી પડે, તે સર્વ સહન કરવું પડશે. તપ કરતાં કરતાં શરીરનો પણ હસતાં હસતાં ત્યાગ કરવો પડશે, પણ ભગવાને આપેલા આ હથિયારનો કદીએ ત્યાગ કરવો નહીં. સાચા વીર કદી મરતા નથી. વીરોનું મૃત્યુ શરીરના ત્યાગથી નથી થતું, પરંતુ ગ્રહણ કરેલા હથિયારના ત્યાગથી થાય છે. જે માણુસ દુઃખ, કષ્ટ, મૃત્યુથી ડરે છે, તે કાયર આ દિવ્ય હથિયાર ઉઠાવી, પકડી શકતો નથી. સત્યને માટે મરી ફિટવાનું સામર્થ્ય જેનામાં હોય છે, તે વીરજ આ ધનુષનો ટંકારવ કરી શકે છે.

એટલા માટે "હૃદય શુદ્ધિ અને તપની તીક્ષ્ણતા" એ બેઉ સંપત્તિઓ જે વીરોની પાસે છે, તેઓ આ ધનુષનો ટંકારવ કરી આગળ વધે અને બાકીના સર્વ લોક પણ યથાશક્તિ પોતામાં આ બે ગુણો લાવવાનો યત્ન કરતાં રહી પાછળ પાછળ ચાલે, તો આપણે દેખીશું કે, ભગવાનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપાર શક્તિ આપણી સાથે છે, સર્વ જગતને પ્રેરિત કરનારી તે દેવની પરા વાણી (શક્તિ) આપણ ભારત-વાસીઓની સાથે છે. ત્યારેજ સંસાર એક દેવોને દેખવા યોગ્ય દૃશ્ય જોશે.

નોટ—× અહિં જીભ અને શબ્દ, એ બેઉ ઉપલક્ષણ છે. મંત્રમાં તો એમને માટે ક્રમવાર જીહ્વા અને વાક્ એવા શબ્દ આવેલા છે. નિઘંટુમાં એ બેઉ શબ્દ અને વળી નાડીકાશબ્દ પણ વાણીનાં નામોમાં ગણાવેલા છે. તેથી જીહ્વા અને વાક્નો અનુવાદ જીભ અને શબ્દ કરવો, એ અપૂર્ણ અનુવાદ છે. તેથી પાઠકોને ઉપલક્ષણ બતાવીને સમજાવવું પડશે. વાણી દ્વારા જેવી પણ અસર આપણે બીજાઓ સુધી પહોંચાડવાં ચાહીએ છીએ, એ સર્વનું ઉપલક્ષણ વાક્ (શબ્દ) છે અને જે જે સાધનો દ્વારા (પુસ્તક લિપિ આદિ પણ) તે અસર કરવામાં આવે છે, તે સર્વનું ઉપલક્ષણ જીહ્વા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૯) આ અસ્ત્ર અમોઘ છે.

तीक्ष्णेषवो ब्राह्मणा हेतिमन्तो
यामस्यन्ति शरव्यां न सा मृषा ।
अनुहाय तपसा मन्युना च
उतदूराद् अवभिन्दन्ति एनम् ॥

અર્થ—(हेतिमन्तः) આ હૃદયરૂપી ધનુષવાળા, (तीक्ष्णेषवः) અને આ તપથી તીક્ષ્ણ કરેલાં બાણોવાળા, (ब्राह्मणाः) એ બ્રાહ્મણો (પ્રજાના સાચા સત્યાગ્રહી નેતાઓ) (यां शरव्यां अस्यन्ति) જે બાણસમૂહ છોડે છે, (न सा मृषा) તે કદી ખાલી જતાં નથી. (तपसा मन्युना च) તપથી અને મન્યુથી, (अनुहाय) શત્રુની પછવાડે પડીને, (एनं) તે દેવપીયુને (दूरात्) દૂરથીજ (अवभिन्दन्ति) વીંધે છે.

આ મંત્રમાં જે ખાસ વાત કહી છે તે એ કે એવા હૃદયવાણી (Will-power) રૂપી ધનુષ ધારણ કરનાર બ્રાહ્મણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે બાણો છોડે છે, તે કદી ખાલી જતાં નથી, જરૂર વિરોધીને વીંધે છે. વ્યાસજીએ **अमोघा अस्य वाग् भवतीति** આ શબ્દોમાં જે અમોઘતા (સફળતા)નું વર્ણન કર્યું છે, તેનું આ મંત્રમાં વર્ણન છે. આ વ્યાસ–વાક્યના જનક આ વેદવચન ઉપર પણ આપણી શ્રદ્ધા નહીં બેસે શું? આમાં જો આપણી શ્રદ્ધા હોય, તો આપણામાં ભારે બળ આવે, આપણામાં સત્યનિષ્ઠ થવાને માટે ઘણી તાલાવેલી, ધગસ પેદા થાય, કારણ કે જેને પોતાના અસ્ત્રની અમોઘતા પર વિશ્વાસ હોય, તે ત્રણે કાળમાં પણ એ અસ્ત્રને છોડી શકે નહીં. એ ખરૂં છે કે, આપણે પૂરા સત્યનિષ્ઠ એકદમ બની શકીએ નહીં, પણ શ્રદ્ધાથી માનેલું આ વેદવચન તો આ માર્ગે દરેક ડગલે આપણને સહાયક થશે, કારણ કે આપણામાં જેટલી સત્યનિષ્ઠા હશે, તે પ્રમાણમાં (આ દેવજૂત ધનુષમાંથી છૂટેલું) તીર જરૂર અસર કરશે જ. મતલબ એ કે, થોડી પણ સત્યનિષ્ઠા વ્યર્થ જશે નહીં. એવી રીતે પૂરેપૂરી સફળતા તો બેશક મોડી મળશે, પણ તે આ માર્ગથી જ મળશે અને જરૂર મળશે, એ વાત આપણે જાણી લેવી જોઇએ. એ જ વાત વેદ આપણને કહેવા માગે છે. એ માટે કરેલો યત્ન સ્વલ્પ પણ નકામો જતો નથી. તોપ ગોળાના હિંસક યુદ્ધમાં બહુ દારૂગોળા નકામા જાય છે. છેલ્લા યુરોપિયન મહા યુદ્ધમાં દારૂ ગોળાનો મોટો ભાગ વ્યર્થ ગયો હતો, કોઈ શત્રુ પર પડયો ન હતો, એમ હિસાબ કાઢનારાઓએ બતાવ્યું હતું, પણ સત્યમયી વાણીથી છૂટેલું બાણ નિરર્થક જતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે "રામબાણુ" છે. અહીં રામબાણુને "દેવજૂત બાણુ" (દેવ–પરમાત્મા–થી પ્રેરિત બાણુ) કહેલું છે. આપણે આપણી નિર્બળતાને કારણુ ભલે આ અસ્ત્ર દ્વારા એકદમ સફળતા ન મેળવીએ, પરંતુ એ જ અસ્ત્રથી આપણી શક્તિ અનુસાર વહેલા કે મોડા આપણુને સફળતા મળવી નક્કી છે, એમ આ અસ્ત્રની અમોઘતા આપણા મનમાં સમજી લેવી જોઈએ. એ સમજી લેવા ઉપર બીજી કેટલીક વાતોનો ઘણો આધાર રહેલો છે, કારણુ જેને એ અસ્ત્રની અમોઘતા પર વિશ્વાસ નહીં હોય, તે એ દિવ્ય અસ્ત્રને પણુ ગ્રહણુ કરવાને તૈયાર નહીં થાય અથવા તૈયાર થઈ વચમાં મૂકી દેશે. એટલા માટે એ અમોઘ છે, **न सा मृषा** (તે કદી પણુ જૂઠું સાબીત નથી થતું), તે છેડા સુધી જરૂર જનાર છે. આપણે એ અસ્ત્રને પૂરેપૂરૂં ખેંચી શકીએ, એટલું જો સત્યનિષ્ઠતાનું સામર્થ્ય આપણામાં હોય, તો તેથી એકદમ સફળતા મળે, આવો વિચાર આપણે મનમાં ઉતારવો જોઇએ. **न सा मृषा** એ શબ્દો તો આપણી રગેરગમાં રમી રહેવા જોઈએ.

એ અસ્ત્ર અમોઘ કેમ છે? કારણુ કે એ અસ્ત્રવાળો બ્રાહ્મણુ તપ અને મન્યુદ્વારા પોતાના વિરોધીનો પીછો પકડીને એને જરૂર વીંધે છે. બહારના હિંસક યુદ્ધમાં પણુ જો શત્રુને બિલકુલ ન છોડવો હોય, તો એનો પીછો પકડવામાં આવે છે–પગે ચાલીને કે કોઇ પ્રકારની સવારી કરીને એની પાછળ પાછળ જવામાં આવે છે. તેવી રીતે અહીં તપ અને મન્યુ એ બે સાધનોદ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ પડવામાં આવે છે. એ દ્વારા આપણા વિરોધીના હૃદયમાં પેસી શકીએ છીએ, તેથી એ અસ્ત્ર અમોઘ છે.

તપ માટે ગયા મંત્રમાં થોડું લખેલું છે. મન્યુનો અર્થ છે–દોષોને દૂર કરવાની ઉત્કટ ઓજસ્વી (બળવાન) ઇચ્છા. સાધારણ રીતે મન્યુનો અર્થ "શ્રેષ્ઠ પ્રકારનો ક્રોધ, દ્વેષભાવ વિના સર્વથા હિત કામનાથી થયેલો ક્રોધ, પરમાત્માનો બિલકુલ નિર્દોષ ક્રોધ" એવો કરવામાં આવે છે, પરંતુ ક્રોધ શબ્દની સાથે દ્વેષનો ભાવ આપણા મનમાં ગાઢો જોડાયલો છે, તેથી મન્યુને કોઇ પ્રકારનો ક્રોધ કહેવો એ ભ્રમજનક છે. તેથી મન્યુનો અર્થ આપણે જે શબ્દોમાં ઠીક ઠીક પ્રકટ કરી શકીએ, તે આ છે–દોષોને દૂર કરવાની તીવ્ર, ઉત્કટ, પણ નિર્દ્વેષ અને ક્રોધરહિત ઇચ્છા. જો આપણે ખરેખર દ્વેષભાવ વિના સામાના હૃદય-માંથી કંઈ અસત્ય દૂર કરવાની ઇચ્છા રાખતા હોઇએ અને તે ઇચ્છા ઘણી ઉત્કટ હોય, તો આપણે એ માટે સર્વ કષ્ટ સહન કરવા માટે પણ જરૂર તૈયાર રહેવું જોઇએ. આ કષ્ટ સહન કરવાની તૈયારી જ બીજી વસ્તુ છે, તપ છે, આપણો બીજો પગ છે. જેમ બે પગ મળીને કામ કરે છે, તેમજ તપ અને મન્યુ એ બેઉ મળીને આપણને આપણા વિરોધીના હૃદયમાં પહોંચાડે છે. કેવળ તપ આપણને કહીં લેઇ જશે, પણ સામાના હૃદયમાં નહી. તે તરફ આપણે મન્યુને કારણ જઈએ છીએ અને તપ દ્વારા એની પાસે આવતા જઈયે છીએ. કેવળ મન્યુથી હૃદયમાં પ્રવેશ થતો નથી. વિરોધીને માટે કષ્ટ સહેવાથીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(તપથી જ) એના હૃદયનો રસ્તો આપણા માટે ખુલે છે. બુરાઇ [દ્વેષ] દૂર કરવાને જેટલી તીવ્ર ઇચ્છા હશે, તેટલી જ ઝડપથી આપણા વિરોધીના હૃદયમાં પેસી શકીશું. ઉદાહરણ માટે આપણા દેશની અવસ્થા લો. ગુલામીનો દ્વેષ આપણે જેટલી તીવ્રતાથી અનુભવ કરતા હોઈશું, એટલો તીવ્ર મન્યુનો ભાવ આપણામાં પેદા થશે અને આપણે ગુલામીથી [પરતંત્રતાથી] છૂટવાને વ્યાકુલ થઇ એટલું જ વધારે કઠણમાં કઠણ તપ કરવાને તૈયાર રહીશું. જો ભારત વર્ષમાં આજે કોઈ મહાપુરૂષ દેશની ગુલામીને એટલી તીવ્રતાથી (મન્યુથી) અનુભવ કરતો હોય કે, એને દૂર કરવાને કેવળ પોતાનાં સાંસારિક સુખ, ધન માન આદિને જ છોડવાને તૈયાર નહીં, પણ એને માટે પોતાના પ્રાણ પણ છોડવાને એટલી તૈયારી રાખતો હોય. કે એને જો લાખો જન્મ મળે, તો એ સર્વને જ સ્વાધીનતા દેવીને ચરણે ભેટ ચઢાવવામાં જ આનંદ અનુભવ કરે, તો એવો પુરૂષ ભારતને આજે જ સ્વરાજ્ય અપાવી શકે છે–પોતાનાં તપ અને મન્યુથી અંગ્રેજોનાં હૃદયો પલટાવી શકે છે.

એ તપ અને મન્યુ આપણને વિરોધીનાં હૃદયમાં પેસાડે છે, પછી તે વિરોધી ભલેને ગમે તેટલે દૂર રહેતો હોય–दूराद् अवभिन्दन्तिएनं ૦ આ અંદરના યુદ્ધમાં બહારનું, દેશનું છેટું કંઇ અડચણ કરી શકતું નથી. આજ સુધી શોધી કઢાયેલી મોટામાં મોટી તોપનો ગોળો વધારેમાં વધારે ૪૦, ૫૦ માઇલ સુધી સુધી વાર કરી શકે છે, પણ આ હૃદય–વાણીનો દારૂગોળો કેવળ સાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમુદ્રપાર ઈંગ્લાંડના નિવાસીઓ પર વાર કરે છે, એટલુંજ નહીં, પણ જો આપણો વિરોધી કોઇ બીજા લોકમાં કહીં વસતો હોય, તો આ હથિયાર લેઇ તપ અને મન્યુદ્વારા આપણે તે લોક સુધી પણ પહોંચી જઇએ છીએ.

આ અસ્ત્રનું પ્રકરણ સમાપ્ત કરતા પૂર્વે આપણે એક વાર સિંહાવલોકન (પાછલાનું પુનરાવર્તન) કરી લેવું જોઇએ કે, આ સર્વની મતલબ શી છે. જે કોઇ આ અમોઘ અસ્ત્રનો ઉપયોગ કરવા ચાહતો હોય, તેણે શું કરવું ? તેણે હૃદયને શુદ્ધ, સત્યમય બનાવવું અને તપ કરવું, એટલું ગયા મંત્રમાં કહેલું છે. એથી તો હથિયાર ઠીક તૈયાર થઇ જશે, પણ એ હથિયારનો સફળ ઉપયોગ કરવા માટે આપણે બીજી એક શરત પૂરી કરવી જોઈએ. હૃદયને તો શુદ્ધ કરવું જ જોઇએ, પણ પછી એ શુદ્ધ હૃદયમાં વિનાશનીય અસત્ય તરફ મન્યુ પણ પેદા થવો જોઈએ–એને દૂર કરવા માટે હૃદયમાં ઉત્કટ ઇચ્છા પણ હોવી જોઈએ, અને આપણે તપ કેવળ આપણી વાણીની તીક્ષ્ણતાને માટે જ કરવાનું નથી, પરંતુ વિરોધીના હૃદયમાં પહોંચવા માટે પણ તપ કરતાં રહેવાની જરૂર છે. મતલબ એ છે, કે આપણે પોતાનાં શુદ્ધ હૃદયમાં અસત્યને દૂર કરવાની ઘણી તીવ્ર ઇચ્છા રાખતાં રહી તપનું અનુષ્ઠાન કરવાનું છે.

આપણે જે કંઇ કરવાનું છે, તે તો તપ જ છે. આ વાણીરૂપી હથિયાર ઉઠાવવાની મતલબ કોઈએ એમ નહીં સમજવી કે, "તો આપણે ખૂબ બોલવું જોઈ એ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણીને હથિયાર બનાવવા માટે વાણીનો સંયમ કરવાની જરૂર છે, તેથી બહુ બોલવાની ટેવનો તો પહેલેથી જ ત્યાગ કરવો. તે પછી એવો સંયમ કરવાનો છે કે જેવું હૃદયમાં, મનમાં હોય, તેવું જ બરાબર વાણીથી બોલવું. તે પછી એવો યત્ન કરવો કે, જે ખરેખર સત્ય હોય તે જ આપણા હૃદયમાં આવે. એવી રીતે ધીરે ધીરે પરમાત્માની ઇચ્છા વિરૂદ્ધ કોઇ પણ ઇચ્છા આપણા હૃદયમાં પેદા ન થાય, એવી સંયમની અવસ્થા લાવવી. આવા સર્વ સંયમ સાધવા એ ઘણું ભારે તપ છે, પણ વાણીમાં અપાર શક્તિ પણ એવા સંયમથીજ આવે છે, એ નક્કી છે.

આમ આ ધનુષ હૃદય-બળરૂપી (will power) છે, તેથી કોઇએ એમ નહીં માની લેવું કે—" તો આપણે ગુપચુપ બેસી રહીને કેવળ મનોબળનો ઉપયોગ કરવો. ' જ્યારે આપણા હૃદયમાં પૂરૂં બળ આવી ચૂકયું હોય, ત્યારે જ તે અવસ્થા આવે છે. આપણે તો તે મનોબળ પ્રાપ્ત કરવાનું છે, એ માટે પણ આપણે તપ જ કરવાનું છે. તપથી જેમ જેમ હૃદયનો મેલ નાશ થતો જશે, તેમ તેમ આપણા હૃદયમાં બળ આવતું જશે. એમને એમ ખાલી બેસી રહે, તપ કર્યાં વગર બળ આવે નહીં અને બળની પ્રાપ્તિ વિના આપણે મનોબળ શી રીતે વાપરવાના હતા ?

તેથી કરીને આપણે વાણીના સંયમ માટે તપ કરવાનું છે અને હૃદયમાં બળ લાવવા માટે પણ તપ કરવાનું છે. આમ આપણા તયાર હૃદયમાં જો સ્વભાવતઃ કદી કોઇ અસત્ય દૂર કરવાને માટે મન્યુ (વ્યાકુલતા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેદા થાય તો આપણે એ માટે બધાં કષ્ટ સહન કરવાને (તપ કરવાને) પણ તૈયાર રહીશું, અને તેથી તે અસત્ય જરૂર નષ્ટ થશે, એમાં સફળતા ન મળે, એ અસંભવ છે.

ભારતના વૈદિક યુગમાં ઋષિલોક તપ અને સત્ય દ્વારા પોતાને તૈયાર કરીને વેદ-મંત્રો (વૈદિકવાણી) દ્વારા પોતાની સર્વ સફળતાઓ મેળવી લેતા હતા. આજે જો આપણામાં પણ આપણું મન પોતાના હૃદયની વાણીથી સ્વાધીનતાના મંત્રનો જાપ કરતું હશે અને આપણું શરીર તમામ કષ્ટ સહન કરવાને તૈયાર હશે, તો આ યુગમાં પણ પરમાત્મા એવી જ રીતે આપણને સફળતા પ્રાપ્ત કરાવશે, એમાં કંઇ સંદેહ નથી.

આ સૂક્તની વેદ-વાણી આપણુ ભારતવાસીઓને પરમાત્માના આશીર્વાદને યોગ્ય બનાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૦) વૈતહવ્યોનો નાશ.

ये सहस्रं अराजन्
आसन् दशशता उत ।
ते ब्राह्मणस्य गां जग्ध्वा
वैतहव्याः पराभवन् ॥

અર્થ - (ये सहस्रं अराजन्) જે હજારો પર રાજ્ય કરતા હતા, (उत दशशताः आसन्) અને જે સ્વયં સેંકડો હતા, (ते वैतहव्याः) તે વૈતહવ્ય એટલે રાષ્ટ્ર-યજ્ઞની કરરૂપી હવિને ખાઇ જનારી સરકારના કર્મચારી લોકો, (ब्राह्मणस्य गां जग्ध्वा) બ્રાહ્મણની (પ્રજાનેતા સત્યાગ્રહીની) વાણીને ખાઇ જવાને કારણ (पराभवन्) પરાભૂત થઈ ગયા, હારી ગયા.

વૈતહવ્યનો અર્થ પ્રારંભિક વિવેચનામાં સ્પષ્ટ સમજાવેલો છે. शत અને सहस्र એ બેઉનો અર્થ " ઘણા, ઘણી મોટી સંખ્યામાં " એવો છે. વેદના નિઘંટુકોષમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો અર્થ "બહુ" એવો લખેલો છે, તેથી આ શબ્દોથી અહીં કોઈ અમુક સંખ્યા ગણાવેલી નથી, પણ એવું જણાવ્યું છે કે, વૈતહવ્ય બહુ મોટી પ્રજા પર અમલ કરતા હતા અને એમની પોતાની સંખ્યા પણ મોટી હતી. તો પણ તેઓ રાજ્યકર પોતાના ભોગને માટે એકઠો કરતા હતા અને રાષ્ટ્ર–યજ્ઞની આ હવિ પોતે ખાઇ જવાનું મોટું પાપ કરતા હતા, તેથી તેઓ નષ્ટ થઈ ગયા.

ધનની લોભી આ સરકાર જ્યારે એટલી બધી નીચ સ્વાર્થી થઈ જાય છે કે, આ રાષ્ટ્ર–હવિને ખાઇ જવામાં પણ એને કંઇ શંકા લાજ આવતી નથી, ત્યારે દેશના બ્રાહ્મણથી (પ્રજાના સાચા નેતાથી) પોતાની આંખ આગળ દેશમાં થતો આ અન્યાય વધારે વાર જોઇ શકાતો નહીં હોવાને કારણ એ અન્યાયની વિરૂદ્ધ એણે પોતાનો અવાજ ઉઠાવ્યો, એટલે તે વૈતહવ્યોએ આ બિચારી વાણીની પણ ગો–હત્યા કરી નાંખી. આ જ એમના વિનાશનું કારણ થયું.

આ પાપને કારણ વૈતહવ્ય કેવી રીતે નષ્ટ થઈ ગયા, એ વાત વાંચકો અહીં સુધી સારી રીતે સમજી ગયા હશે. એજ વાત આની પછીના બે આગલા મંત્રોમાં સ્વયં વેદના શબ્દોમાં સાંભળી લેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૧) મારી જતી બ્રાહ્મણની વાણી જ એમને મારી નાંખે છે.

गौरेव तान् हन्यमाना
वैतहव्यान् अवातिरत् ।
ये केसर प्राबन्धायाः
चरमाजां अपेचिरन् ॥

અર્થ-(યે) જે વૈતહવ્ય, (केसर प्राबन्धायाः) સુખ પ્રસારને માટે બંધનરહિત આ વાણીની (चरमाजां) અંતિમ ચેતવણીને પણ (अपेचिरन्) પચાવી ગયા, હજમ કરી ગયા, એટલે એને પણ નહીં સાંભળી, ધ્યાનમાં લીધી નહીં, (तान् वैतहव्यान्) તે વૈતહવ્યોને (हन्यमाना गौः एव) મારી જતી બ્રાહ્મણ-વાણીએજ (अवातिरत्) પરાસ્ત કર્યાં.

બ્રાહ્મણ પોતાની વાણીના આ તપોમય અમોઘ અસ્ત્ર ચલાવવાની અગાઉ વિરોધીને વારંવાર સાવધાન કરેછે. અંતિમ લડાઈ જાહેર કરવાની અગાઉ અથવા અંતિમ પ્રહાર કરવાની અગાઉ પણ તે એક વાર વધારે, છેલ્લી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારે એને સાવધાન કરે છે, કે જેથી તે હજી પણ સમજી જાય. પણ જ્યારે એ (चरमाजा)× અંતિમ ચેતવણીને પણ તે મદોન્મત્ત રાજા ગણકારતો નથી, ત્યારે એના સામે એ અસ્ત્ર ફેંકવામાં આવે છે અને ત્યારે એને ન છૂટકે, દુઃખી થઇ નમવું પડે છે. ગઈ કાલ સુધી જે દમપર, જોરપર અક્કડ હતો, અભિમાનમાં હતો, તેને આજે બ્રાહ્મણની વાણીની બધી વાતો જખ મારીને માનવી પડે છે. તે તો પોતાને હાથે અમલના નિશામાં એ વાણીને મારી ચૂકયો હતો, બંધ કરી ચૂકયો હતો, તેથી એણે એ વખતે તો એની અંતિમ ચેતવણી તરફ રજ પણ ધ્યાન આપ્યું નહતું, પણ હવે પછીથી હારીને એને એની દરેકે દરેક વાત સ્વીકારવી પડે છે. આમ મારી જતી આ વાણી એને હરાવી દે છે.

એ વૈતહવ્યોએ જો એની છેલ્લી ચેતવણી સાંભળી લીધી હોત, તો ઘણું સારૂં થાત, પણ તે લોકો એની વાણીની કીંમત સમજતા નહતા. તે વાણી તો **केसर प्राबन्धा** હોય છે, એટલે તે વાણી સર્વદા સર્વના સુખને માટે, ભલાને માટે પ્રવૃત્ત હોય છે અને તે વાણી કદી પણ બંધનમાં નાંખી શકાતી નથી, કદી પણ પરાધીન બનતી નથી.

નોટ = **केसर प्रावन्धायाः** આ એક સ્ત્રીલિંગી શબ્દની છઠ્ઠી વિભક્તિનું રૂપ છે. અહીં તે વાણીનું જ સ્પષ્ટ રીતે વિશેષણ છે. આવી રીતે સમાસ સમજવો-के **सुखे सुख-निमित्तं, सराय सरणाय, प्रकर्षेण अबन्धा बन्धनरहिता** ॥

× **चरमाजा** એ શબ્દ **चरमा**=અંતિમ અને **अजा**=અજન, ચેષ્ટન, એવી રીતે બનેલો છે. અજાનો અર્થ યાસ્ક મુનિ **अजनं** કરે છે, પણ પાશ્ચાત્ય લોકો **अज**નો અર્થ બકરા સિવાય બીજો કંઈ જાણતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૨) પ્રજાદ્રોહી રાજા.

एकशतं ता जनता
या भूमिर् व्यधूनुत ।
प्रजां हिंसित्वा ब्राह्मणीं
असंभाव्यं पराभवन् ॥

અર્થ – (ताः जनताः एकशतं) તે જન-સમૂહ સેંકડોનું હતું, તેઓની સંખ્યા સેંકડોની હતી, (याः भूमिः व्यधूनुत) જેમને ભૂમિએ કંપાવી દીધા. (ब्राह्मणीं प्रजां हिंसित्वा) બ્રાહ્મણની પ્રજાને સતાવવાને કારણ તે વૈતહવ્ય (असंभाव्यं) સંભાવના, ખ્યાલ ન આવે એવી રીતે (पराभवन्) પરાસ્ત થઇ ગયા, હારી ગયા.

સત્યપર આરૂઢ રાજાની આજ્ઞાનું પાલન જે પ્રજા નથી કરતી, તે પ્રજા રાજદ્રોહી થાય છે, તેવીજ રીતે જે રાજા સત્યારૂઢ પ્રજાના લોકમત વિરૂદ્ધ શાસન કરે છે, તે રાજા પ્રજાદ્રોહી થાય છે. એવો રાજા તે પ્રજાને પોતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી શકે નહીં. એ પ્રજા તો પોતાને એવા રાજાની સમજતી જ નથી, તે પ્રજા તો બ્રાહ્મણની—પોતાના રક્ષક નેતાની–પોતાને સમજે છે.

પોતાને બ્રાહ્મણની પ્રજા માનનારી, બ્રાહ્મણને પોતાનું શરણ દેખનારી, એ પ્રજાને સતાવીને, દુઃખ દેઇને, વૈત-હવ્ય લોક પોતાને પૂરેપૂરા પ્રજાદ્રોહી બનાવે છે. તેથી જો કે તેઓ સેંકડો હોય છે, તો પણ ભૂમિ એમને કંપિત કરે છે, એટલે પ્રજાની આ માતૃ–ભૂમિમાં એક જબરદસ્ત ક્રાંતિ ફેલાય છે, કે જેમાં તે વૈતહવ્ય હારી જાય છે, નષ્ટ ભ્રષ્ટ થઈ જાય છે. વૈતહવ્યોની બાહ્ય શક્તિ એટલી પ્રબલ હોય છે કે, કોઈના પણ મનમાં એવી સંભાવના નથી હોતી કે, તેઓ કદી હારી જશે, પરંતુ તેઓ બ્રાહ્મણના મહાન તપ આગળ સહેજમાં જ હારી જાય છે અને સર્વ સાધારણ લોક આશ્ચર્ય પામે છે. આવો ભાવ બતાવવાને માટે અહીં **असंभाव्यं** શબ્દ આવેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૩) દેવપીયુ અને દેવબંધુ.

देवपीयुः चरति मर्त्येषु
गरगीर्णो भवति अस्थिभूयान् ।
यो ब्राह्मणं देवबन्धुं हिनस्ति
न स पितृयाणं अप्येति लोकम् ॥

અર્થ = (देवपीयुः) દેવ ભાવનો દ્વેષી મનુષ્ય (मत्यषु गरगीर्णः चरति) લોકોમાં વિષ પીધેલાની પેઠે ફરે છે અને (अस्थिभूयान भवति) તેની પેઠે સુઠી હાડકાંવાળો થઇ જાય છે. (यः) એવો જે દેવપીયુ (देवबन्धुं ब्राह्मणं हिनस्ति) દેવભાવના પાલક બ્રાહ્મણની હિંસા કરે છે, (सः पितृयाणं लोकं अपि न यति) તે દેવપીયુ (પ્રજાદ્રોહી) માણસ પિતૃયાણ લોકને પણ પ્રાપ્ત થતો નથી, એટલે મુવા પછી એનો જન્મ કૂતરાં બીલાડાંમાં થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણ (સત્યાગ્રહી પ્રજાનો નેતા) દેવબન્ધુ કહેવાય છે અને પ્રજાદ્રોહી રાજા દેવપીયુ કહેવાય છે. તેથી જો બ્રાહ્મણ એવા રાજાને સહેજમાં હરાવી દે, તો એમાં શું આશ્ચર્ય છે? દેવના વિરોધમાં દુનિયામાં કોણ ટકી શકે છે? દેવબંધુ હોવાને કારણ જો બ્રાહ્મણનું હૃદય દેવજૂત બને છે, એટલે એના હૃદયમાં મહાન દેવ-બળ પ્રવેશ કરે છે અને એ રીતે તે બળ અમોઘ અસ્ત્રનું કામ સારે છે (મંત્ર ૮), તો બીજી તરફ દેવપીયુના હૃદયમાં ઈંદ્ર આગ સળગાવે છે (મંત્ર ૫), તો પછી દેવબંધુ કેમ જીતી ન શકે? દેવબંધુના વિરોધમાં દેવપીયુની બીજી શી શી દશા થાય છે, તેનું આ મંત્રમાં વર્ણન કરેલું છે.

સંસારમાં મનુષ્યની ગતિના બે માર્ગ પ્રસિદ્ધ છે—(૧) દેવયાન અને (૨) પિતૃયાણ. વૈદિક સાહિત્યમાં આનું બહુ વર્ણન છે. સંક્ષેપમાં આ બાબત સમજવાને માટે પાઠકે નીચેનું વર્ગીકરણ ધ્યાનથી જોઇ લેવું:—

	દેવયાન-	પિતૃયાણ-
૧	અપવર્ગ આધ્યાત્મિક ઉન્નતિ	ભોગ ભૌતિક ઉન્નતિ
૨	બ્રહ્મચર્યદ્વારા આત્મતેજ વધારવું	સંયમપૂર્વક સંતાનની ઉત્પત્તિ કરવી.
૩	ઉંડાઈ	વિસ્તાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બેઉ માર્ગ સ્વાભાવિક છે. જો કે દેવયાન પિતૃયાણને મુકાબલે ઘણો ઉચ્ચ માર્ગ છે, તોપણ પિતૃયાણ પણ સ્વાભાવિક છે. જીવ મૂળથી ભોગ તરફ જાય છે અને ધીમે ધીમે ભોગની તુચ્છતાનો અનુભવ કરીને કુદરતી રીતે અપવર્ગ (મુક્તિ) તરફ વળે છે. આ મંત્રમાં કહ્યું છે કે, દેવપીયુ પિતૃયાણ લોકમાં પણ જઇ શકતો નથી. આની મતલબ એમ છે કે, તે ભોગ પણ સ્વાભાવિકરૂપે ભોગવતો નથી. તે ભોગમાં એટલો બધો આસક્ત થઇ જાય છે કે, ભોજનના સામાન્ય નિયમોનું પણ પાલન નથી કરતો; તેથી એનું ભોજન ભોજ્યના ભોજનને બદલે વિષનું ભોજન થઈ જાય છે અને તેથી કરીને એની ભૌતિક [શરીર સંબંધી] ઉન્નતિ પણ થઈ શકતી નથી. આવો ભાવ જણાવવાને માટે અહીં **अस्थिभूयान्** [હાડપિંજર] શબ્દ વાપરેલો છે. વિષને લીધે શરીરનો બધો સાર, સત્વ, શ્રેષ્ટ ભાગ બળી જાય છે અથવા બનવો બંધ થઈ જાય છે, એના શરીરમાં કેવળ હાડકાં રહી જાય છે. એકવાર રવીન્દ્ર ઠાકુરે પાશ્ચાત્ય સભ્યતાનું અનુકરણ કરનાર જાપાનને ભારતનો સંદેશ સંભળાવતી વખતે કંઇક એવી જ ઉપમા આપી હતી. તેમણે કહ્યું હતું કે, પોતાની સંસ્કૃતિ, માનવતા, ન્યાય, ધર્મ આદિ સાર વસ્તુઓ ગુમાવવાથી કમાયેલું ધન નિર્જીવ થાય છે, હાડકાંનો ઢગલો છે. જેમ રસ, રૂધિર, શુક્ર, તેજ આદિનો નાશ કરી શરીરમાં હાડકાં કાઢવાં, હાડપિંજર બનવું, તેના જેવું એ કામ છે. દેવપીયુની દશા આવી જ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની આવી દશા એટલા માટે થાય છે કે, તે દેવોની (દૈવ નિયમોની) હિંસા કરે છે, કામ કરતી વખતે એ દૈવ નિયમોનો વિરોધ કરે છે. આ વાત બતાવવા માટે આ મંત્રમાં કહ્યું છે કે, **देवबन्धुं ब्राह्मणं हिनस्ति.** જો તે દેવયાન માર્ગ પર ચાલી શકે નહીં, તો એમાં કંઈ હરકત નથી. તેણે દેવયાનનો વિરોધ કર્યા વગર પિતૃયાણ માર્ગ પર ચાલવું જોઇએ, પણ તે તો દેવયાનનો વિરોધ કરે છે એટલે દૈવ નિયમોનું જાણી જોઇને ઉલ્લંઘન કરે છે. ઇચ્છા ન હોય તો ભલે તે દૈવ ન બને, પણ તે દેવનો હિંસક બને છે, તેથી તો એના અભીષ્ટ પિતૃયાણની પણ જડ કપાઈ જાય છે. તે બેશક ભોગ ભોગવે, પણ તેણે તે ભોગ દૈવ નિયમોનું ઉલ્લંઘન નહીં કરતાં રહીને ભોગવવા જોઇએ. એટલે તે દેવબંધુ ન બને તો દેવપીયુ પણ ન બને. એમ હોય તો આ બેની વચમાં એક એવા **पितृबन्धु**ની પણ આપણે કલ્પના કરી શકીએ, કે જે દેવપીયુએ ન હોય તેમ દેવબંધુએ ન હોય. એ ત્રણેનાં લક્ષણ નીચે પ્રમાણે સમજી શકાય:—

(૧) દેવબંધુ તે કહેવાય છે કે, જે દેવના એટલે જગતમાં કામ કરનાર **ऋत** નામનાદેવના નિયમોનું પૂરેપૂરી રીતે પાલન કરે છે. એ નિયમોમાં બંધાઇ "દેવયાન" માર્ગ પર જાય છે.

(૨) પિતૃબંધુ તે કહેવાય છે કે, જે દેવના એ નિયમોનું ઉલ્લંઘન કર્યા વગર પોતાને પિતૃલોકના નિયમોમાં બાંધી "પિતૃયાણ" માર્ગ પર જાય છે.

Gurukula Library Kangri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) દેવપીયુ તે કહેવાય છે કે, જે દેવના આ નિયમોનું ઉલ્લંઘન કરીને પિતૃયાણ માર્ગ પર જવા ચાહે છે, તેથી તે પિતૃયાણ માર્ગ પર પણ જઈ શકતો નથી.

હવે આથી ઉલટું દેવબંધુઓની દશા કેવી થાય છે, તે આગલા મંત્રમાં કહ્યું છે, તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૪) સતાવવામાં આવેલો બ્રાહ્મણ કેવા ભાવમાં રહે છે.

अग्निर् वै नः पदवायः
सोमो दायाद उच्यते ।
हन्ता अभिशस्ता इन्द्रः
तथा तद् वेधसो विदुः ॥

અર્થ = (अग्निः वै नः पदवायः) અગ્નિરૂપ પ્રભુ નિશ્ચે અમને આગળ લેઈ જનારો અમારો માર્ગ-દર્શક, નેતા છે અને (सोमः दायादः उच्यते) સોમરૂપ પ્રભુ અમારો દાયાદ છે, એટલે પુષ્ટિ આપનાર છે અને (इन्द्रः अभिशस्ता हन्ता) ઈન્દ્રરૂપ પ્રભુ અમારી હિંસામાંથી રક્ષા કરનાર છે. (तत् तथा) ખરેખર આ રીતે (वेधसः विदुः) જ્ઞાની બ્રાહ્મણ લોક અનુભવ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવબંધુ બ્રાહ્મણ લોક રાજાની આવી ભારે શક્તિ જોઇને પણ કેમ જરાએ ભયભીત નથી થતા ? એવાં ઘોર દુઃખ, કષ્ટ વેઠીને પણ તેઓ કેમ કદીએ જરાએ વિચલિત નથી થતા ? તેઓ દુઃખ, પીડા, ગરીબી, કારાવાસ, મરણ–એ સર્વને કેમ નિમંત્રણ આપે છે? અને એ સર્વ આવી પ્રસન્નતાથી કેમ સહન કરે છે ? એ સર્વનું રહસ્ય, આ મંત્રમાં કહ્યા પ્રમાણે, પ્રભુ પર એમનો અટલ અડગ વિશ્વાસ છે. એઓ સદા એમ સમજે છે, એઓનો સદા પાકો વિશ્વાસ છે કે, ભગવાન પોતાનાં ત્રણ રૂપોમાં (અગ્નિ–સોમ–ઈન્દ્ર એ ત્રણ રૂપોમાં) સદા એમને સહાય કરનાર છે.

આ વિશ્વાસનો થોડો હિસ્સો ભગવાન આપણને પણ આપે, એવી પ્રાર્થના છે.

નોટ = **अभिशस्ता=अभिशस्तानि** નાન્યતર જાતિનું બીજી વિભક્તિનું બહુવચન છે. **हन्ता** એ રૂપ **हन** ધાતુને **तृन्** (૩–૨–૩૫) પ્રત્યય લાગીને થયેલું છે, અને જે ધાતુને **तृन** લાગે, તેનું કર્મ હમેશાં બીજીમાં આવે છે.

पदवायः આનો અર્થ આમ સમજવો–**पदं प्राप्तव्यं स्थानं वाययति गमयति इति पदवायः ॥**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૫) ઉપસંહાર

इषुरिव दिग्धा नृपते
पृदाकूरिव गोपते ।
सा ब्राह्मणस्येषुर् घोरा
तया विध्यति पीयतः ।।

અર્થ=(नृपते) હે મનુષ્યોના પાલક રાજા, (दिग्धा इषुः इव) બ્રાહ્મણ-વાણી વિષ પાયેલા તીરનું કામ કરે છે. (गोपते) હે ગૌપાલક રાજા, (पृदाकूः इषु) બ્રાહ્મણ-વાણી સર્પિણી જેવી થઈ જાય છે. (सा ब्राह्मणस्य घोरा-इषुः) બ્રાહ્મણની વાણીજ એનું ઉત્કટ હથિયાર છે, (तया पीयतः विध्यति) જે વડે તે બ્રાહ્મણ દેવ-હિંસકોને વીંધી નાખેછે.

છેવટે રાજાને नृपते અને गोपते આ બે વિશેષણોથી સંબોધિત કરીને વેદ આ વિષયનો ઉપસંહાર કરે છે. રાજાનું કામ જ नृपति હોવું છે, માણસના પાલક થવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને રાજા તો गोपति થવાને માટે-બિચારી ગૌનું પાલન કરવાને માટે જ બનાવાયો છે. પૃથિવી, ગાય, વાણી (ખાસ કરીને બ્રાહ્મણની વાણી), એ સર્વ ગાયોની (જુઓ, પ્રારંભિક વિવેચના પૃષ્ઠ ૧૨) તથા અન્ય રક્ષણીયોની (રક્ષણ કરવા જોગની) રક્ષાને માટે જ રાજાની જરૂર હોય છે. છતાં એવો રાજા બ્રાહ્મણી પ્રજાની પણ હિંસા કરે છે (મંત્ર ૧૨) અને બ્રાહ્મણની વાણી ગૌની હિંસા કરે છે મંત્ર (૨-૧૦), તેથી એને અંતે नृपते અને गोपते નામોથી બોલાવી જગાડવો, સાવધ કરવો, એની ફરજનું એને ભાન કરાવવું, એ આ અંતિમ મંત્રની વિશેષ વાત છે.

અહીં આ બ્રાહ્મણની વાણી રૂપી ગૌનું વર્ણન સમાપ્ત થાય છે.

આ બ્રાહ્મણની ગૌ સદા મંગળરૂપા કલ્યાણી હોય છે, છતાં પણ કોઇવાર વિષદગ્ધ બાણનું પણ કામ કરે છે, તેમજ કોઈવાર ભયંકર સર્પિણીના રૂપમાં પણ જોવામાં આવે છે અને એ ચમત્કારિણી બ્રાહ્મણ વાણી અસુરોનો ધ્વંસ કરવાને માટે એક અમોઘ દિવ્ય ધનુષનું પણ રૂપ ધરીને કોઈવાર ચમકે છે. આમ છતાં અ મૂળે તે સર્વદા શિવરૂપા અભયદાયિની છે. એવી એ બ્રાહ્મણની ગૌને અમારા વારંવાર પ્રણામ છે.

— સમાપ્ત —

सा मा सत्योक्तिः परिपातु विश्वतः ॥

ऋ. १०-३७-२.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

प्रकीर्ण विषय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ વૈદિક રાજા

યજુર્વેદના વીસમા અધ્યાયના આરંભના મંત્રોમાં વૈદિક રાજાના સ્વરૂપનું વર્ણન કરેલું છે. આ મંત્રો ભણવાથી જાણવામાં આવે છે કે, વેદ રાજામાં કયા કયા વૈયક્તિક (અંગત) ગુણો હોવાનું આવશ્યક સમજે છે તથા વેદની દૃષ્ટિમાં રાજાનો ઉદ્દેશ શો છે? આ મંત્રોમાં રાજ્યાભિષેકનું વર્ણન જણાય છે. રાજ્યાભિષેકને સમયે આ મંત્રો દ્વારા વેદે રાજાને કેટલાં એક વ્રતો લેવાનો આદેશ કર્યો છે. તે વ્રત શાસનની દૃષ્ટિએ માર્મિક છે. હવે આ મંત્રોની વ્યાખ્યા કરવામાં આવે છે.

क्षत्रस्य योनिरसि, क्षत्रस्य नाभिरसि ।
मा त्वा हिंसीत्, मा मा हिंसीः ॥ १ ॥

"ક્ષત્રની તું યોનિ છે, ક્ષત્રની નાભિ તું છે, ક્ષત્ર તારી હિંસા ન કરે, તું ક્ષત્રની હિંસા ન કરે."

(क) અહિ ક્ષત્રનો અર્થ **राष्ट्र** છે. વેદમાં ઘણે સ્થળે રાષ્ટ્ર એ અર્થમાં ક્ષત્ર શબ્દનો પ્રયોગ મળે છે. જે રાજાનો રાજ્યાભિષેક કરવાનો છે, તે રાજાને પુરોહિત એટલે પ્રજાનો પ્રતિનિધિ કહે છે કે, હે રાજન, તું ક્ષત્ર એટલે રાષ્ટ્રની યોનિ છું. જ્યાં કોઇ નિશ્ચિત રાજ્યવ્યવસ્થા નહીં, તે રાષ્ટ્ર નહીં. જ્યાં પરસ્પર લડાઇ, તોફાન થતાં રહે, જ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાને પસંદ કરવાનો કે એને ગાદી ઉપરથી ઉઠાડી મૂકવાનો અધિકાર પ્રજાને ન હોય, તે દેશ રાષ્ટ્ર કહી શકાય નહીં. ચૂંટાયલો રાજા રાજ્યવ્યવસ્થાનો પ્રતિનિધિ થાય છે. આ ભાવ જણાવવાને માટે રાજાને રાષ્ટ્રની યોનિ કહેલ છે. જેમ માતૃ–યોનિમાંથી પુત્ર રત્ન ઉત્પન્ન થાય છે. તેમ રાજા-રૂપી યોનિમાંથી રાષ્ટ્રની યોગ્યતા ઉત્પન્ન થાય છે. અહીં રાજાનો અર્થ રાજ્યવ્યવસ્થા છે.

(ख) રાજાને રાષ્ટ્રની નાભિ (દૂંટી) પણ કહેલો છે. નાભિ શરીરનો કેન્દ્ર (મુખ્ય મધ્ય) ભાગ છે, તેમ રાષ્ટ્રરૂપી શરીરનો મુખ્ય અગત્યનો ભાગ રાજા છે.

(ग) રાજાને ચેતવણી આપી છે કે, તમે એવાં કામ કરશો નહીં કે, જેથી પ્રજા તમારી હિંસા કરી બેસે. આ વર્ણનથી એમ જણાય છે કે, વેદ રાજાને પરમાત્માની મૂર્તિ માનતો નથી અને તેવી જ રીતે એનામાં કોઇ દૈવી શક્તિ પણ માનતો નથી. એમ ન હોત તો પ્રજા દ્વારા એમની હિંસા વિષે ઇશારો વેદનો હોત નહીં. મંત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે, જો તમે પ્રજાની હિંસા (દુઃખ કોઇ તરેહનું) નહીં કરો, તો પ્રજા પણ તમારી હિંસા નહીં કરે. તેથી રાજા અને પ્રજાનો પરસ્પર વ્યવહાર એવો સૂચવેલો છે કે, તેઓ એક બીજાની રક્ષા કરે, નહીં કે હિંસા.

निषसाद धृतव्रतो वरुणः पस्त्यास्वा ।
साम्राज्याय सुक्रतुः, मृत्योः पाहि विद्योत् पाहि ॥

"જેણે વ્રત ધારણ કર્યાં છે એવો વરૂણ પ્રજામાં આવીને બેઠો છે. એ ઉત્તમ રાજ્ય કરવાને માટે બેઠો છે. એ ઉત્તમ સંકલ્પોવાળો, ઉત્તમ પ્રજ્ઞાવાળો અને ઉત્તમ કર્મોવાળો છે. મૃત્યુથી અમારી રક્ષા કર, વિદ્યુતથી અમારી રક્ષા કર."

(क) આ મંત્રમાં રાજાનું નામ વરૂણ આપેલું છે. વરૂણ શબ્દ અહીં બે ભાવ બતાવે છે, એક તો ચૂંટાવું, વરણી થવી અને બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપત્તિઓમાંથી પ્રજાનું રક્ષણ કરવું, એટલે વૈદિક રાજા પ્રજા દ્વારા ચૂંટાય છે અને તે પ્રજાનાં કષ્ટો અને અનિષ્ટો દૂર કરે છે, એટલા માટે રાજાનું વર્ણન વરૂણ નામથી કરેલું છે.

(ख) વૈદિક દૃષ્ટિએ વ્રતોનો ઘણો મહિમા છે. વ્રતમાં વ્રત લેનારની ઇચ્છા હોવી આવશ્યક છે. પરાણે, જબરદસ્તીથી લીધેલું વ્રત વ્રત નથી કહેવાતું. વેદની આજ્ઞા છે કે, જ્યારે કોઇ વ્યક્તિને રાજા બનાવો, ત્યારે એની પાસે વ્રત, પ્રતિજ્ઞા લેવડાઓ કે, તે પ્રજાનું ધર્મથી પાલન કરશે, પોતાના ભોગ તથા સ્વાર્થમાં લીન નહીં રહે, ઇત્યાદિ. આવાં વ્રતો ધારણ કરાવવાથી રાજા પોતાનું ધાર્મિક કર્તવ્ય સમજશે કે, રાજ્યાભિષેકને સમયે એણે જે પ્રતિજ્ઞાઓ કરી છે તે બધીનું પાલન કરવું જોઇએ તથા રાજા પાસે પ્રતિજ્ઞા કરાવવી, એની મતલબ એવી કે, પ્રજાજનમાં ખુલ્લી રીતે એમ ઢોલ વગાડીને જાહેર કરવું છે કે, અમુક રાજાને અમુક અમુક શરતો પર રાજા બનાવ્યો છે, તેથી પ્રજા પણ રાજા પર અંકુશનું કામ કરી શકે. આવા ભાવ મંત્રમાં આવેલા રાજાના વિશેષણ તરીકે વપરાયલા **धृतव्रतः** પદમાં રહેલા છે.

(ग) રાજા એવાને બનાવવો જોઇએ કે, જેની બુદ્ધિ ઉત્તમ હોય, જેના સંકલ્પો, વિચારો, ઇચ્છાઓ પવિત્ર તથા પ્રજાના ભલાને માટે હોય અને જેનાં કામો પણ ઉત્તમ હોય, એટલે જે સદાચારી અને પરોપકારી હોય.

(घ) રાજા હોવાનાં ત્રણ પ્રયોજન અહીં દર્શાવેલાં છેઃ—

(૧) સારી રીતે, ન્યાયની રીતે રાજ્ય કરવું, જેથી પ્રજા સુખી રહે અને દિવસે દિવસે એની ઉન્નતિ થતી રહે.

(૨) બીજું પ્રયોજન એ છે કે, પ્રજામાં મરણસંખ્યા ઘટે, એવાં પગલાં લેવાં. આ બાબત વર્તમાન સમયનાં રાષ્ટ્રો ખૂબ ધ્યાન આપે છે. વર્તમાન ભારતવર્ષમાં મરણસંખ્યા ઘણી ભયંકર છે. લોકોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરેરાશ આયુષનું પરિમાણ પણ બહુ ઓછું છે. આપણા પ્રાચીન પુરૂષોમાં સરેરાશ આયુષનું પરિમાણ બહુ લાંબું હતું, એ સમયે મરણસંખ્યા પણ ઘણી ઓછી હતી. વેદમાં કમમાં કમ સો વર્ષો સુધી જીવવું એ તો હરેક માણસના અધિકાર જેવું માનેલું છે. વેદમાં સો કરતાં પણ અધિક વર્ષો સુધી જીવવાનો ઉપદેશ ઠેર ઠેર મળે છે. કયાંક કયાંક તો ત્રણસો વર્ષ સુધી જીવવાનો પણ ઉપદેશ મળે છે.

(૩) ત્રીજું પ્રયોજન એ છે કે, પ્રજાની વીજળી આદિથી રક્ષા કરવી. વીજળીનું પડવું એ એક પ્રાકૃતિક બનાવ છે. વર્ષાઋતુમાં એ વાદળોમાંથી પડે છે. એનાથી લોકોનું રક્ષણ કરવું, એ રાજાની ફરજ છે એમ દર્શાવેલું છે. આવા અકસ્માતથી રક્ષા કરવાને માટે કેટલી વૈજ્ઞાનિક બુદ્ધિ તથા આવિષ્કારની જરૂર છે, એ વાત આજકાલની વૈજ્ઞાનિક પ્રજા સમજી શકે છે. આજકાલ મોટે ભાગે સરકારી સર્વ મોટી મોટી ઇમારતો પર એવાં યંત્ર મૂકેલાં હોય છે કે, જેથી કરીને વિદ્યુત-પાતથી તે ઇમારતની રક્ષા થાય છે. મોટમોટાં નગરોમાં એવાં યંત્રો મૂકવાં જોઇએ, જેથી વીજળીને લીધે પ્રજાનો નાશ થાય નહીં-આવો ભાવ અહીં સૂચવેલો જણાય છે.

देवस्य त्वा सवितुः प्रसवे
अश्विनोः बाहुभ्यां पूष्णो हस्ताभ्याम् ।
अश्विनोः भैषज्येन तेजसे
ब्रह्मवर्चसाय अभिषिंचामि ।
सरस्वत्यै भैषज्येन वीर्याय
अन्नाद्याय अभिषिंचामि ।
इन्द्रस्य इन्द्रियेण बलाय
श्रियै यशसे अभिषिंचामि ॥ ३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પ્રેરક દેવની (**सवितुः**) પ્રેરણામાં (**प्रसवे**) હું બેઉ અશ્વિયોના બાહુ વડે અને પૂષાના હાથો વડે, બેઉ અશ્વિયોની ચિકિત્સાની મદદથી તેજ તથા બ્રહ્મવર્ચસની વૃદ્ધિને માટે તારો રાજ્યાભિષેક કરૂં છું. સરસ્વતીની ચિકિત્સાની મદદથી વીર્ય તથા ખાનપાનની વૃદ્ધિને માટે તારો રાજ્યાભિષેક કરૂં છું. ઇન્દ્રના સામર્થ્યની મદદથી બળ, શ્રી અને યશની વૃદ્ધિને માટે તારો રાજ્યાભિષેક કરૂં છું."

(**क**) આ મંત્રમાં પુરોહિત વરાયલા રાજાને પ્રથમ એમ કહે છે કે, હું "પ્રેરક દેવની પ્રેરણાને અનુસાર તારો રાજ્યાભિષેક કરૂં છું." પ્રેરક દેવ પરમાત્મા છે. તે સમગ્ર સંસારમાં પ્રેરણા કરી રહ્યો છે. "રાજા હોવો જોઇએ" આ સંબંધમાં પ્રેરણા પરમાત્માએ વેદ દ્વારા મનુષ્યોને કરી છે, કારણ કે રાજા એટલે રાજ્યવ્યવસ્થા વિના પ્રજા સુખેથી રહી શકતી નથી.

(**ख**) પુરોહિત અગાડી કહે છે કે, હું "બંને અશ્વિયોના બાહુ વડે તથા પૂષાના હાથ વડે તારો રાજ્યાભિષેક કરૂં છું." બાહુ શબ્દ બળ અથવા શક્તિનો સૂચક છે અને હસ્ત શબ્દ કામ, પરિશ્રમ અને શારીરિક પ્રયત્નનો સૂચક છે. વેદમાં બંને અશ્વિયોને **विश्वपती** એટલે પ્રજાના પતિ કહેલા છે. વૈદિક દૃષ્ટિએ પ્રજા-શાસનના બે વિભાગ છે, એક Civil અને બીજો Military, એટલે એક નાગરિક પ્રજાનું શાસન અને બીજું સૈનિક પ્રજાનું શાસન. વૈદિક રાજાના હાથ નીચે એ બેઉ મુખ્ય શાસક છે, જેમાંનો એક મુખ્યત્વે કરીને નાગરિક પ્રજાની દેખરેખ રાખે છે અને બીજો સૈનિક પ્રજાની. પુરોહિત રાજ્યાભિષેકને સમયે પસંદ કરેલા રાજાને એવું આશ્વાસન આપે છે કે, એ બંને મુખીઓ તારી સાથે છે, એમના બળની મદદથી હું તારો રાજ્યાભિષેક કરૂં છું, એ બંને તારા સહાયક છે.

વળી પુરોહિત પૂષાના હાથોની મદદનો પણ નિર્દેશ કરે છે. પૂષા દેવતા વૈદિક દેવતાઓમાં શૂદ્રોનો પ્રતિનિધિ ગણાયલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શતપથમાં લખેલું છે કે, **स शौद्रं वर्णं असृजत् पूषणम्** (૧૪-૪-૨-૨૫), એટલે પરમાત્માએ શૂદ્ર વર્ણને ઉત્પન્ન કર્યા, જે પૂષા છે. મજુર લોક અને ખેડુત એ બેઉ પ્રકારની પ્રજા **પૂષા** કહેવાય છે, આ વર્ણન દ્વારા એમ જણાય છે કે, વૈદિક રાજ્યમાં મજુર અને ખેડુતોનો પણ હિસાબ છે. વૈદિક રાજ્યમાં રાજાની પસંદગીરીમાં જો એમનો પૂરો અધિકાર ન હોત, તો રાજ્યાભિષેકને સમયે એમનું આ પ્રકારનું વર્ણન વ્યર્થ જ ગણાય.

(ग) પુરોહિત વળી કહે છે કે, "બંને અશ્વિયોની ચિકિત્સાની મદદથી તેજ તથા બ્રહ્મવર્ચસની વૃદ્ધિને માટે તારો રાજ્યાભિષેક કરૂં છું." નાગરિક પ્રજાના તથા સૈનિક પ્રજાના નેતાનું, મુખ્ય ઉપરીનું કામ છે ચિકિત્સા કરવી, રાષ્ટ્ર-દેહના રોગોને દૂર કરવા. ખરી રીતે જે રોગોની શાંતિ કરવાને માટે રાજ્ય-વ્યવસ્થાઓ કરવામાં આવે છે, તે રોગો જો રાષ્ટ્ર-દેહમાં ઉત્પન્ન થતા ન હોય, તો પ્રજા શાસન અને રાજ્ય-વ્યવસ્થાની કંઇ જરૂર ન પડે. તેથી જણાય છે કે, રાજ્યવ્યવસ્થા રાષ્ટ્ર-દેહને માટે ચિકિત્સાનું કામ કરે છે, જેમાં મુખ્ય ચિકિત્સક (રોગ દૂર કરનાર) એ બે ઉપરી ગણાય છે. અહીં રાષ્ટ્રને દેહની ઉપમા આપી છે, તેથી અહીં રાજ્યવ્યવસ્થાને ચિકિત્સા કહી છે. દેહની તંદુરસ્તીનો આધાર બે વસ્તુ પર છે, એક તો ચિકિત્સા પર અને બીજું પુષ્ટિ તથા વૃદ્ધિ પર. જો શરીરમાં કોઇ રોગ થાય, તો તે રોગ દૂર કરવાને માટે ચિકિત્સાની (દવાની) જરૂર પડે છે અને રોગ દૂર થયે શરીરની પછીથી દિવસે દિવસે પુષ્ટિ થતી રહે, વૃદ્ધિ થતી રહે, તો જ શરીરની ખરી તંદુરસ્તી રહી શકે. એવી રીતે બે અશ્વિયોની સ્થિતિ બે પ્રયોજનને માટે કહી છે— એક ચિકિત્સાને માટે અને બીજું રાષ્ટ્રના તેજની અને બ્રહ્મવર્ચસની વૃદ્ધિને માટે. ચોરી, વ્યભિચાર, પરસ્પર મારામારી આદિ ખરાબીઓ રાષ્ટ્ર-દેહના રોગ છે. બંને અશ્વિયોનું કામ છે કે, રાષ્ટ્ર-દેહના આ અને એવા બીજા રોગોને દૂર કરે અને તેની સાથે સાથે જ રાષ્ટ્ર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહના તેજની વૃદ્ધિ કરે અને એમાં ખાસ કરીને બ્રહ્મવર્ચસની વૃદ્ધિ કરે. વેદોનું અધ્યયન કરનારો જાણે છે કે, નાગરિક પ્રજાનો ઉપરી તો બ્રાહ્મણ (સમસ્ત વેદ વિદ્યા જાણનાર વિદ્વાન) હોય છે અને સૈનિક પ્રજાનો ઉપરી અધિકારી ક્ષત્રિય હોય છે. રાષ્ટ્ર-દેહમાં તેજની વૃદ્ધિ કરવાની જવાબદારી સૈનિક પ્રજાના ઉપરી અધિકારીની છે અને બ્રહ્મવર્ચસની વૃદ્ધિની જવાબદારી નાગરિક પ્રજાના ઉપરી અધિકારીની છે. જે રાષ્ટ્રનું સૈનિક બળ કમજોર છે, તે રાજનૈતિક દૃષ્ટિએ નિસ્તેજ છે, તેજ રહિત છે. એને હરેક આવીને દબાવી શકે છે, એના અધિકારોને, હકોને પગ તળે કચરી નાંખે છે, તેથી આ મંત્રમાં સૈનિક બળને રાષ્ટ્ર દેહનું તેજ કહેલું છે. મુખ્ય સેનાપતિની ફરજ છે કે, તેણે રાષ્ટ્ર દેહમાં આ તેજની સદા વૃદ્ધિ કરતાં રહેવું. વળી જે ગુણોનો પ્રતિનિધિ બ્રાહ્મણ છે, તે ગુણોની વૃદ્ધિ કરવી, એટલે વિદ્યા, તપશ્ચર્યા, પરોપકાર, વાગ્મિતા, સદાચાર, આસ્તિકતા આદિ જે સદ્‌ગુણોને બ્રહ્મવર્ચસ કહે છે તેની વૃદ્ધિ કરવી. એ ગુણજ ખરી રીતે રાષ્ટ્રદેહનો પ્રાણ છે, આત્મા છે. એ ગુણો વિના સમજો કે, રાષ્ટ્રદેહ પ્રાણરહિત છે, આત્મા વિનાનો છે. રાષ્ટ્રદેહમાં જે સદ્ વસ્તુઓની વૃદ્ધિ કરવી જોઇએ તે અહીં તેજ અને બ્રહ્મવર્ચસ કહેવાય છે. બેઉ અશ્વિયો આ બે વસ્તુની વૃદ્ધિ કરનારા છે. એ બેઉ અશ્વિયોમાં એક સૈનિક પ્રજાનો અધિકારી સેનાપતિ કહેવાય છે અને બીજો નાગરિક પ્રજાનો અધિકારી પ્રધાન મંત્રી કહેવાય છે. ઉપર કહેલું છે કે, એ બંનેને વેદમાં **વિશાંપતી** પણ કહેલા છે, કારણ કે એ બેઉ મુખ્ય શક્તિઓ ખરી રીતે પ્રજાના પતિ છે, રક્ષક છે.

(ઘ) પુરોહિત વળી કહે છે કે, હે રાજન, "સરસ્વતીની ચિકિત્સાની મદદથી વીર્ય અને ખાનપાનની સામગ્રીની વૃદ્ધિને માટે તારો રાજ્યાભિષેક કરૂં છું."

સરસ્વતી શબ્દનો પ્રયોગ વિદ્યાના અર્થમાં તથા વિદુષી પ્રજાના અર્થમાં સાધારણ રીતે આવે છે. રાષ્ટ્રમાં વિદ્યાનો ખૂબ પ્રચાર હોવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ, જેથી પ્રજા વિદ્યાવાળી થઇને આ અભિષિક્ત રાજાને ચાહનારી અને મદદગાર થાય અને પ્રજાએ પણ એમ સમજવું કે, રાજ્યની પ્રજાના દેહમાં વીર્યશક્તિ બહુ આવશ્યક વસ્તુ છે અને એ વીર્યશક્તિની ઉત્પત્તિ અને એની રક્ષાને માટે રાજ્યમાં તે એવાં જ અન્ન ઉત્પન્ન કરે કે, જેના સેવનથી પ્રજાના દેહમાં વીર્યશક્તિ વધતી જાય અને એ શક્તિ સુરક્ષિત પણ રહે અને તે એવાં અન્ન ઉત્પન્ન ન કરે કે, જેના સેવનથી એ વીર્યશક્તિનો હ્રાસ થાય અને નાશ થાય. આ દષ્ટિએ ભાંગ, ચરસ, ગાંજો, શરાબ, ગરમ મસાલો આદિની વિશેષ ઉત્પત્તિનો નિષેધ કરેલો છે.

અહીં સરસ્વતીનો સંબંધ વીર્ય અને અન્નની વૃદ્ધિ સાથે છે. વીર્ય અને વીર્યશક્તિ વધારનાર અન્નને ઉત્પન્ન કરવાનું કામ સીધી રીતે ખેડુતનું છે, નહીં કે બીજા જણોનું. તેથી સરસ્વતી શબ્દનો અર્થ અહીં ખેડુત વર્ગ પણ સંભવ છે. સરસ્વતી શબ્દમાં **સરસ્** શબ્દનો અર્થ તલાવ પણ થાય છે, તેથી સરસ્વતીનો અર્થ "તલાવ-વાળી પ્રજા" પણ થઇ શકે. ખેતરને પાણી પાવા માટે કૂવા અને તલાવોની આવશ્યકતા હોય છે. આ દષ્ટિએ ખેડુતવર્ગ માટે સરસ્વતી શબ્દ આવેલો છે, એવી કલ્પના કરવી એ કંઇ અસંભવ કલ્પના નથી. આ બીજો અર્થ લેઇએ તો પુરોહિત રાજાને એમ કહેતો જણાય છે કે, હે રાજન, ખેડુત પ્રજા પણ તારી પડખે છે, જે તારા રાજ્યમાં વીર્યશક્તિ અને અન્નની વૃદ્ધિ કરનારી છે.

(ङ) પુરોહિત વળી કહે છે કે, "ઇન્દ્રના સામર્થ્યની મદદથી, બળ – યશ – અને શ્રીની વૃદ્ધિને માટે તારો રાજ્યાભિષેક કરૂં છું." અહીં બળનો અભિપ્રાય સૈનિક બળનો છે, શ્રીનો અભિપ્રાય ધન-સંપતનો તથા યશનો અભિપ્રાય રાષ્ટ્ર–પ્રશંસાનો અને કીર્ત્તિનો છે, પરંતુ એ ત્રણ પ્રયોજન માટે કેવળ ઇન્દ્રનું સામર્થ્ય માનેલું છે. વૈદિક સાહિત્યમાં ઇન્દ્રના અનેક અર્થ છે, તેમાંથી અહીં ત્રણ અર્થ લીધેલા છે, એક સેનાપતિ, બીજો વેપારી, અને ત્રીજો સૂર્ય. અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ત્રણેની મદદની અપેક્ષા કરેલી છે. આ રીતે સેનાપતિના બળની મદદથી સૈનિકોના બળની વૃદ્ધિનું, વેપારીના બળની મદદથી ધન-સંપતની વૃદ્ધિનું તથા સૂર્યની પેઠે પર રાજ્યમાં પણ યશની વૃદ્ધિનું વર્ણન કરેલું છે. આમ આ મંત્રમાં રાજાના રાજ્યાભિષેકમાં પ્રધાન મંત્રી, મુખ્ય સેનાપતિ, મજુર વર્ગ, ખેડુત વર્ગ તથા વેપારી લોક—એ સર્વની મદદનું વર્ણન કરેલું છે. તેથી જણાય છે કે, વૈદિક દષ્ટિમાં રાજાની વરણીમાં એ સર્વેનો હાથ હોવાનું સ્વીકારેલું છે. વળી ત્રીજા મંત્રમાં રાષ્ટ્રવ્યવસ્થાનાં પ્રયોજન પણ ગણાવેલાં છે, જેમકે રાષ્ટ્રમાં એટલે પ્રજામાં શૌર્ય પરાક્રમની વૃદ્ધિ કરવી, સૈનિક બળની વૃદ્ધિ કરવી, બ્રહ્મવર્ચસ એટલે સદ્‌ગુણોની વૃદ્ધિ કરવી, સાત્ત્વિક અન્નોની વૃદ્ધિ કરવી, ધનસંપતની વૃદ્ધિ કરવી તથા એ સર્વની વૃદ્ધિથી રાષ્ટ્રના યશની વૃદ્ધિ કરવી.

कोऽसि, कतमोऽसि,
कस्मै त्वा, काय त्वा ।
सुश्लोक सुमंगल सत्यराजन् ॥

ય૦ ૨૦-૪.

તમે કોણ છો ? તમે ઉત્કૃષ્ટ પ્રજાપતિ છો. કયા પ્રયોજન માટે તમારો અભિષેક કરાય છે ? પ્રજાપતિ થવાને માટે. હે ઉત્તમ કીર્તિવાળા, હે ઉત્તમ મંગળ કરનારા, હે સાચા રાજા !

પુરોહિત પ્રજાનો પ્રતિનિધિ થઈને જ્યારે પસંદ કરેલા રાજાનો અભિષેક કરે છે, ત્યારે પ્રશ્નોત્તર દ્વારા રાજાને એમનાં કર્તવ્યોનો બોધ કરાવે છે.

(૧)—પુરોહિત પ્રશ્ન કરે છે કે "તમે કોણ છો ?" એટલે જ્યારે તમે રાજા થયા છો, ત્યારે આ સમયે જે સ્વરૂપ તમારૂં બન્યું છે, તે સ્વરૂપ તમે જાણો છો ? રાજાના ઉત્તરની રાહ જોયા વિના તેમને તે સ્વયં ઉત્તર દ્વારા સમજાવે છે કે "તમે ઉત્કૃષ્ટ પ્રજાપતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો. " સમગ્ર પ્રજાઓના પતિ પરમાત્મા છે. પુરોહિત એમ કહેવા ઇચ્છે છે કે, હે રાજન, તમે પણ પ્રજાપતિ છો, પ્રજાના રક્ષક થયા છો. પરમાત્મા જેમ ન્યાય અને દયાનું અદ્ભુત સંમિશ્રણ કરીને પ્રજાની રક્ષા કરે છે, તેમ તમારે પણ પ્રજાની રક્ષા કરવાની છે. પરમાત્મા જેમ પોતાના નિજ ભોગો તરફ સદા બેપરવા રહે છે, તેમ તમારે પણ પોતાના સ્વાર્થોનો ત્યાગ કરવાનો છે.

કેટલાક લોક વૈદિક રાજાના સંબંધમાં પ્રજાપતિની કલ્પના પર નાક ચઢાવે છે, ખાસ કરીને જે લોકો પ્રજા-તંત્ર શાસનના શાબ્દિક ભાવ પર અધિક મોહ રાખે છે, તેવા લોક હસે છે. એક રીતે એમનું કહેવું ઠીક પણ છે. જો પ્રજા, રાજાને પ્રજાપતિ સમજવા લાગે અને એની કાર્યનીતિ પર પોતાનો અંકુશ ન રાખે અને એ રીતે રાજાને સ્વેચ્છાચારી થવા દે તો રાજાના સંબંધમાં પ્રજાપતિની કલ્પના અત્યંત હાનિકારક સિદ્ધ થાય, પરંતુ જો એથી ઉલટું એટલે પ્રજા રાજાને પોતાની નિયમસંસ્થાના ચૂંટેલા મુખ્ય વ્યક્તિ તરીકે સમજે અને રાજા પોતાનાં કર્તવ્યોને યાદ રાખવાને માટે સદા પોતામાં પ્રજાપતિનું રૂપ સ્મરણ કરતો રહે, તો પ્રજા-શાસન પણ સુંદર રીતે હોઇ શકે અને રાજા પણ પોતાના કર્તવ્યમાર્ગેથી કદિયે ભ્રષ્ટ થઇ શકે નહીં. એટલા માટે "હવેથી હું પ્રજાપતિ છું અને તેથી પ્રજાપતિના જેવું આચરણ મારે કરવું જોઇએ," એમ સમજીને રાજા વર્તે, તો તે શાસનની દષ્ટિએ કંઇ ખોટું નથી અને તે પ્રજા-તંત્ર શાસનની દષ્ટિએ પણ કોઈ વિઘાતક સિદ્ધાંત જણાતો નથી.

(૨)—પુરોહિત પસંદ કરેલા રાજાને ફરીને પ્રશ્ન કરે છે કે, શું, તમે જાણો છો કે, શા ઉદ્દેશને માટે, શા પ્રયોજનને માટે, તમને રાજા તરીકે સ્વીકારેલા છે? આના ઉત્તરમાં તે પોતે ઉત્તર પણ કહી દે છે કે, "પ્રજાપતિનાં કૃત્યો પ્રમાણે શાસન કરવાને માટે" તમને રાજા તરીકે સ્વીકારેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ પ્રશ્ન દ્વારા પુરોહિત એમને એમ સમજાવે છે કે, હવેથી તમે પણ શ્રેષ્ઠ પ્રજાપતિ બન્યા છો અને બીજા પ્રશ્ન દ્વારા એમને એમ સમજાવે છે કે, જ્યારે તમે પ્રજાપતિની પેઠે શાસન - કાર્ય કરશો, ત્યારે જ રાજગાદી ઉપર આવવાનું તમારૂં પ્રયોજન સફળ થશે.

(૩)—પ્રજાપતિનું રૂપ રાજામાં કેવી રીતે આવી શકે છે, એ બતાવવાને માટે રાજાનું સંબોધન **सत्य राजन्** વડે કરેલું છે, એટલે હે સત્યને અનુસાર રાજ્ય કરનારા. ઉત્તમ રાજ્યની અને ઉત્તમ રાજાની ખરી પરખ છે **સત્યનું શાસન**. આજ કાલના રાષ્ટ્રોમાં અસત્ય જૂઠી નીતિનો (Policy) જરૂર કરતાં વધારે સમાવેશ છે. પરમાત્માનું રાજ્ય જે **प्राजापत्य राज्य** કહી શકાય છે અને જે સમગ્ર સૃષ્ટિમાં ચાલુ છે, તેમાં કેવળ સત્ય સિદ્ધાંતો અને સત્ય નિયમોનો સમાવેશ છે. અનુભવી લોક અનુભવ કરી શકે છે કે, પરમાત્માના રાજ્યના નિયમો કેટલા અટલ છે, સ્થિર છે. તે ક્ષણિક ઉદ્દેશની પૂર્તિ સાધવાને રચેલા નથી. આવા સત્ય શાસનને પ્રાજાપત્ય શાસન કહે છે. માનુષ રાજા જો સત્યની દૃષ્ટિએ રાજ્ય કરે, તો તે પણ પ્રજાપતિ છે, પરમાત્માનું રૂપ છે.

शिरो मे श्रीः, यशो मुखं ।
त्विषिः केशाश्च श्मश्रूणि ।
राजा मे प्राणो अमृतं ।
सम्राट् चक्षुः, विराट् श्रोत्रं ॥ ५
जिव्हा मे भद्रं, वाङ् महो ।
मनो मन्युः, स्वराड् भामः ।
मोदाः प्रमोदा अंगुलीः अंगानि,
मित्रं मे सहः ॥ ६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बाहू मे बलं इन्द्रियं,
हस्तौ मे कर्म वीर्यं
आत्मा क्षत्रं उरो मम ॥ ७
पृष्ठीः मे राष्ट्रं, उदरं अंसौ
ग्रीवाश्च श्रोणी ।
ऊरू अरत्नी जानुनी
विशो मे अंगानि सर्वतः ॥ ८
नाभिः मे चित्तं,
विज्ञानं पायुः मे....॥
....
जंघाभ्यां पद्भ्यां धर्मोऽस्मि,
विशि राजा प्रतिष्ठितः ॥ ९

આ ચારે મંત્રોનો અર્થ નીચે પ્રમાણે છે—

(૧) શ્રી – મારૂં માથું છે,
(૨) યશ – મુખ છે
(૩) ત્વિષિ – કેશ અને મૂંછ છે,
(૪) પ્રાણીસમુદાયરૂપ રાજા – મારો આત્મા છે,
(૫) સમ્રાટ્ – આંખ છે,
(૬) વિરાટ્ – કાન છે,
(૭) ભલાઇ – મારી જીવ્હા છે,
(૮) પૂજા – વાક્ છે,
(૯) વિચારપૂર્વ કોપ – મન છે,
(૧૦) અંધ કોપ – સ્વરાટ્ છે,
(૧૧) મોદ પ્રમોદ – અંગુલી આદિ અંગ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૨) સહનશીલતા અને પરાભવ કરવો – મિત્ર છે,
(૧૩) બળ અને ઇન્દ્રિય – મારા બાહુ છે,
(૧૪) કર્મ અને વીર્ય – હાથ છે,
(૧૫) ક્ષત્ર – આત્મા અને છાતી છે,
(૧૬) રાષ્ટ્ર – મારી પીઠ છે,
(૧૭) પ્રજાઓ – ઉદર આદિ અન્ય અવયવ છે,
(૧૮) ચિત્ત – મારી નાભિ છે,
(૧૯) વિજ્ઞાન – પાયુ છે,
(૨૦) જંઘા અને પાદ દ્વારા હું ધર્મનો અવતાર છું.
(૨૧) રાજાની સ્થિતિ પ્રજાને આશ્રયે છે.

અહીં પાંચે મંત્રોના અર્થ એકી સાથે આપેલા છે, કારણ કે એમ કરવાથી જ એમનો મુખ્ય ભાવ સ્પષ્ટ થાય છે. આ અર્થોમાં શ્રી, યશ આદિ જે ડાબી બાજુએ ગણાવેલ છે, તે વસ્તુઓ રાષ્ટ્ર-શરીરના ઘટક અવયવો છે, એટલે એ વસ્તુઓના આધાર પર જ રાષ્ટ્ર બને છે તથા જમણી બાજુએ માથું, મુખ આદિ જે વસ્તુઓ ગણાવેલ છે, તે મનુષ્ય-શરીરના ઘટક અવયવો છે, એટલે એ અવયવોના મેળથી મનુષ્યનું શરીર બનેલું છે.

હવે એ પણ જાણો કે, ચોથા મંત્રમાં રાજા પુરોહિત પાસેથી ઉપદેશ લેઇને આ પાંચ મંત્રો દ્વારા પુરોહિત અને સન્મુખ બેઠેલી પ્રજાની સામે પોતાનો સંકલ્પ પ્રકટ કરે છે. સંકલ્પ પ્રકટ કરતી વખતે રાજા રાષ્ટ્ર-શરીરમાં પોતાના શરીરની કલ્પના કરે છે, એટલે રાજા પ્રજાને એમ જણાવવા ઇચ્છે છે કે, આજથી હું પોતાનું વ્યક્તિપણું, અલગપણું ભૂલી જાઉં છું અને જેનો હું રાજા બન્યો છું તે રાષ્ટ્રમાં પોતાનાં શરીર, મન અને ઇન્દ્રિયોની ભાવના દૃઢ કરૂં છું. આ ભાવના જો સાચા અને દૃઢ સંકલ્પથી કરવામાં આવે, તો એવું પરિણામ સ્વાભાવિક રીતે આવે કે, ભાવના કરનાર વ્યક્તિના જીવનમાં સ્વાર્થી વિચાર બિલકુલ કમ થતાં રહે અને એનો બધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન અને શક્તિ રાષ્ટ્ર-શરીરની ઉન્નતિમાં જ વપરાતાં રહે. હવે તે રાજા આ ભાવનાની કેવી રીતે પુષ્ટિ કરે છે, તે સંક્ષેપમાં જણાવવામાં આવે છે:—

(क) રાજા કહે છે કે, "શ્રી મારૂં શિર છે." શ્રીનો અર્થ સંપત, ઐશ્વર્ય, ધન છે. જ્યાં સુધી રાષ્ટ્રમાં ખૂબ પૈસો ન હોય, પ્રજા ધનવાન ન હોય, રાજ્યની તીજોરી ભરેલી ન હોય, ત્યાં સુધી રાજ્યમાં કોઇ પ્રકારની ઉન્નતિ હોઈ શકે નહીં. શરીરમાં જીવનનો આધાર જેમ માથું છે, તેમ રાષ્ટ્ર શરીરમાં રાષ્ટ્ર-જીવનનો આધાર ખજાનો છે, પ્રજાજનોનું ધનવાન હોવું છે, અને ઐશ્વર્યશાલી હોવું છે. રાજા એમ કહેતા જણાય છે કે, હું રાષ્ટ્ર સંપતને (પ્રજાની સમૃદ્ધિને) પોતાનું શિર સમજું છું. પ્રજા પૈસાવાળી રહે એમ હું યત્ન કરીશ.

(ख) રાજા કહે છે કે, "યશ મારૂં મુખ છે." જેમ કોઇ વ્યક્તિનો અપયશ એના મૃત્યુ સમાન છે, તેમ એથી વધારે મૃત્યુ સમાન રાજ્યનો અપયશ છે. વ્યક્તિ પોતાનું અંગત અપમાન સહી લે, પણ રાજ્ય પોતાનું અપમાન સહી શકે નહીં. યશને મુખ સાથે સરખાવવાનું કારણ એ છે કે, યશ અને અપયશનો પ્રથમ પ્રભાવ મુખ પર જ પડે છે. યશ સાંભળીને માણસનું મુખ ઉજ્જવલ થાય છે અને અપયશ સાંભળીને મુખ નિસ્તેજ થઇ જાય છે. એટલા માટે રાષ્ટ્ર યશમાં મુખની ભાવના કરી છે, તે બહુ યોગ્ય છે.

(ग) રાજા કહે છે કે, "ત્વિષિ મારાં કેશ અને દાઢી મૂંછ છે." ત્વિષિનો અર્થ સફાઇ, ચમક છે. જે લોકોને વાળ અને મૂંછો રખાવવાની ટેવ છે, તેઓ એને સાફસૂફ રાખવાને, એની ટાપટીપ કરવાને ઘણું ધ્યાન આપે છે. જો એમ ન કરાય, તો તે ઘણા ખરાબ અને અસભ્ય દેખાય છે. તેથી ત્વિષિનો સંબંધ માણસનાં વાળ અને દાઢીમૂંછની સાથે રાખેલો છે. વર્તમાન સમયના પાશ્ચાત્ય લોક રાજ્યનો ભભકો અને સફાઇને માટે ખૂબ ધ્યાન આપે છે. તે બરાબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, કારણ કે રાજ્યમાં જો Sanitation પર પૂરૂં ધ્યાન આપવામાં ન આવે, તો રાજ્યની એટલે રૈયતની તદુરસ્તી કદિ ઉત્તમ રહી શકે નહીં. તેથી રાજ્યની સફાઇ અને Sanitation માં રાજા પોતાનાં કેશ અને મૂંછની ભાવના કરે છે.

(ઘ) રાજા કહે છે કે, "પ્રાણી જગત જે રાજા છે તે મારો આત્મા છે." વેદની નજરે પ્રજાજન જ ખરી રીતે રાજા છે. જે વ્યક્તિને રાજા તરીકે માનવામાં આવે છે, તે કેવળ પ્રજાજનોની ઇચ્છાઓનું પરિણામ છે, રાજાને પ્રજાની ઇચ્છાઓને અનુસાર રાજ્યનું શાસન કરવાનું છે, તેથી પ્રાણી જગતને (પ્રજાજનને) રાજા કહેલ છે. તે પ્રજાજનને રાજા પોતાનો આત્મા માને છે. જ્યાં સુધી શરીરમાં આત્મા છે, ત્યાં સુધી તેમાં પ્રાણ છે. આ કથન દ્વારા રાજા જાહેર કરે છે કે, પ્રજાજન વિના એની કોઇ સ્થિતિ નથી. પ્રજાતંત્ર શાસનનીઉંચી ભાવના આ વર્ણનમાં કેટલી ગુંથેલી છે, તે તો જે કોઇ પ્રજાજન-શાસનનું રહસ્ય સમજતો હોય, તે જાણી શકે.

(ङ) રાજા વળી કહે છે કે, "સમ્યક્રીતે, ન્યાયી પ્રબંધ વડે રાજ્ય કરવું એ મારી આંખ છે અને ન્યાયી ઉત્તમ પ્રબંધ ન હોવો એ મારા કાન છે." આ કથનમાં બહુ રહસ્ય છે. જવાબદાર વ્યવસ્થા કરનાર જો પોતાની આંખે કોઇ વ્યવસ્થાનું નિરીક્ષણ ન કરે, તો તે વ્યવસ્થા બરાબર ચાલી શકે નહીં. જો તે સદા કાને સાભળેલી વાતોના આધાર પર જ વ્યવસ્થા કરવા ઇચ્છે, તો તેનું પરિણામ ગેરવ્યવસ્થામાં આવ્યા વગર રહે નહીં, તેથી આંખની ભાવના સુપ્રબંધમાં અને કાનની ભાવના કુપ્રબંધમાં કરેલી છે.

(च) રાજા વળી કહે છે કે, "ભલાઇ મારી જીભ છે અને પૂજા મારી વાણી છે." સંસારમાં સામાન્યરૂપે એવું જોવામાં આવે છે કે, માણસ પદવીમાં કે અધિકારમાં જેમ ચઢતો જાય છે, તેમ તે નાના માણસોની સાથે ભલાઇના તથા સભ્યતાના વર્તાવમાં ઘણો શિથિલ થઇ જાય છે. તેથી સમાજમાં પરસ્પર પ્રેમ ઓછો થઇ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને ઈર્ષા તથા ઝગડા વધતા જાય છે. મોટા લોક નાના લોકોને કંઈ બે ટકા ભલે ન આપે, પણ તેઓ અહંકારમાં આવી બેઅદબ અને તોછડાઈથી ન વર્તે, તોએ બસ છે, જેથી સુલેહસંપ રહે. મનુએ કહ્યું છે કે, જેની પાસે કંઈ ન હોય, તે કેવળ વાણી સત્કાર વડે જ અતિથિ આદિની સેવા કરી શકે છે. રાજા એવી ભલાઈમાં જીભ અને વાણીની ભાવના કરે છે. જો માણસ વાણીથી વિવેક અને ભલાઈ ન બતાવે, તો જીભ અને વાણી નહીં હોવા બરાબર છે. માણસોએ પરસ્પર વાતચિતમાં, સંવાદમાં, વાદવિવાદમાં, સામાજિક મેળાવડામાં તથા સાધારણ વ્યવહારમાં મીઠી વાણી અને વિવેકનો કદિયે ત્યાગ કરવો નહીં. રાજા તો એનો ત્યાગ કદિયે નહીં કરવાને માટે પ્રજા સન્મુખ પોતાનો સંકલ્પ પ્રકટ કરી રહ્યો છે.

(છ) રાજા "વિચારપૂર્વક કોપને મન કહે છે અને અંધ કોપને (ભામને) સ્વરાટ કહે છે." આ કથન પણ યોગ્ય છે, કારણકે દુષ્ટ કામ તરફ કદિયે સાચો ક્રોધ રાજા ન બતાવે, એ અસંભવ છે, વિચારપૂર્વક બતાવેલો ક્રોધ હિતકર્તા છે, પણ અંધ એટલે વગર વિચારે કરેલો ક્રોધ નુકશાનકર્તા છે. અંધ કોપને સ્વરાટ એટલા માટે કહેલો છે કે, એવો ક્રોધ સ્વયમેવ એટલે કોઈ ખરા કારણ સિવાય ચમકે છે, એનો પ્રતિનિધિ મનુષ્ય-શરીરમાં કોઈ અવયવ નથી, અને કોઈ હોવો ન જોઈએ, કારણકે એવો ક્રોધ રાજ્યને માટે હાનિકારક નીવડે છે. આથી એમ પણ સૂચવેલું છે કે, એવો ગાંડો ક્રોધ રાષ્ટ્ર-શરીરમાં એટલે પ્રજાજનમાં પણ ન હોવો જોઈએ, એવા ક્રોધને રાષ્ટ્ર-શરીરનો બાહ્યપદાર્થ માનેલો છે.

(જ) રાજા કહે છે કે, "મોદ પ્રમોદ (આનંદ, ગમ્મત) મારી આંગળીઓ આદિ અવયવ છે." પ્રજાજનના જીવનને માટે ગમ્મત રમત એક આવશ્યક અંગ છે. ઉત્સવ, ક્રીડા, તમાશા નાચ ગાન આદિ મોદ પ્રમોદ પ્રજા-જીવનના જીવનીય રસરૂપ છે. એમાં આંગળી આદિ અવયવોનો અધિક ઉપયોગ થાય છે, એટલા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના પ્રતિનિધિ આંગળી વગેરે અવયવો માનેલા છે. તેથી મોજશોખનાં સાધનો પૂરાં પાડવાં ઘટે છે.

(झ) રાજાને માટે બે વસ્તુની જરૂર છે, એક તો બહારના તથા અંદરના શત્રુઓનો પરાભવ કરવો અને બીજું સહનશીલતા. એ બેઉ વિચાર પરસ્પર વિરોધી જણાય છે, પણ તેમ નથી. શત્રુઓની આરંભની હિલચાલને પ્રથમ સહનશીલ રહીને જોયાં કરવી. સામ, દાન, ભેદદ્વારા પ્રથમ એ હિલચાલને દબાવી દેવા કોશીષ કરવી, એનું નામ સહનશીલતા છે. પછી જ્યારે એમ જણાય કે, એ હિલચાલ પેલા ઠંડા ઉપાયોદ્વારા દબાવી શકાતી નથી, ત્યારે પરાક્રમદ્વારા એને દબાવી દેવામાં જ લાભ છે. રાજા આ બે ભાવોને પોતાના મિત્રરૂપ માને છે.

(ञ, ट, ठ) રાજા ઇન્દ્રિય એટલે ઇન્દ્રના (સેનાપતિના) બળને બહુ માને છે અને ક્ષત્રિયોની કર્મશક્તિ તથા વીરતાને હાથ હાથ માને છે તેમજ શત્રુ તરફથી થતી હેરાનગતિથી પ્રજાની રક્ષા કરવાના કામને છાતી અને આત્મા માને છે. મનુષ્ય-શરીરમાં જેમ બાહુ-હાથ-છાતી છે, તેમ રાજ્યરૂપી શરીરમાં ક્ષત્રિય છે. અહીં બળનો અર્થ સેના છે, તેથી ઇન્દ્રની એટલે સેનાપતિની સેના (લશ્કર, શસ્ત્રઅસ્ત્ર, કિલ્લા આદિ) એ રાજાના બાહુ ગણાય છે. એ દ્વારા શત્રુના હલ્લાથી પ્રજાનું રક્ષણ કરવાના કામને છાતી તથા આત્મા ગણેલ જણાય છે. વૈદિક પરિભાષામાં બાહુ-હાથ-છાતીને ક્ષત્રિયોના પ્રતિનિધિ માનેલાંછે, એટલે ક્ષત્રિયોને રાજાના બાહુ-હાથ-છાતી માનેલા છે. એમની સહાયતાથી રાજ્યની રક્ષા કરવી રાજાનું મુખ્ય કર્તવ્ય છે.

(ड, ढ) રાજા કહે છે કે, "રાષ્ટ્ર મારી પીઠ છે અને પ્રજા મારા ઉદર આદિ અન્ય અવયવ છે." પીઠ અને અન્ય ઉદર આદિ અવયવોનો પરસ્પર શો સંબંધ છે, તે પ્રથમ સમજવું જોઇએ. મસ્તકમાંથી (Brain માંથી) એક કરોડરજ્જુ નીકળે છે, જે પીઠના અન્ત સુધી જાય છે. એને સુષુમ્ના નાડી કહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અંગ્રેજીમાં એ (Spinal Cord) કહેવાય છે. એમાંથી કેટલીક નાની મોટી નસો નીકળીને શરીરનાં સમસ્ત અંગોમાં ફેલાય છે, તેથી શરીરનાં એ અંગોમાં ગતિ-ચેષ્ટા થાય છે. સુષુમ્ના દંડની એ નસો વિના શરીરના અન્ય અવયવ પોતપોતાનું કામ કરી એમ નથી. પીઠનો શરીરનાં અન્ય અંગો સાથે આવો સંબંધ છે. રાજા કહે છે કે, પીઠનો જેવો સંબંધ શરીરનાં અન્ય અંગો સાથે છે, તેવો સંબંધ રાષ્ટ્રનો પ્રજાઓ સાથે છે, આ વર્ણનથી એમ સમજાય છે કે, રાષ્ટ્ર તે વસ્તુ છે કે જે પ્રજાઓની સમન્વિત (એક સરખી) ગતિ-ચેષ્ટા આદિનું સાધન છે એટલે જેમ એક વ્યક્તિ પોતાની જન્મદાત્રી માતાને, એના સર્વ ગુણદોષ સાથે, પોતાની સમજે છે, એની હરેક ચીજ અને વાતની રક્ષાને માટે તૈયાર રહે છે, તેમ જ્યારે કોઇ દેશને માતૃ-ભૂમિ માનનાર દરેક વ્યક્તિ પોતાના તે દેશની ઉન્નતિ અને રક્ષા તન-મન-ધનથી કરવાને તૈયાર હોય, ત્યારે તે દેશ રાષ્ટ્રભાવને પામે છે. ભારતની ભિન્ન ભિન્ન પ્રજાઓમાં પરસ્પરના વિચારો અને કર્મમાં સમતા, સમન્વય, મેળ આવશે, ત્યારે ભારત પૂર્ણ રાષ્ટ્રના રૂપમાં ગણાશે.

(ण) રાજા રાષ્ટ્રના ચિત્તને એટલે ચેતના-શક્તિને નાભિ કહે કહે છે. શરીરમાં નાભિ એવો ભાગ છે કે, જે દ્વારા માતાના પેટમાં રહેલું બચ્ચું પોતાના પોષણનો રસ લે છે. ચેતનાશક્તિ રાજ્યને જીવનીય રસ પહોંચાડવાનું સાધન છે અને વળી એ શકિત રાજ્યમાં Creative power રૂપ પણ છે, એટલે રાજ્યમાં નવી નવી શકિતઓની જનની પણ છે. આ ચેતનાશકિત સૂઇ રહેલા, નિરુત્સાહી માણસમાં સૂઇ રહેલી હોય છે અને જાગતા, ઉત્સાહી માણસમાં જાગેલી હોય છે. જાગેલો માણસ જે બહારની પરિસ્થિતિઓને જાણતો હોય છે અને અનુકૂળ પરિસ્થિતિઓની સાથે પ્રેમ રાખે છે અને પ્રતિકૂળ પરિસ્થિતિઓની સાથે દ્વેષ કરે છે. તે બધાનું કારણ ચેતનાશક્તિ છે, (સારાસાર પરખવાની શક્તિ) છે. ભારતમાં આ ચેતનાશક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમે ધીમે જાગવા માંડી છે. રાજ્યની આ ચેતના શક્તિને વેદે શરીરની નાભિ સમાન કહી છે.

(त) એવી જ રીતે રાજા રાષ્ટ્રના વિજ્ઞાનને પાયુ કહે છે. પાયુ ગુદાદ્વારના ઉપરના ભાગને કહે છે, જેનું નામ મલાશય પણ છે. અહીં જ્યારે મળ ઉતરે છે, ત્યારે શૌચ જવાની ઇચ્છા થાય છે. આ આ અવયવને પ્રકૃતિએ એવો બનાવ્યો છે કે, થોડા જ મળની સ્થિતિનું ભાન એને થાય છે અને જલદીથી ઝાડે જઇ આવવાની ઇચ્છા થાય છે, એવી જ રીતે રાજ્યમાં જ્યારે જ્ઞાનનો પ્રચાર થાય છે, ત્યારે જ રાજ્યને પોતાનો મળ બહાર ફેંકી દેવાનું ભાન અને ઇચ્છા થાય છે. રાષ્ટ્રમાં પારકાનો અમલ એ રાષ્ટ્રને માટે મળ સમાન હોય છે, જે રાજ્યમાં જ્ઞાન ફેલાઇ જાય છે, તે રાજ્ય પારકાના અમલના મળને ઝટ પોતાના શરીરમાંથી બહાર કાઢી નાંખવાને ઇચ્છે છે. તેથી અહીં જ્ઞાનને પાયુ કહેલ છે.

(थ)—રાજા કહે છે કે, "જંઘા (જાંગ) અને પગ દ્વારા હું ધર્મનો અવતાર છું." વાસ્તવમાં આ વચન ઘણા મહત્ત્વનું છે. મૈથુન સંબંધી અધર્મનું કારણ એ જંઘા અને પગ છે. રાજા એમ કહેવા માંગે છે કે હું વ્યભિચાર કરીશ નહીં, પરસ્ત્રીને માત બહેન ગણીશ અને એમ કહીને પોતાના સદાચારના સંબંધમાં પ્રજાને દૃઢ વિશ્વાસ આપે છે.

(द)—અંતે રાજા કહે છે કે, હું એ બરાબર રીતે સમજું છું કે, પ્રજામાં રાજાની સ્થિતિ છે, એટલે પ્રજાના આશ્રયથી રાજા સારી રીતે પ્રતિષ્ઠિત છે. પ્રજા ન હોય તો રાજા ક્યાં રહેશે ? પ્રજાના આધારથી જ રાજાની પ્રતિષ્ઠા છે. પ્રજાની સદ્ ઇચ્છા પરજ હરેક રાજા જીવિત રહી શકે છે, પ્રજા જ રાજાનો આશ્રય છે. પ્રજા રાજા વગર રહી શકે છે, પણ રાજા કદાપિ પ્રજા વગર રહી શકતો નથી. જ્યાં પ્રજા ન હોય ત્યાં રાજાનું અસ્તિત્વ ન હોય, પણ જ્યાં રાજા ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય ત્યાં પ્રજાનું અસ્તિત્વ હોઇ શકે છે, એટલે જેમ રાજાનું અસ્તિત્વ પ્રજા પર નિર્ભર છે, તેમ પ્રજાનું અસ્તિત્વ રાજા પર નિર્ભર નથી. પ્રજા સ્વતંત્ર છે અને રાજાનો આધાર છે. રાજા પરતંત્ર છે અને પ્રજાના આધાર પર રહેનારો છે. તેથી પ્રજાના કલ્યાણમાં રાજાનું કલ્યાણ રહેલું છે. જે રાજા પ્રજાના કલ્યાણની સાથે પોતાના કલ્યાણનો સંબંધ જાણે છે, તે સાચો રાજા છે અને એના પરજ શ્રી જગદીશ્વરના આશીર્વાદ વરસે છે અને એનું જીવન ધન્ય, સફળ થાય છે તથા ભવિષ્યમાં લોકો એને યાદ કરે છે.

(મૂળ લેખક, શ્રી. પં. વિશ્વનાથજી વિદ્યાલંકાર, ગુરૂકુલ, કાંગડી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨=માતૃ-ભક્તિ

(૧) માતાનું સિંહાસન ઉંચું છે. એની સ્મૃતિ, સત્કાર અને સ્નેહના સુમનોહર સંબંધને ઉત્પન્ન કરે છે. તે મનુષ્યનો આદિ ગુરૂ છે. જ્યારે તે હજી પોતાના પિતા સુદ્ધાંથી પરોક્ષ હોય છે, તે સમયે પણુ માતાની સ્વભાવ-માધુરી એના આત્મ-તલ પર અમિટ સંસ્કાર નાંખતી રહી હોય છે. એના ધાવણુની સાથે જ સાથે એના હૃદયના વિવિધ ભાવ પણુ બાળકની અંદર સંક્રાન્ત થાય છે. નાના બાળકને પોતાની ઇચ્છા મુજબ બનાવી લે, એવી શક્તિ માતાને અધીન જ છે, એમ સમજવું. મોટ મોટા સાંગ્રામિકોએ વીર-રસ, મોટ મોટા દિગ્ગજ પંડિતોએ જ્ઞાન-રસ, મોટ મોટા તપઃશીલ, સાધુ-સ્વભાવ, ધર્મ-પ્રચારકોએ ત્યાગ-રસ, મોટ મોટા વિચારકોએ વિચાર-રસ, માતાને ખોળે જ પ્રથમ પીધો છે. આ જ હેતુથી આર્ય શાસ્ત્રોમાં માતાના ગુણ સર્વ શિક્ષકોના ગુણોની અપેક્ષા કંઇ ગણા અધિક પ્રબલ માનેલા છે.

(૨) પ્રત્યેક સભ્ય જાતિએ માતૃ-શક્તિના મહિમાનો અનુભવ લીધેલો છે. માતૃ-સંબંધ પવિત્રતાનો આદર્શ છે. માતૃ-સ્નેહ વ્યાવહારિક સૌમનસ્ય (પ્રેમ-દયા)નો સ્તંભ છે. માતૃ-પૂજા સભ્યતાની ઉન્નતિનું અનુમાન છે. તે જાતિઓ સાંસારિક તથા ધાર્મિક અભ્યુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયની સોપાન-પંક્તિના શિખર પર ચઢી ગયેલી સમજવામાં આવે છે, કે જેમને ત્યાં વિચાર અને આચરણમાં નારીઓને યથાયોગ્ય માન મળે છે અને એમને પૂર્ણ ઉન્નતિ કરવાને માટે નિ:સંકોચ સર્વ અવસર આપવામાં આવે છે. ત્યાં વૃથા અનુચિત રીતિ-રિવાજોનાં કડક જટિલ જાળનાં બંધનોનો અનુભવ કર્યા વિના જ, વિનય-વિનમ્ર તથા સદ્‌ગુણ-સુભૂષિત, સતી, વિદુષી મહિલાઓ પોતાના પતિ-દેવોની સાથે સમાન ભાવથી દેશ, જાતિ તથા ધર્મની નૌકાને પાર ઉતારવાને માટે હલેસાં મારી શકે છે અને લાભાલાભમાં જ્ઞાન-પૂર્વક સહાનુભૂતિને યોગ્ય થાય છે. વસ્તુતઃ આ નિષ્કર્ષ (સાર) બહુ યુક્ત છે અને સુજ્ઞ વિચારકોની ચમત્કારિણી બુદ્ધિ તથા ઉદારતાનો પરિચય દેનાર છે.

(૩) સારો સંસાર આગળ વધ્યો છે, પણ ભારતનું ભાગ્ય નિરાળુ છે. વૈદિક સમયમાં સ્ત્રીઓનો આદર્શ ખરેખર કેટલો ઊંચો હતો. સુલભા, અનસૂયા, ગાર્ગી આદિ વિદુષી માતાઓનાં નામ લેવાથી જીભ પવિત્ર થાય છે. કૌશલ્યા, સીતા અને કુન્તીની સ્મૃતિ ઠંડા પડેલા વીર-રસ તથા ધર્મ-ભાવને જગાડનારી છે. તે આ પવિત્ર દેશને માટે અત્યન્ત અપવિત્ર સમય હતો, કે જ્યારે સ્વાર્થ અને મૂર્ખતાના ધૂમાડાથી અંધ થઇ અહીંના શક્તિ-મદોન્મત્ત થોડાક બ્રાહ્મણો અને બીજાઓએ પોતાની માતાઓ, બહેનો, અર્ધાંગિનીઓ તથા પુત્રીઓની આગળ વિદ્યા-મંદિરનાં સદા ખુલ્લાં રહેલાં કમાડો બંધ કરી દીધાં. એ આંખના આંધળાઓની બુદ્ધિ પર આ આવરણ (પડદો) કેવી રીતે આવ્યું, એ સમજવામાં આવતું નથી. જ્યારે બીજા દેશોના ઇતિહાસ બંધનોમાં જકડાયલી નારીના મોક્ષનો ઉલ્લેખ કરે છે, ત્યારે આ મંદ-ભાગ્ય ભૂમિની કથા ઉલટી ચાલે છે. જે માતાએ પ્રાચીન કાળમાં યાજ્ઞવલ્ક્ય સરખા વિદ્વાનોનો છક્કો છોડાવ્યો હતો, આજ એની નામ સ્મરણ કરવા લાયક ભારત-મહિલા મૂર્ખ અને પગની જૂતી સમજવામાં આવે છે. હા ! અત્યાચાર છે ! ! અત્યાચાર છે ! ! !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) તો, હે આર્ય પાઠકો, ચેતો. તમારૂં યૌવન-રક્ત પણ કેમ માતૃ-શક્તિની સેવાથી વિરક્ત થઈ ગયું છે ? જુઓ, તમે હજી પણ એક માતાનું મધુર દૂધ પી રહ્યા છો. અહા, આ દૂધનો પ્રભાવ વિચિત્ર છે ! જાણે, જ્ઞાન-ગંગામાં તમે સ્નાન કરી રહ્યા છો.

વહાલા યુવકો, આ ગંગા-તટ પર આવી તરસ્યા ને તરસ્યા પાછા ન જાઓ, આ રમણીય આરામમાંથી કેટલાંક પુષ્પો લેઈને જ જાઓ તો ઘણું સારૂં થશે. તમારી માતૃ-સંસ્થાની એક એક ઈંટ ત્યાગ, તપસ્યા તથા આત્મ-વિશ્વાસનો જાપ કરી રહી છે અને ઉપર **ओ३म्**ના ઝંડા નીચે એનું પવિત્ર નામ ઉપરનો સંદેશો સંભળાવી રહ્યું છે. સર્વથી પહેલાં આ માતાની ભક્તિ કરો. પોતાના આદર્શ પુરૂષોના ગુણો ધારણ કરો. સાયંપ્રાતઃ પોતાના આત્માને પ્રશ્ન પૂછો, "શું હું આ ધોબપણાને અનુકૂલ કંઇ પોતાની માતાના આદર્શોની પૂર્તિને માટે ઉપયોગી થઈ શકીશ ?" પ્રતિદિન આ પ્રશ્નની માળા ફેરવો. નિશ્ચય જાણો, તમારી પાછળ રમણીય નામોની માળામાં તમારો મણકો પણ ફર્યા કરશે. જ્યાં જાઓ અને જેવી રીતે જાઓ, ત્યાં ઉપહાર વહાલી માતાની તરફથી પાકી ગાંઠ બાંધી લેઇ જજો.

(૬) શેષ માતૃ-ભક્તિ આની વ્યાખ્યા બનશે. જ્યાં સુધી આ ગાંઠ પાકી નહીં બાંધો, ત્યાં સુધી તે ભક્તિ તમારાથી દૂર છે, એમ જાણવું. તે શું છે ? દીન, હીન, ભારતમાતાની સુધ (ખબર) લો. તમારે ભારતોત્થાનમાં પોતાના સ્વતંત્ર વિચાર અને આદર્શ ઉપસ્થિત કરવા પડવાના. દેશોન્નતિનું તાત્પર્ય કૌંસિલની અંદર અથવા બહાર પ્રસ્તાવ પ્રસ્તુત કરવા માત્રથી જ સમાપ્ત નથી થતું. ઉપર ઉપરના તમામ શોરબકોર અને કોલાહલની નીચે ચુપચાપ જાતિના બાળકોના શિક્ષણનો, દલિતોદ્ધારનો, કૃત્રિમ જાતિ-પાંતિના ભયંકર રોગ નિવારણનો, કર્મહીન જાતિમાં શ્રમજીવિતાની તરફ આદર-સ્થાપનનો કાર્યભાર તમારા ઉપર છે. જોજો, ધીર બનવું. તમારી ખાંધ લેઇ લેતા નહીં. વેદનો પતિત-પાવન સંદેશ સંભળાવનાર તમારામાંનો કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે. સાવધાન ! ફૂટતી ધર્મની કુંપળોને સંસારના વૈભવના અગ્નિની આંચ લાગે નહીં. વેદમાતાના મધુર ગાન હજી પણ ઇરાવતી અને ચંદ્રભાગાના તરંગોમાં છે, પણ હા ! જલ-તરંગ બજાવનાર ક્યાં છે ? તો શું માતૃ-ભક્તિનો શુદ્ધ ભાવ વેદમાતાનો ઉદ્ધારક પેદા નહીં કરી શકે ? ઉત્સાહ ધારણ કરો. બદ્ધપરિકર (તૈયાર) થઇ આ જ ધુનના ધની બની જાઓ. વિજય ચરણ ચૂમવાને માટે, જુઓ, એ આવે છે.

(૭) વેદમાતાનો પ્રચાર અવશ્યમેવ સતી, સુશીલ, સુવીર, વનિતાઓનો યુગ પાછો લાવશે. સુમિત્રા દ્વારા ફરીને લક્ષ્મણ યતિ આ દેશની રક્ષાને માટે મેદાનમાં ઉતરશે. ઘરની સ્વામિનીઓ સારી સુધરેલી સમજુ થશે, દેશ-હિતને સમજશે. તેઓ પોતાના ધાવણમાં સ્વદેશ-ભક્તિ, સ્વભાષા-ભક્તિ, સ્વધર્મ-ભક્તિ, સ્વસાહિત્ય-ભક્તિ, સ્વસંસ્કૃત-ભક્તિની ગોળી ઘુંટી ઘુંટીને મીઠાં મીઠાં ગીત ગાતી ગાતી પાઇ દેશે. શું આ ભવિષ્ય ભારતનું દશ્ય ભવ્ય પ્રતીત થાય છે ? તો, જાગો. ઉચ્ચ વિચારોને હૃદયમાં સ્થાન આપો. ક્ષુદ્ર વાસનાઓની તૃપ્તિમાં જ બહુમૂલ્ય માનવ-જીવનને નષ્ટ કરો નહીં. આઓ, ધીર બનો અને પોતાના જીવનનું સર્વસ્વ પોતાની વહાલી માતાનાં પવિત્ર ચરણોમાં મૂકી દો.

(મૂળ લેખક-આચાર્ય શ્રી. પં. વિશ્વબંધુ શાસ્ત્રી,
એમ. એ. એમ. ઓ. એલ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩—વૈદિક પ્રાર્થના.

(૧) इदमुच्छ्रेयो अवसानमागां
शिवे मे द्यावापृथिवी अभूताम् ।
असपत्नाः प्रदिशो मे भवन्तु
न वै त्वा द्विष्मो अभयं नो अस्तु ॥

અ૦ ૧૯–૧૪–૧

વિનય.

ઓ મારા ભાઈ, મેં આજ સુધી તારો બહુ દ્વેષ કર્યો, ઘણી દુશ્મની કરી. તમે મને નુકશાન કર્યું, તો તેના બદલામાં મેં તમને નુકશાન કર્યું, તમે ફરીને એનો બદલો લીધો, તો મેં એનો પાછો બદલો લીધો, આ રીતે આપણો દ્વેષાગ્નિ દિવસે દિવસે વધતો ગયો છે, ભયંકર રૂપ ધારણ કરતો ગયો છે. આ દ્વેષને લીધે આપણ બેઉને જ ઘણું જ નુકશાન થઇ ચૂક્યું છે, આપણે પાયમાલ થઈ ચૂકયા છીએ. હું સમજું છું કે, ક્રોધમાં આવી, દાંત પીસતાં રહી બદલાનો બદલો લેતા રહેવાનું, ઇંટનો જવાબ પત્થરથી દેતા રહેવાનું, ફળ એ આવશે કે આપણા બેઉનો ઘણી જલદીથી જ પૂરો વિનાશ થશે. આ સિવાય એ દ્વેષાગ્નિનો અન્ત બીજે કયાંય નથી આવવાનો. તેથી કરીને એ દ્વેષનો નાશ કરવામાં, દ્વેષ કરવો મૂકી દેવામાંજ આપણું કલ્યાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલું છે. આપણામાંથી કોઇએ હવે બદલાનો બદલો નહીં લેવો, ઉત્તરનો પ્રત્યુત્તર નહી દેવો, ક્રોધનો જવાબ ક્રોધમાં નહીં દેતાં, શાંતિ રાખવી. એમાં કલ્યાણ છે, નિશ્ચે એમાં કલ્યાણ છે. આવી રીતે આ વધતો જતો, આપણો નાશ કરનારો ક્રોધાગ્નિ શાંત થશે. દ્વેષ કદી પણ પ્રતિદ્વેષથી શાંત થતો નથી, દ્વેષ પ્રેમથી જ શાંત થાય છે. તેથી તમે હવે ફાવે એટલો મારો દ્વેષ કરો, ફાવે એટલી હાનિ મને પહોંચાડો, પણ હું હવે એનો જવાબ દેઇશ નહીં, બદલો લેઇશ નહીં. હું આજે હવે દ્વેષ-પરંપરાનો અન્ત લાવું છું. આજથી તમે મારા શત્રુ નથી, તમે તો મારા ભાઇ છો. મારા હૃદયના કોઈપણ ખૂણામાં પણ હવે તમારી તરફ પ્રતિદ્વેષનો છાંટો સરખો નથી. જોઉં છું, હવે તમે ક્યાં સુધી મારો દ્વેષ કરતા રહો છો, કરી શકો છો. હું તો હવે તમારો ક્રોધ, ક્રોધથી કરેલાં સર્વ જાતનાં નુકશાન, પ્રેમ-પૂર્વક સહન કરતો જઇશ અને પ્રેમ જ રાખતો જઈશ. હું આજે પોતાના દ્વેષનાં સઘળાં શસ્ત્ર ફેંકી દેઇ, આ દિશામાં પૂરી હાર માની નિશ્ચિન્ત થઇ ગયો છું. દ્વેષને દેશવટો દેતાં જ હું તો આજે ઘણી શાંતિ અને ઘણો આરામ અનુભવું છું. હવે જ્યારે મેં આ કલ્યાણનો માર્ગ પકડયો છે, તો, હે દ્યૌ અને પૃથિવી, હવે તમે પણ મારે માટે કલ્યાણકારી થઇ જાઓ. મારામાં દ્વેષ હોવાને કારણે આજ સુધી આ સંસાર મને દુઃખમય જણાતો હતો, પણ હવે તો આ આકાશ અને ભૂમિ, આસમાન અને જમીન, આ આખો સંસાર મારે માટે કલ્યાણકારી બની જાય. હે ભાઇ, કેવળ તમારા તરફ જ નહીં, પરંતુ કોઇપણ માણુસ તરફ આજથી મારો દ્વેષ રહ્યો નથી. તેથી આ વિશાળ દિશાઓ મારે માટે આજથી સંપૂર્ણ અસપત્ન (શત્રુરહિત), શાંત અને સુખદાયિની થઇ ગઇ છે. પહેલાં તો હું શત્રુઓના ભય-ત્રાસ અને આશંકાથી વ્યગ્ર રહેતો હતો, પણ દ્વેષ છોડી દેવાથી, સર્વની તરફ પ્રેમને પ્રેમ જ થવાથી આજે હું સર્વ રીતે નિર્ભય થઇ ગયો છું. હું આજે સર્વ દિશાઓમાં અને સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારમાં પ્રેમ, અદ્વેષ, મીઠાશ, આનંદ, નિશ્ચિન્તતા અને નિર્ભયતાનોજ અનુભવ કરી રહ્યો છું.

શબ્દાર્થ.

(**इदं उत् श्रेयः**) નિશ્ચે એ કલ્યાણકારી છે કે, (**अवसानं आगाम्**) હું હવે છેડા પર આવું-દ્વેષ પરંપરાને છોડી દેઉં. તેથી હે શત્રુ, (**त्वां न वै द्विष्मः**) તારો હું દ્વેષ કરવાનો નથી. (**द्यावा पृथिवी**) આકાશ અને ભૂમિ (**मे**) મારે માટે (**शिवे अभूताम्**) હવે કલ્યાણકારી થઇ જાય. (**प्रदिशः मे असपत्नाः भवन्तु**) સર્વ દિશાઓ મારે માટે શત્રુરહિત થઈ જાય. (**नः अभयं अस्तु**) મારે માટે હવે અભયને અભય જ હો.

(૨) **असद् भूम्याः समभवत्**
तद् द्यां एति महद् व्यचः ।
तद् वै ततो विधूपायत्
प्रत्यक् कर्तारं ऋच्छतु ॥

અ૦ ૪-૧૯-૬

વિનય

શું, તમે એમ સમજો છો કે, સંસારમાં **असत्** નો, પાપનો જ વિજય થઇ રહ્યો છે? સાચું એ છે કે, પ્રભુ પોતાના આ સંસારમાં બેશક થોડી વારને માટે પાપને વધવા, પકવા દે છે, પરંતુ સમય આવે એનો વિનાશ ચોક્કસ છે. બુરાઇનું વૃક્ષ બેશક ખૂબ ફૂલે ફાલે છે, પણ પછી તે મૂળમાંથી ઉખડી પડે છે. ભૂમિ પરથી ઉઠી પાપ કોઇ કોઇ વાર આખા અંતરિક્ષમાં ફેલાઇ જાય છે અને એટલું વધે છે કે, તે દ્યુ લોકનાં પ્રકાશને પણ ઢાંકી દે છે. તે વખતે મનુષ્ય હાહાકાર મચાવવા લાગે છે, પણ તે આગલી જ ક્ષણે છિન્ન ભિન્ન થવા લાગે છે અને પાછું આવતું પોતાને ઉત્પન્ન કરનારાને માટે દુઃખની પ્રતિક્રિયા લાવીને સંપૂર્ણ ત્યાં જ વિલીન થઇ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ અધર્મ ભૂમિ પરથી ઉઠે છે, અંધકાર, અજ્ઞાન તથા સ્થૂલતામાંથી ઉત્પન્ન થાયછે. તે પોતાની સ્થૂલ શક્તિ, પશુ શક્તિને વધારતો રહી ચારે ગમ ફેલાય છે. પોતાના આ સ્થૂલ બળ દ્વારા તે પાપની સામે થનારા સર્વ લોકોને દબાવી દે છે. એના આ દબાવી લેનારા સ્વભાવને લીધે ધીરે ધીરે સંસાર ભરમાં સર્વ ઠેકાણે એનોજ દુંદુભિ વાગવા માંડે છે, એનો જ સિક્કો ચાલવા લાગે છે. સંસારના મોટ મોટા દિવ્ય પુરૂષોનું, ઈશ્વરપરાયણ મહાત્માઓનું દિવ્ય તેજ પણ એના અંધકારની આગળ ઢંકાયલા જેવું થઇ જાય છે. તે વખતે સર્વ ભયભીત સાધારણ લોક ચૂંચાં કર્યા વગર એના અંધેર રાજ્યને ચલાવતાં રહેવામાં જ પોતાનું હિત અને પોતાનો સ્વાર્થ જુએ છે, તોપણ એ અંધારામાં તેઓ ઘણા બેચેન થતા જાય છે અને તેઓનો તે ગભરાટ વધતો જ જાય છે. એવે સમયે ઇશ્વરીય નિયમની અટલતા જોનારા વિરલા જ હોય છે, તેઓ ગભરાતા નથી, તેઓ પ્રસન્ન થાય છે કે, પાપ જેટલું વધારેમાં વધારે વધી શકે છે, તેટલું તે વધી ચૂકયું છે અને હવે એનો વિનાશ કાળ પાસે આવ્યો છે. અધર્મના ખોખરા આધાર પર ઉભો કરેલો તે પાપનો તમામ ઠાઠ તો ઉંચેથી પડે જ છે, પોતાના બોજાને લીધે સ્વયમેવ પડે જ છે, પણ તે પોતાને ખડો કરનારાને સંતાપ દેતો રહીને પડે છે. તે ઉંચેથી પાછો આવીને એના જ પર પડે છે અને એને સાથે લેઇને જમીનદોસ્ત થઇ જાય છે.

હે મનુષ્યો, આ સંસારમાં વિજય તો સતનો, પુણ્યનો જ થઈ રહ્યો છે, માટે જ કહેવાય છે કે, ધર્મે જે અને પાપે ખે.

શબ્દાર્થ.

(**असत्**) પાપ, અધર્મ (**भूम्याः**) ભૂમિપરથી (**समभवत्**) ઉત્પન્ન થાય છે અને (**तत्**) તે (**महत् व्यचः**) બહુ ભારે રૂપમાં અંતરિક્ષમાં ફેલાઇ જઇને (**द्यां पति**) દ્યુ લોક સુધી ચઢી જાય છે, પણ (**ततः**) ત્યાંથી, એટલું વધીને પણ (**तत्**) તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપ (वै) નિઃસંદેહ (विधूवायत्) કર્તાને સંતાપ દેતું રહી (प्रत्यक्) એના તરફ પાછું આવીને (कर्तारं) પાપ કરનારા પર જ (ऋच्छतु) પડે છે.

(३) तपो ष्वग्ने अन्तराँ अमित्राँ
तपा शंसमररुषः परस्य ।
तपो वसो चिकितानो अचित्तान्
वि ते तिष्ठन्तामजरा अयासः ॥

ઋ૦ ૩-૧૮-૨

અર્થ = હે અગ્ને, (अन्तरान् अमित्रान्) ઘરમાં પેદા થઇ આરોગ્ય બગાડનાર ભેજને (तप उ) સૂકવી નાંખ એટલે દૂર કર. (परस्य) શત્રુભૂત એટલે હાનિકારક (अररुषः) અંધકારના (शसं) અસ્તિત્વને (तपा) નષ્ટ કર. (वसो) હે અગ્ને, (चिकितानः) પ્રજ્વલિત થઇ (अचित्तान) ચિત્તશૂન્ય, રોગ ફેલાવનારાં મચ્છર વગેરે જંતુઓનો (तप उ) નાશ કર. (ते) તારો મિત્રભૂત (अजराः) આરોગ્ય વર્ધક (अयासः) ગમનશીલ વાયુ (वि तिष्ठन्ताम्) આ ઘરમાં આવે અને રહે.

અગ્નિને પ્રજ્વલિત કરવાથી, વાયુનું આવવું જવું સ્વાભાવિક અને પ્રત્યક્ષ છે. ઘરમાં અગ્નિને સળગાવવાથી શો શો લાભ થાય છે, તેનો આ મંત્રમાં ઉપદેશ કરેલો છે. જે ઘરમાં અગ્નિને સળગાવવામાં નથી આવતો, તે ઘરમાં નીચે જણાવેલ ચાર પ્રકારનાં આરોગ્યનાશક દૂષણ ઉત્પન્ન થાય છેઃ-(૧) ગરમી નહીં પહોંચવાથી ભેજ, (૨) પ્રકાશ નહીં પહોંચવાથી અંધકાર, (૩) ભેજ અને અંધકાર રહેવાથી મચ્છર વગેરે જંતુઓ ઉત્પન્ન થઇ રોગને ફેલાવે છે, (૪) એવા ઘરમાં વાયુ આવ જાવ કરી શકતો નથી. આ ચાર પ્રકારનાં દૂષણ અગ્નિને સળગાવવાથી દૂર થઈ જાય છે, એટલા માટેજ પ્રાચીન ઋષિ લોકો નિત્યપ્રતિ હવન કરતા અને આવસ્થ્ય વા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૃહ્યાગ્નિ સર્વદા પ્રજ્વલિત રાખતા હતા અને એ અગ્નિ કદી પણ ઓલાઇ જાય નહીં એ માટે માણુસ અત્યંત સાવધાન રહે, એ માટે તો શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્તનું વિધાન કરી ગયા છે. ગૃહશોધનનો આ સર્વસુલભ ઉપાય છે, જેનો લાભ રાજાથી માંડી છેક રંક પ્રર્યન્ત માણુસ સરખી રીતે લેઇ શકે તેમ છે, કારણુ કે આમાં કંઇ પણુ પ્રકારનો મોટો વ્યય નથી. દાકતરોએ બતાવેલા ગૃહશોધક પદાર્થો તો બહુ મૂલ્યવાળા હોવાથી સામાન્ય માણુસ તેનો લાભ લઇ શકે તેમ નથી, અને વળી તે પદાર્થો (જેવા કે ફિનાઇલ વગેરે) દુર્ગન્ધ ફેલાવનારા હોઇ મસ્તકને હાનિકારક પણુ છે. વળી પ્રાચીન ઋષિઓએ અગ્નિમાં આહુતિ આપવાનું પણુ રાખ્યું છે, તેનું મુખ્ય કારણુ એ છે કે, ઉપર જણાવેલાં દૂષણો જલદીથી નાશ પામે અને સાથે સાથે સુગંધથી આનંદ પણુ થાય, કારણુ કે આહુતિની સામગ્રીમાં જટામાંસી, કપુર, ચંદન વગેરે સુગંધી પદાર્થો અને ઘીને ગણુાવેલા છે. તે સુગંધી વસ્તુઓ પુસ્તકનાં પાનાંમાં રાખવાથી પણુ તેમાં કીડાં વગેરે ઉત્પન્ન થતાં નથી, તેમજ પાનાં બિલકૂલ બગડતાં પણુ નથી. વળી ઘી જેવો વિષનાશક બીજો એક પણુ પદાર્થ નથી. હેફ્કીન કે જેણે મરકીની રસી શોધી કાઢી છે, તે કહે છે કે, મરકીનું વિષ એવું કાતીલ છે કે, તે દરેક પદાર્થમાં દાખલ થઈ જાય છે, પરંતુ ઘીમાં નાંખતાં તે વધવાને બદલે ઓછું થયેલું મને માલમ પડયું છે. સુશ્રુત નામના વૈદક ગ્રંથમાં વિષનાશક પદાર્થોની ટીપમાં ઘીને ગણુાવેલું છે. આ વાત આપણા પૂર્વજો અસંખ્ય વરસોથી જાણુતા આવ્યા છે અને તે વાત હેફ્કીને માત્ર હાલજ શોધી કાઢી છે. તો આરોગ્યની રક્ષાના અભિલાષી આર્યસંતાને નિત્યનિરંતર સાંજ સવાર પોતાના ઘરમાં વૈશ્વદેવ કરવાની પ્રથા ચાલુ કરવી, જેથી બે લાભ તેને થશે—એક તો શ્રીસચ્ચિદાનંદ પરમાત્માની ભક્તિ થશે અને બીજું ઘરમાંથી હાનિકારક હવા જંતુઓનો નાશ થઇ આરોગ્યરક્ષણુ થશે.

Gurukula Library
Kangri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાજિક પ્રાર્થના

(૪) आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायतामा राष्ट्रे,
राजन्यः शूर इषव्योऽतिव्याधी महारथो जायतां,
दोग्ध्री धेनुः, वोढाऽनड्वान्, आशुः सप्तिः,
पुरन्धिः योषा, जिष्णुः रथेष्ठाः, सभेयो युवा
अस्य यजमानस्य वीरो जायतां, निकामे निकामे
नः पर्जन्यो वर्षतु, फलवत्यो नः ओषधयः
पच्यन्तां, योगक्षेमो नः कल्पताम् ॥

યજુઃ ૨૨–૨૨

અર્થ=હે (ब्रह्मन्) સર્વવ્યાપક પરમાત્મન, તારી કૃપાથી, (राष्ट्रे) અમારા દેશમાં અને રાજ્યમાં, (ब्रह्मवर्चसी) બ્રહ્મતેજને ધારણ કરવાવાળા, યજ્ઞાધ્યયનશીલ, (ब्राह्मणः) બ્રાહ્મણો (आजायतां) ઉત્પન્ન થાઓ, અને (राजन्यः) ક્ષત્રિય લોકો એવા પ્રકારના (आजायतां) પાકો કે, તેઓ (शूरः) પરાક્રમી હોય, (इषव्यः) બાણુવિદ્યામાં એટલે શસ્ત્રઅસ્ત્રવિદ્યામાં નિપુણ હોય, તથા (अति-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

व्याधी) શત્રુઓને સારી પેઠે છેદનભેદન કરી દંડ દેનારા હોય, તથા (**महारथः**) મહાયોદ્ધા હોય, (**धेनुः**) ગાયો (**दोग्ध्री**) દૂઝણી હોય, (**सप्तिः**) ઘોડા (**आशुः**) તેજી, ઝડપથી ચાલનારા હોય, (**अनड्वान्**) બળદો (**वोढा**) બોજો લેઈ જવામાં સમર્થ હોય, (**योषा**) સ્ત્રીઓ (**पुरन्धिः**) સર્વગુણસંપન્ન અને ઘરકામમાં ચતુર હોય, (**रथेष्ठाः**) રણસંગ્રામને ચાહનારા, યોદ્ધાઓ (**जिष्णुः**) વિજયી હોય. (**अस्य यजमानस्य**) યજ્ઞાદિ દ્વારા લોકમાત્રને સુખ આપનાર આ યજમાન રાજાનો પુત્ર (**युवा**) સમર્થ, ઉત્સાહભરેલો, (**सभेयः**) સભ્ય, સભાચતુર તથા (**वीरः**) શૂરવીર (**आजायतां**) નીવડો. (**नः राष्ट्रे**) અમારા રાજ્યમાં (**पर्जन्यः**) વરસાદ (**निकामे निकामे**) જ્યારે જોઇએ ત્યારે અને મનમાન્યો (**वर्षतु**) વરસો. (**नः ओषधयः**) અમારાં ધનધાન્ય અને વનસ્પતિ (**फलवत्यः पच्यन्तां**) સરસ પુષ્કળ ફળોવાળી થઇ પાકો. (**नः**) અમારામાં (**योगक्षेमः कल्पतां**) અપ્રાપ્ત પદાર્થની પ્રાપ્તિ કરવાનું અને પ્રાપ્તની રક્ષા કરવાનું સામર્થ્ય આવો.

કોઇ પણ દેશના વા રાજ્યના અભ્યુદયને માટે જેટલા પદાર્થોની અત્યાવશ્યકતા છે, તે બધાની પ્રાર્થનાનો ઉપદેશ, શ્રી વિદ્યાર્કપ્રકાશક, પરમૈશ્વર્યદાયક, સામ્રાજ્યપ્રસારક ઈશ્વરે આ મનોહર વેદમંત્રમાં કરેલો છે. પ્રત્યેક આર્યસન્તાને નિત્ય પ્રતિ શુદ્ધ ચિત્તથી શ્રી પરેશ પરમાત્માને પ્રાર્થના કરતા રહી, એ પદાર્થોની પ્રાપ્તિને માટે મહાન પ્રયત્ન કરવો જોઇએ.

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार
१२,८३२

पुस्तक वितरण की तिथि नीचे अङ्कित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल काँगड़ी, हरिद्वार

१५ग
८

१५,८३२

Date	No.	Date	

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

D

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar